અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


31 DECEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 180 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ટ્રમ્પે કહ્યું- ઈરાન પર ફરી હુમલો કરીશું : ફરીથી ન્યુક્લિયર પ્રોગ્રામ શરૂ ન કરે, હમાસને પણ જલદી હથિયાર....

4

31/12ની ન્યુ યર પાર્ટી માંથી માધવીને કોણે આબાદ બચાવી લીધી? અને શું કામ?

6

શાન મસૂદે સેહવાગનો 19 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો : પાકિસ્તાનમાં સૌથી ઝડપી ફર્સ્ટ-ક્લાસ બેવડી સદી ફટકારી

7

શેરબજારમાં ફ્લેટ કારોબાર: સેન્સેક્સ 20 પોઈન્ટ ઘટીને 84,675 પર આવ્યો, ઓટો, મેટલ સેક્ટરમાં ખરીદી

## ઉત્તરાખંડમાં મુસાફરોથી ભરેલી બસ ખીણમાં ખાબકી, 7ના મોત

### 11ની હાલત ગંભીર, SDRF ટીમની બચાવ કામગીરી, ગંભીર રીતે ઘાયલોને રામનગર ખસેડાયા



**અલ્મોડા, તા.30**

ઉત્તરાખંડના અલ્મોડામાં સવારે મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી હતી. જેમાં સાત લોકોના મોત થયા છે અને 11 અન્ય લોકોની હાલત ગંભીર છે. બસ રામનગર તરફ જઈ રહી હતી ત્યારે ભીખિયાસૈન-વિનાયક રોડ પર ડ્રાઈવરે અચાનક કાબુ ગુમાવ્યો હતો.

અકસ્માતમાં ઘણા મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હોવાની આશંકા છે. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ, વહીવટીતંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. મુશ્કેલ પર્વતીય ભૂપ્રદેશને કારણે, બચાવ અને રાહત કામગીરીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

ઘાયલોને ખીણમાંથી બહાર કાઢવા અને નજીકની હોસ્પિટલમાં લઈ જવાના પ્રયાસો હાલમાં ચાલુ છે. અધિકારીઓ અકસ્માતની વિગતો અને ઘાયલોની સંખ્યાની સત્તાવાર પુષ્ટિની રાહ જોઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ, ભીકિયાસૈન-વિનાયક-જલ્લી મોટરવે પર શિલાપની નજીક આ અકસ્માત થયો હતો. બસ ભીકિયાસૈનથી રામનગર જઈ રહી હતી અને દ્વારહાટથી નીકળી હતી. રસ્તામાં બસે કાબુ ગુમાવ્યો અને ઊંડી ખીણમાં પડી ગઈ. પ્રાથમિક માહિતી મુજબ આ અકસ્માતમાં 7 લોકોના મોત થયા છે. બસમાં કુલ 15થી વધુ મુસાફરો સવાર હતા. ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને ભીકિયાસેનની નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અકસ્માત થયેલી બસ (UK 07PA4025) રામનગર સ્થિત કુમાઉ મોટર ઓનર્સ યુનિયન (KMOU) લિમિટેડની હતી. બસ સવારે 11 વાગ્યે દ્વારહાટ નોબારા પહોંચવાની હતી. આ દરમિયાન, શૈલાપાની નજીક ડ્રાઈવરે અચાનક બસ પરનો કાબુ ગુમાવ્યો હતો.

## કોલકાતાથી અમિત શાહનો હુંકાર, મમતા ઘૂસણખોરી રોકી શકતા નથી : અમિત શાહ

### ભાજપ 2026માં પ્રચંડ બહુમતથી બંગાળમાં સરકાર બનાવશે

**કોલકાતા, તા.30**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં મમતા સરકાર ઘૂસણખોરી રોકી શકતી નથી. જો રાજ્યમાં ભાજપ સરકાર બનશે તો અહીં પક્ષી પણ પાંખ નહીં મારી શકે. શાહના પ્રવાસનો આજે બીજો દિવસ છે. તેઓ અહીં રાજ્યમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓને લઈને પહોંચ્યા છે. તેમણે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે TMCના 15 વર્ષના શાસનમાં લોકો ભયભીત છે. અમિત શાહે કહ્યું કે આગામી વિધાનસભા ચૂંટણી પછી પશ્ચિમ બંગાળમાં વિકાસની ગંગા વહેશે, કારણ કે TMCના શાસનમાં બંગાળનો વિકાસ અટકી ગયો છે. મોદી સરકાર દેશમાં ગરીબીનું નિર્મૂલન કરી રહી છે. બંગાળમાં તમામ યોજનાઓ ડેડ એન્ડ પર પહોંચી ગઈ છે.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાનો કાર્યકાળ 7 મે 2026 સુધીનો છે. ચૂંટણી માર્ચ-એપ્રિલ 2026માં યોજાવાની



લગભગ નિશ્ચિત છે. અહીં કુલ 294 બેઠકો છે, TMCની સરકાર છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી છે.

બંગાળમાં ઘૂસણખોરી પર: બંગાળની જનતા ઘૂસણખોરોથી ત્રસ્ત છે. કોઈ સરકાર એવી હોઈ શકે કે જે ઘૂસણખોરોની આશ્રયદાતા બને. આ રાષ્ટ્રની સુરક્ષા સાથે ચેડાં છે. આ બંગાળ નહીં, આખા દેશની સુરક્ષાનો મામલો છે. તેને ફક્ત રાષ્ટ્રવાદી સરકાર એટલે કે ભાજપની સરકાર જ નક્કી કરી શકે છે.

મહિલા સુરક્ષા પર: બંગાળ સરકાર મહિલાઓને તેમનો અધિકાર આપવામાં નિષ્ફળ રહી છે. સંદેશખાલી, આરજી કર સહિત અન્ય પણ મામલાઓ છે. મમતા સરકાર તેમને સુરક્ષા આપવામાં નિષ્ફળ રહી છે.

હિંદુઓની સ્થિતિ પર: હવે મલમ લગાવવાથી કંઈ થતું નથી. બંગાળના હિંદુઓના દિલ પર ગંભીર ઘા થઈ ગયો છે. હવે મમતા સરકારના જવાનો સમય થઈ ગયો છે. જનતા પણ ઈચ્છે છે કે આપણે આ સાંપ્રદાયિક સરકારને હટાવી દઈએ.

2026ની ચૂંટણીમાં જીત પર: 2026ની બંગાળની ચૂંટણીમાં અમારી સરકાર બનશે. તેનો મજબૂત આધાર અમારી પાસે છે. ભાજપ પ્રચંડ જીત સાથે સરકાર બનાવશે.

PM મોદીના વિરોધ પર: બંગાળમાં PM વિરોધી માનસિકતા ફેલાવી રહી છે. કોઈપણ રાજ્યમાં PM જાય છે ત્યારે તેઓ PM હોય છે. PM જ્યારે અહીં આવે છે ત્યારે મમતા સ્ટેજ પર આવતા નથી. બંગાળના ખેડૂતોના 10 હજાર કરોડ રૂપિયા બંગાળ સરકારની ખામીને કારણે પાછા ગયા. બંગાળ સરકારે આયુષ્માન યોજના લાગુ કરી નથી. બંગાળના વિકાસ પર: સૌથી પહેલું મોટરખાનું, સ્ટીલ પ્લાન્ટ, હાઈરાઈઝ બિલ્ડિંગ, બે પોર્ટ, આધુનિક યુનિવર્સિટી પણ બંગાળમાં છે.

## મુંબઈમાં બસે ફૂટપાથ પર 13 લોકોને કચડ્યા: 3 મહિલા સહિત 4નાં મોત...

### 9 ઘાયલ, રિવર્સ લેતી સમયે બસે કંટ્રોલ ગુમાવ્યો, બસચાલક કસ્ટડીમાં

**મુંબઈ, તા.30**

મુંબઈના ભાંડુપમાં સ્ટેશન રોડ પર સોમવાર મોડીરાત્રે એક બસ અનેક રાહદારીઓને કચડી નાખ્યા. અકસ્માતમાં 3 મહિલા સહિત 4 લોકોના મોત થયા છે. 9 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મુંબઈ પોલીસે જણાવ્યું કે અકસ્માત રાત્રે 9:35 વાગ્યે બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (BEST)ની બસથી થયો. શરૂઆતી માહિતી મુજબ, BESTની બસ રિવર્સ લેતી વખતે બેકાબૂ થઈ ગઈ અને રસ્તા પર હાજર રાહદારીઓને કચડી નાખ્યા. અકસ્માત બાદ બસ ચાલકને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો છે. ઘટના બાદ એમ્બ્યુલન્સ, મુંબઈ ફાયર બ્રિગેડ અને BESTની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પીડિતોને તાત્કાલિક એમ્બ્યુલન્સની મદદથી રાજવાડી અને એમ.ટી. અગ્રવાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં 4 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. મૃત્યુઆંક વધવાની આશંકા છે. બસ એક વીજળીના થાંભલા સાથે પણ અથડાઈ હતી, જેના કારણે તે પડી ગયો હતો. આનાથી ઘટનાસ્થળે



નાસભાગ મચી ગઈ હતી. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે.

ડીસીપી હેમરાજ સિંહ રાજપૂતે જણાવ્યું કે બસ ચાલક વિરુદ્ધ FIR નોંધવાની પ્રક્રિયા ચાલી રહી છે. બસની મિકેનિકલ અને ટેકનિકલ તપાસ કરવામાં આવશે. તપાસ પૂરી થયા પછી જ અકસ્માતનું અસલી કારણ સ્પષ્ટ થઈ શકશે.

અકસ્માતમાં સામેલ મધ્યમ કદની બસ 'વેટ લીઝ' મોડલ પર ઓલેક્ટ્રા ગ્રીનટેક પાસેથી લેવામાં આવી હતી. શરૂઆતી માહિતી મુજબ, અકસ્માત સમયે BESTનો જ ચાલક બસ ચલાવી રહ્યો હતો. અકસ્માતના એક કલાક બાદ પણ BESTના કોઈ અધિકારી તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નહોતી.

એક સિનિયર સિવિક અધિકારીએ જણાવ્યું કે આ વર્ષની શરૂઆતમાં ભાંડુપ સ્ટેશનથી સંજય ગાંધી નેશનલ પાર્ક સુધી, ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોને જોડતા રસ્તાઓ પરથી મિની બસો હટાવી લેવામાં આવી હતી. બસોની અછતને કારણે, BESTએ મર્યાદિત ટર્નિંગ રેડિયસ જેવી ઓપરેશનલ મુશ્કેલીઓ હોવા છતાં ભાંડુપ સ્ટેશનના રૂટ્સ પર ઓલેક્ટ્રાની મિડી બસો શરૂ કરી હતી.

BEST મુંબઈમાં પબ્લિક બસ ટ્રાન્સપોર્ટની પ્રમુખ સર્વિસ છે, જે શહેર અને ઉપનગરીય વિસ્તારોને જોડે છે. તેની પાસે અંદાજે 2,700-3,200 થી વધુ બસો છે. જેમાં સામાન્ય, લિમિટેડ, એસી અને ઈલેક્ટ્રિક બસોનો સમાવેશ થાય છે. BEST બસ સેવા બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) ને આધીન છે.

## ભારતીય સેનાના ધ્રુવ-NG હેલિકોપ્ટરમાં સામાન્ય નાગરિકો મુસાફરી કરશે

### ઉડ્ડયન મંત્રી નાયડુએ લીલી ઝંડી આપી, મેડિકલ ઈમરજન્સી, પર્યટન અને આપત્તિઓમાં ઉપયોગ થશે

**બેંગલુરુ, તા.30**

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ મંગળવારે નેક્સ્ટ જનરેશન સિવિલ હેલિકોપ્ટર ધ્રુવ NGને લીલી ઝંડી આપી હતી. તેને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા બનાવવામાં આવ્યું છે. HALથી ઉડાન ભરતા પહેલા, મંત્રી હેલિકોપ્ટરની સિસ્ટમ અને સુવિધાઓ વિશે માહિતી મેળવવા માટે પાયલટ સાથે કોકપિટમાં પણ બેઠા હતા.

અધિકારીઓના મતે, ધ્રુવ NG એક અત્યાધુનિક 5.5-ટન, હળવું ટ્વીન-એન્જિન, મલ્ટી-રોલ હેલિકોપ્ટર છે જેને ભારતીય ભૂપ્રદેશની વિવિધ અને મુશ્કેલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

ધ્રુવ હેલિકોપ્ટર અત્યાર સુધી માત્ર સશસ્ત્ર દળોની જરૂરિયાતો પૂરી કરતું હતું. હવે સામાન્ય નાગરિકો પણ તેમાં મુસાફરી કરી શકશે. તેનો ઉદ્દેશ્ય મેડિકલ ઈમરજન્સી, પર્યટન, દૂરના વિસ્તારોની કનેક્ટિવિટી અને આપત્તિ રાહત જેવા ક્ષેત્રોમાં હેલિકોપ્ટર સેવાઓને પ્રોત્સાહન આપવાનો છે.

આ પહેલા, ભારતીય સેના ધ્રુવ



હેલિકોપ્ટરનો ઉપયોગ પર્વતો, રણ અને દરિયાઈ વિસ્તારોમાં તેના ઓપરેશન માટે કરતી હતી.

HAL ઝડપથી વધી રહેલા સિવિલ અને યુટિલિટી હેલિકોપ્ટર બજાર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સૂત્રો અનુસાર, એર એમ્બ્યુલન્સ, ઓફશોર ઓપરેશન્સ, આપત્તિ રાહત અને પ્રાદેશિક કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં માંગ વધી રહી છે. આને ધ્યાનમાં રાખીને, સરકારી એરોસ્પેસ કંપની સૈન્ય પ્લેટફોર્મથી આગળ પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરવા માંગે છે.

ધ્રુવ-NG ની પ્રથમ ઉડાનને ભારતના સ્વદેશી રોટરી-વિંગ વિમાન કાર્યક્રમમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. આ સાથે, તેને સિવિલ એવિએશન માર્કેટમાં HALની લાંબા ગાળાની વ્યૂહરચનાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે.

ભારતમાં સિવિલ હેલિકોપ્ટરની સંખ્યા ઘણી ઓછી છે. સમગ્ર દેશમાં હાલમાં લગભગ 300 થી 400 સિવિલ હેલિકોપ્ટર જ કાર્યરત છે. તેની સરખામણીમાં અમેરિકામાં 12,000થી વધુ નાગરિક હેલિકોપ્ટર છે.

બ્રાઝિલ જેવા નાના દેશમાં પણ લગભગ 2,500 હેલિકોપ્ટર છે, જ્યારે ચીનમાં 1,200થી વધુ સિવિલ હેલિકોપ્ટર કાર્યરત છે. મોટી વસ્તી અને ભૌગોલિક વિસ્તારને જોતાં ભારતમાં આ સેક્ટરના વિકાસની ઘણી શક્યતાઓ છે.

## મમતા બોલ્યા- મારા ઈદમાં જવા પર સવાલ, ગુરુદ્વારા પર મૌન : કોલકાતામાં 15 એકરમાં બનનારા દુર્ગા મંદિરનો શિલાન્યાસ કર્યો, ભાજપે તેને રાજકીય પ્રોપેગેન્ડા ગણાવ્યો......

**કોલકાતા, તા.30**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે કોલકાતાના ન્યૂ ટાઉનમાં 'દુર્ગા આંગણ'નો શિલાન્યાસ કર્યો. આ દેશનો સૌથી મોટો દુર્ગા મંદિર પરિસર હશે. જે 15 એકરમાં બનીને તૈયાર થશે. આ મંદિરમાં રોજ 1 લાખ શ્રદ્ધાળુઓ દર્શન કરી શકશે. મંદિર પરિસરનો શિલાન્યાસ કર્યા પછી મમતાએ જનતાને સંબોધિત કર્યા. પોતાના પર લાગેલા તુષ્ટિકરણના આરોપોનો જવાબ આપ્યો. મમતાએ કહ્યું- ઘણા લોકો કહે છે કે હું તુષ્ટિકરણ કરી રહી છું પરંતુ હું સેક્યુલર છું અને બધા ધર્મોમાં વિશ્વાસ કરું છું. મને બંગાળથી પ્રેમ છે, મને ભારતથી પ્રેમ છે. આ જ અમારી વિચારધારા છે.

મમતાએ આરોપ લગાવનારનું નામ ન જણાવ્યું પરંતુ વિપક્ષી ભાજપ અવારનવાર તેમના પર મુસલમાનોને ખુશ કરવાનો આરોપ લગાવતી રહી છે. આના પર મમતાએ કહ્યું કે જ્યારે હું ગુરુદ્વારે જાઉં છું ત્યારે તમે કંઈ કહેતા નથી, પરંતુ જ્યારે હું ઈદના કાર્યક્રમમાં જાઉં છું ત્યારે મારી ટીકા કરવા લાગો છો. આ બરાબર નથી.

આના પર ભાજપના નેતા નિશીથ પ્રમાણિકે કહ્યું કે, મમતા બેનર્જી હંમેશા બેવડી રાજનીતિ કરે છે. આ બંને મુદ્દાઓ (દુર્ગા આંગણ અને બાબરી મસ્જિદ) રાજકીય પ્રચારના સ્વરૂપો છે. હુમાયુ કબીર અને મમતા બેનર્જી એક જ સિક્કાની બે બાજુઓ છે. દરેક વ્યક્તિનો પોતાનો લોકતાંત્રિક અધિકાર: મમતાએ આગળ કહ્યું કે દરેક વ્યક્તિનો પોતાનો લોકતાંત્રિક અધિકાર છે. હું કેન્દ્ર સરકાર પાસેથી ગંગાસાગરમાં એક પુલ બનાવવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ હવે હું તેને જાતે બનાવીશ. હું 5 જાન્યુઆરીએ શિલાન્યાસ કરીશ અને આગામી બે વર્ષમાં પુલ જનતા માટે તૈયાર થઈ જશે. જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં અમે સિલીગુડીમાં મહાકાલ મંદિરનો શિલાન્યાસ કરવા જઈ રહ્યા છીએ.



# સાણંદના કલાણા ગામે જૂથઅથડામણમાં પથ્થરમારો

## પોલીસ કાર્યવાહીના ડરથી મોટાભાગના ઘરોને ખંભાતી તાળાં, ખેતરોમાં છુપાયેલાને ડ્રોનથી પકડ્યા, 42 શંકાસ્પદ રાઉન્ડ અપ





**અમદાવાદ, તા.30**

સાણંદ તાલુકાના કલાણા ગામમાં જૂની અદાવતને પગલે બે જૂથો વચ્ચે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સોમવાર રાત્રિના પથ્થરમારાની ઘટના બાદ મામલો શાંત પડ્યો હતો. પરંતુ, મંગળવારે સવારે ફરી બંને જૂથો આમને સામને આવી જતા પથ્થરમારો શરૂ થતા ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પથ્થરમારામાં અનેક ગાડીઓના કાચ તૂટી ગયા હતા અને રસ્તાઓ પર ઈંટોના ટુકડાઓનો ખડકલો જોવા મળ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા SP અને DySP સહિતનો મોટો પોલીસ કાફલો ગામમાં ઉતારી દેવામાં આવ્યો હતો. પોલીસે ઘટનામાં 42 લોકોને રાઉન્ડ અપ કર્યા છે.

પથ્થરમારાની ઘટના બાદ પોલીસની કડક કાર્યવાહીના ડરથી કલાણા ગામના મોટાભાગના લોકોના ઘર ખાલી જોવા મળ્યા હતા. ગામના ઘરોમાં 'ખંભાતી તાળા' લટકતા અને આખું ગામ ખાલીખમ જોવા મળ્યું હતું. પોલીસે ગામમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું ત્યારે ડ્રોન કેમેરાની મદદ લેવામાં આવી હતી. ડ્રોનમાં જે લોકો પોલીસથી બચવા માટે ગામની સીમમાં અને ખેતરોમાં છુપાઈને સૂતા હતા તેમને પકડી પાડ્યા હતા.

અમદાવાદ ગ્રામ્ય પોલીસે આ હિંસક ઘટનામાં સંડોવાયેલા 42 જેટલા શંકાસ્પદ લોકોને રાઉન્ડ અપ કર્યા છે. જે ઘરો અને ધાબા પરથી પથ્થરમારો કરવામાં આવ્યો હતો, ત્યાં પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પોલીસે ગામમાં લાગેલા સીસીટીવી કેમેરાના DVR પણ કબજે કર્યા છે. હાલ ગામમાં 80થી વધુ પોલીસ જવાનો ચુસ્ત બંદોબસ્ત સાથે ખડેપગે છે જેથી સ્થિતિ વધુ ન બગડે. ગામના પ્રવેશદ્વાર પર બેરિકેટિંગ લગાવવામાં આવ્યા છે, જ્યાંથી અંદર આવનાર લોકોનું ચેકિંગ કરવામાં આવશે.

'પાણીના ભાવે જમીન આપીને પણ હક્ક માટે પરવાનગી લેવી પડે'

# પાટનગર માટે જમીન આપનાર ખેડૂતોનું 11 દિવસીય પ્રતીક ઉપવાસનું એલાન, ભોગવટા હક્ક અને સરદાર સરોવર લાભોની માગણી.....



**ગાંધીનગર, તા.30**

ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા આજથી 11 દિવસીય પ્રતિક ઉપવાસનું એલાન કરવામાં આવ્યું હતું. જોકે, પોલીસ તંત્ર દ્વારા આ આંદોલનની મંજૂરી આપવામાં આવી ન હતી તેમછતાં પણ પાટનગર માટે જમીન આપનાર ખેડૂતોએ સેક્ટર-6 સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયા હતા અને પોતાની લાંબા સમયની પડતર માંગણીઓને લઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

પાટનગર માટે જમીન આપનાર ખેડૂતોએ સેક્ટર-6 સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયા હતા. અસરગ્રસ્તોનો આક્ષેપ વિરોધ કરી રહેલા ગ્રામજનોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ સાથે અનેક બેઠકો યોજાઈ છે. ખુદ મુખ્યમંત્રીએ જે-તે સમયે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હોવા છતાં તંત્ર દ્વારા ફાઈલો પર કોઈ નક્કર અમલવારી કરવામાં આવી નથી.

વર્ષ 2016ના મહેસૂલ વિભાગના પરિપત્રો પણ માત્ર કાગળ પર રહી ગયા હોવાનો ગ્રામજનોએ દાવો કર્યો છે. ધોળાકૂવા, પાલજ, ઈન્દ્રોડા, શાહપુર, બાસન અને બોરીજ સહિતના ગામોના રહીશોની માંગણીઓ મુજબ વર્ષોથી જે મકાનોમાં રહીએ છીએ, તેના ભોગવટા હક્ક તાત્કાલિક નિયમિત કરવામાં આવે. મૂળ નિવાસીઓને પ્લોટ અથવા રહેણાંકના આવાસોની ફાળવણી કરવી.સરદાર સરોવર યોજનાના અસરગ્રસ્તોને મળતા તમામ લાભો આ 7 ગામોને પણ આપવામાં આવે. ફાળવાયેલી 'ચીપ ટાઈપ'ની દુકાનોને ભાડા પદ્ધતિમાંથી મુક્ત કરી માલિકી હક્ક આપવો.

આંદોલનની રણનીતિ મુજબ 9 જાન્યુઆરી, 2029 સુધી દરરોજ દરેક ગામમાંથી 5-5 પ્રતિનિધિઓ પ્રતીક ઉપવાસ પર બેસવાના હતા પરંતુ, તંત્રએ પરવાનગી ન આપતા ખેડૂતો રોષે ભરાયા છે. ખેડૂતોનું કહેવું છે કે, પાણીના ભાવે જમીન આપ્યા પછી હવે હક્ક માંગવા માટે પણ પરવાનગી લેવી પડે તે દુર્ભાગ્યપૂર્ણ છે.

# ચારુસેટના 'સાયન્સ મંથન'ની 11મી સીરીઝ સંપન્ન: 750થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો....

**આણંદ, તા.30**



ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન પી.ડી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ (PDPIAS) દ્વારા આયોજિત 'સાયન્સ મંથન'ની 11મી સીરીઝ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. આ કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીઓમાંથી 750થી વધુ અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ સીરીઝમાં વિજ્ઞાનને સર્જનાત્મકતા સાથે જોડવાના પ્રયાસરૂપે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાયન્ટૂન, સાયન્ટિફિક પોસ્ટર પ્રેઝન્ટેશન, વર્કિંગ મોડલ્સ, માય વિઝન: સાયન્સ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, સ્ટેન્ડ-અપ કોમેડી અને સાયન્ટિફિક રીલ્સ જેવી સ્પર્ધાઓનો સમાવેશ થાય છે.

ઉદ્ઘાટન સમારોહમાં દિલ્હી યુનિવર્સિટીના ઝૂઓલોજી વિભાગના બાયોકેમિસ્ટ્રી અને એન્ડોક્રાઈનોલોજીના પ્રોફેસર ડૉ. કે. મુરલીધર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 'સાયન્સ મંથન'ના કો-ઓર્ડિનેટર ડૉ. જાનકી ઠક્કરે થીમ રજૂ કરી હતી. PDPIASના પ્રિન્સિપાલ ડૉ. અભિષેક દઢાણીયાએ ચારુસેટના શિક્ષણ અને સંશોધનમાં યોગદાન વિશે માહિતી આપી. ફેકલ્ટી ઓફ સાયન્સીસના ડીન ડૉ. ગાયત્રી દવેએ પ્રો. કે. મુરલીધરને વિજ્ઞાન અને સંશોધનમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ 'સાયન્સ એક્સલન્સ એવોર્ડ' એનાયત કરવાની જાહેરાત કરી હતી.

આ એવોર્ડ કેળવણી મંડળના વાઈસ-પ્રેસિડેન્ટ અશોકભાઈ પટેલ દ્વારા પ્રો. કે. મુરલીધરને અર્પણ કરવામાં આવ્યો હતો. પ્રો. કે. મુરલીધરે 'સાયન્સ મંથન 2025'માં 'વિજ્ઞાનમાં એથિક્સ અને વિજ્ઞાન માટે એથિક્સ' વિષય પર પ્રેરણાદાયી કીનોટ પ્રવચન આપ્યું હતું. ચારુસેટના પ્રોવોસ્ટ ડૉ. અતુલ પટેલ અને રજિસ્ટ્રાર ડૉ. બિનીત પટેલે 'સાયન્સ મંથન 2025'ના સફળ આયોજન માટે વિદ્યાર્થીઓ અને સ્ટાફના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

સમાપન સમારોહમાં વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને પ્રમાણપત્રો અને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના ઉત્કૃષ્ટ પ્રયાસો અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું. સૌથી વધુ વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ એક કોલેજને 'સાયન્સ એમ્બેસેડર એવોર્ડ' પણ એનાયત કરવામાં આવ્યો હતો.

# કિરીટ પટેલનો દંડક પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય મોકૂફ : કહ્યું- કોઈ પ્રેશર ટેકનીક નહોતી, ચાવડાએ યાત્રા બાદ યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી.....

**ગાંધીનગર, તા.30**




પાટણના ધારાસભ્ય અને કોંગ્રેસ પક્ષના દંડક કિરીટ પટેલે હાલ પૂરતું દંડક પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય મોકૂફ રાખ્યો છે. કિરીટ પટેલે સ્પષ્ટતા આપતા જણાવ્યું કે આ કોઈ પ્રેશર ટેકનીક નહોતી, પરંતુ પાર્ટીમાં થયેલી કેટલીક નિમણૂકો સામેનો ખુલ્લો વિરોધ હતો. 2017 અને 2022ની ચૂંટણીમાં તેમના વિરુદ્ધ કામ કરનારા લોકોને પ્રદેશ કક્ષાએ હોદ્દા આપવામાં આવ્યા હતા, જેના કારણે નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે રાધનપુરમાં બનેલા બનાવ તેમજ પાટણમાં થયેલી કેટલીક નિમણૂકો મુદ્દે તેમણે પાર્ટી નેતૃત્વ સમક્ષ રજૂઆત કરી હતી. રાધનપુરમાં પોતાના ભાષણને રોકવાનો પ્રયાસ થયો હોવાની ફરિયાદ સાથે SC સમાજની સ્ટેટ લેવલની નિમણૂકો અંગે પણ અસંતોષ વ્યક્ત કર્યો હતો.

કિરીટ પટેલના જણાવ્યા મુજબ, કોંગ્રેસના નેતા અમિતભાઈ ચાવડાએ યાત્રા પૂર્ણ થયા બાદ આ તમામ મુદ્દાઓ પર યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી છે. પાર્ટીમાં કોન્ફીડેન્શિયલ રિપોર્ટ માગવામાં આવ્યો ત્યારે તેમણે સંબંધિત લોકોના નામ આપ્યા હોવાનું પણ જણાવ્યું. પાર્ટી દ્વારા જ્યારે આ મામલે કાર્યવાહી કરવામાં આવશે, ત્યારે નામ જાહેર કરવામાં આવશે તેમ તેમણે સ્પષ્ટ કર્યું.

આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કિરીટ પટેલે હાલ પૂરતું દંડક પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય મોકૂફ રાખ્યો હોવાનું જણાવ્યું છે.

અગાઉ કિરીટ પટેલે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા રાધનપુરની અંદર જે બનાવ બન્યો હતો એ વ્યક્તિના વિરૂદ્ધમાં કોઈ એક્શન લેવામાં આવતા નથી તેમજ એસ. સી. સેલમાં જેમની નિમણૂક કરવામાં આવી તેમાં 2017 અને 2022ની અંદર અમારા વિરૂદ્ધ જે લોકોએ કામ કર્યા હતા, તેમજ PCCએ અમારી પાસે જે રિપોર્ટ માંગ્યો હતો તે રિપોર્ટમાં અમે જેના નામ આપ્યા હતા તેમને તમે જિલ્લા પંચાયતના સભ્ય બનાવી દો તેમને તમે પ્રદેશની અંદર હોદ્દા આપી દો, આ બાબત યોગ્ય નથી અને આ બાબતથી નારાજ થઈ મેં રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. તેમજ કોંગ્રેસ પક્ષમાં તો અમે રહેવાના જ છીએ પાટણની જનતાએ અમારા પર ભરોસો મુક્યો છે એ ભરોસો અમે કાયમ રાખીશું તેમજ જ્યાં સુધી હું ચાલુ ધારાસભ્ય છું ત્યાં સુધી કોંગ્રેસમાં રહેવાના છીએ.

SC મોરચામાં નિમણૂંકને લઈ કિરીટ પટેલે પ્રદેશ મોવડી મંડળને અલ્ટીમેટમ આપ્યું હતું. તેમણે પ્રદેશ મોવડી મંડળને ત્રણ વાગ્યા સુધીનું અલ્ટીમેટમ આપ્યું હતું. કિરીટ પટેલે કહ્યું હતું કે પ્રેશર પોલિટિક્સ ક્યારેય કર્યું નથી, કરવાના પણ નથી. 2017,2022માં મારા વિરૂદ્ધ કામ કરનારને પ્રમોશન કેમ?. પક્ષની કાર્યપદ્ધતિથી કાર્યકર્તાઓમાં જબરદસ્ત આક્રોશ જોવા મળી રહ્યો છે. અમારા વિરૂદ્ધ કામ કરનારાને સસ્પેન્ડ કરવામાં આવ્યા ન હતા. પક્ષ વિરોધી પ્રવૃતિ કરનારાને પ્રમોશનથી દુઃખ થયું છે. પદનો મને મોહ જ નથી, જનતાના પ્રશ્નો ઉઠાવતો રહીશ. દંડકનું પદ ન હતું ત્યારે પણ વિધાનસભામાં સૌથી વધુ પ્રશ્ન ઉઠાવતો હતો. ભાજપની જેમ કોંગ્રેસ કાર્યવાહી કરશે તો જ સંગઠન મજબૂત થશે. 2017માં મારા વિરૂદ્ધ કામ કરનારાની યાદીની માહિતી અપાઈ છે.

આ બાબતે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, અનુસુચિત જાતિ સેલમાં એક નિમણૂંકને લઈને સ્થાનિક વિવાદ થયો છે. એવું મારા ધ્યાન પર આવ્યું છે. અનુસૂચિત જાતિ ડિપાર્ટમેન્ટના ચેરમેનને મે કીધું છે કે બંનેને સાથે બેસાડીને સમાધાન થાય છે. એ અમારા ઘરનો મામલો છે. ઝડપથી સુલજાવી લઈશું.

# ઈન્કમટેક્સ ઓવરબ્રિજ પર બે સ્પાનને જોડતો ભાગ ખુલ્લી ગયો : ટુ વ્હીલરના અકસ્માત સર્જાવાની ભીતિ, ઈન્સપેક્સનને લઈ સવાલ ઉઠ્યા

**અમદાવાદ, તા.30**

અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા સુભાષ બ્રિજ પર તિરાડ અને સ્પાન બેસી જવાની ઘટનાને હજી એક મહિનો થયો નથી ત્યારે વધુ એક બ્રિજનો સ્પાનને જોડતો ભાગ ખુલી ગયો હોવાનું સામે આવ્યું છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઈન્કમટેક્સ ઓવરબ્રિજ પર જોઈન્ટ એક્સપાન્શનના બોલ્ટનો ભાગ ખુલી ગયો હોવાનું સામે આવ્યું છે. બ્રિજના ઈન્સ્પેક્શનની કામગીરી સામે મોટા સવાલ ઊભા થઈ રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દર 6 મહિને બ્રિજ ઈન્સ્પેક્શન કરાવે છે અને જેની પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે ઈન્કમટેક્સ બ્રિજમાં જોઈન્ટ એક્સપાન્શન ખુલી જતા અનેક સવાલો ઊભા થયા છે.

શહેરના ઈન્કમટેક્સ ઓવરબ્રિજ પર બે સ્પાનને જોડવા માટે જોઈન્ટ એક્સપાન્શન કરવામાં આવે છે. જે સ્પાન એક્સપાન્શન મજબૂત હોય છે. 6 વર્ષ પહેલા બનાવવામાં આવેલા ઈન્કમટેક્સ ઓવરબ્રિજ પરના જોઈન્ટ એક્સ્પાન્શનના ભાગમાં જે બોલ્ટ લગાવવામાં આવેલા છે તે ભાગ ખુલી ગયેલો જોવા મળ્યો છે. બ્રિજના મધ્ય ભાગની આગળના ભાગે આ બોલ્ટ ખુલી ગયા છે જેના કારણે થઈને ટુ વ્હીલર ચાલકોને અકસ્માત થાય તેવી પૂરી સંભાવના જોવા મળી રહી છે. જે ભાગમાં બોલ્ટ ખુલી ગયેલા છે તેના નીચેના ભાગે એક સામાન્ય તિરાડ પણ જોવા મળેલી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના પૂર્વ અને પશ્ચિમ



વિસ્તારમાં આવેલા તમામ ઓવર બ્રિજ અને અંડર બ્રિજના ઈન્સ્પેક્શન માટે બ્રિજ કન્સલ્ટન્ટ એજન્સીઓ પાસે ઈન્સ્પેક્શન કરાવવામાં આવે છે જેમાં વિઝ્યુઅલ ઈન્સ્પેક્શન અને ડિટેલમાં ઈન્સ્પેક્શન એમ બંને પ્રકારે ઈન્સ્પેક્શન થતા હોય છે ત્યારે બ્રિજ કન્સલ્ટન્ટ એજન્સીઓ દ્વારા જે ઈન્સ્પેક્શન કરાવવામાં આવે છે ત્યારે એજન્સી દ્વારા ઈન્કમટેક્સ ઓવરબ્રિજના જોઈન્ટ એક્સપાન્શન યોગ્ય નથી તે અંગે રીપોર્ટ આપવામાં આવ્યો હતો કે કેમ તે અંગે પણ સવાલ થઈ રહ્યા છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, ઈન્કમટેક્સ બ્રિજમાં એક બોલ્ટ ઢીલો થઈ જવાના કારણે આ જોઈન્ટ એક્સપાન્શનની બાબત સામે આવી હતી જેની રીપેરીંગ કામગીરી કરી દેવામાં આવી છે બીજના સ્ટ્રક્ચર કે અન્ય કોઈ જગ્યાએ ખામી નથી અને વાહન વ્યવહાર માટે ચાલુ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગના જણાવ્યા મુજબ ઈન્કમટેક્સ બ્રિજ ફિંગર ટાઈપ એક્સ્પાન્શન જોઈન્ટમાં જોવા મળેલ ખામી બ્રિજના સ્ટ્રક્ચરમાં ખામી નથી. બ્રિજના નિરીક્ષણ દરમિયાન એવું જોવા મળ્યું હતું કે ફિંગર ટાઈપ એક્સ્પાન્શન જોઈન્ટના બોલ્ટ લૂઝ થવાથી થવાથી જોઈન્ટ ખુલી ગયા છે. આ ખામી માત્ર એક્સ્પાન્શન જોઈન્ટ પૂરતી સીમિત છે અને તેના કારણે ફ્લાયઓવર બ્રિજની સલામતી કે સ્ટ્રક્ચર માં ખામી નથી. ફિંગર ટાઈપ એક્સ્પાન્શન જોઈન્ટના રીપેરીંગની કામગીરી, લૂઝ બોલ્ટની બદલી કરવાની તથા એક્સ્પાન્શન જોઈન્ટને એપોક્સી તથા માઈક્રો કંક્રીટ દ્વારા રિપેર કરવાની કામગીરી કરવામાં આવી છે. બ્રિજના ફિંગર ટાઈપ એક્સ્પાન્શન જોઈન્ટને બ્રિજ બનાવનાર કોન્ટ્રાક્ટર કંપની રણજીત બિલ્ડકોન લિમિટેડની ગેરંટી પિરિયડ હેઠળ હોવાથી આ સમગ્ર રિપેર કામગીરી રણજીત બિલ્ડકોન લિમિટેડ દ્વારા પોતાની જવાબદારી હેઠળ અને પોતાના ખર્ચે કરવામાં આવી રહી છે.

# નડિયાદમાં 34 ભુંડોને ક્રૂરતાપૂર્વક ગોંધી રખાયા: NGO અને પોલીસે 5 વાહનો જપ્ત કરી મુક્ત કરાવ્યા

**નડિયાદ, તા.30**

નડિયાદ શહેરના સરદાર ભવન અને વણઝારા ગ્રાઉન્ડ વિસ્તારમાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદની એક એનજીઓની બાતમીના આધારે, નડિયાદ ટાઉન પોલીસે સોમવારે વહેલી સવારે દરોડો પાડીને પાંચ વાહનોમાંથી કુલ 34 ભુંડોને અત્યંત દયનીય હાલતમાં મુક્ત કરાવ્યા હતા. પોલીસે આ મામલે પાંચ વાહનોના ચાલકો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતો મુજબ, દર્શના એનિમલ વેલ્ફેર એનજીઓના વોલેન્ટિયર સમીર ચંદુભાઈ ગજ્જર અને તેમની ટીમ વડોદરાથી અમદાવાદ જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે નડિયાદમાં સરદાર



ભવન પાસે કેટલાક શખ્સોએ વાહનોમાં ભુંડ ભરી રાખ્યા છે. આ માહિતી મળતા જ એનજીઓની ટીમે તાત્કાલિક નડિયાદ ટાઉન પોલીસનો સંપર્ક કર્યો હતો.

પોલીસ સુરક્ષા સાથે સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન, પોલીસને ચાર બોલેરો પીકઅપ ડાલા અને એક અતુલ શક્તિ લોડિંગ રિક્ષા મળી આવી હતી. આ વાહનોમાં કુલ 32 ભુંડોને ઘાસચારો કે પાણીની કોઈ વ્યવસ્થા વગર, દોરડા અને નેટ વડે અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને ગોંધી રાખવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, નજીકના એક વાડામાંથી પણ બે ભુંડ મળી આવ્યા હતા. આમ, કુલ 34 પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા આચરવામાં આવી હોવાનું જણાયું હતું. વાહનોમાં લાકડાના પાટિયા અને લોખંડની જાળીઓ લગાવીને પ્રાણીઓને છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પોલીસની હાજરી જોઈને પાંચેય વાહનોના ચાલકો પોતાના વાહનો સ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પંચનામું કરી તમામ પાંચ વાહનો જપ્ત કર્યા છે. નડિયાદ ટાઉન પોલીસે આ મામલે પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ખેડામાં મનરેગા ભવનો 12 વર્ષથી અધૂરા: તંત્રની સ્પષ્ટતા- 'નવા નિયમો અને વહીવટી કારણોસર કામ અટક્યું છે,' 6 રદ થશે

**નડિયાદ, તા.30**

ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નિર્માણ પામેલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના બાંધકામમાં મોટાપાયે ગેરરીતિઓ થઈ હોવાનો મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ પરમારે આક્ષેપ કર્યો છે. તેમણે સરકારમાં ભ્રષ્ટાચાર અંગે ગંભીર રજૂઆત કરી છે. જિલ્લામાં કુલ 149 જેટલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા હતા. આ ભવનોના નામે કરોડો રૂપિયાનો ખર્ચ થયો હોવા છતાં, છેલ્લા 10 થી 12 વર્ષથી અનેક ભવનો અધૂરી હાલતમાં છે. સરકારી રેકર્ડ મુજબ ઘણા તાલુકાઓમાં એસ્ટીમેટ મુજબનો પૂરેપૂરો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે, તેમ છતાં ભૌતિક રીતે બાંધકામ પૂર્ણ થયું નથી.

10 તાલુકાઓમાં આવા અનેક અધૂરા ભવનો હાલ જર્જરિત અવસ્થામાં ફેરવાઈ ગયા છે. પૂર્વ ધારાસભ્યએ માંગ કરી છે કે જો નાણાં પૂરેપૂરા વપરાઈ ગયા હોય તો બાંધકામ અધૂરું કેમ છે તેની તપાસ થવી જોઈએ. મહુધા તાલુકામાં પણ સ્થિતિ ગંભીર છે, જ્યાં સરકારી તિજોરીમાંથી નાણાં ચૂકવાઈ ગયા હોવા છતાં બાંધકામમાં પ્રગતિ નથી. ખાસ કરીને કપરૂપુર ગામનું રાજીવ ગાંધી સેવા કેન્દ્ર કાગળ પર ખર્ચ બતાવ્યા છતાં સ્થળ પર ગાયબ હોવાની વિગતો બહાર આવી છે. આ બાબત સીધેસીધા આર્થિક ભ્રષ્ટાચાર અને કૌભાંડ તરફ નિર્દેશ કરે છે.

આ સમગ્ર વિવાદ અંગે મહુધા ટીડીઓ જ્યોતિબેન દેસાઈએ સ્પષ્ટતા કરી હતી. તેમણે જણાવ્યું કે મહુધા તાલુકામાં વર્ષ 2010 થી 2017 દરમિયાન કુલ 21 રાજીવ ગાંધી ભવન મંજૂર થયા હતા, જેમાંથી માત્ર 7 ભવનો જ પૂર્ણ થયા છે. અન્ય ભવનો પૈકી 6 ભવનો ભૌતિક રીતે પૂર્ણ છે. જ્યારે 6 ભવનોને રદ કરવા માટે જિલ્લા કક્ષાએ દરખાસ્ત મોકલવામાં આવી છે. અધિકારીના જણાવ્યા મુજબ, કેટલાક ભવનોના બાંધકામ અટકી પડવા પાછળ વહીવટી અને ટેકનિકલ કારણો જવાબદાર છે.

# ન્યૂ યર પર માવઠાંની આફત : ગુજરાતમાં 31 ડિસેમ્બર-1 જાન્યુઆરીએ વરસાદની આગાહી, 2જી જાન્યુઆરીથી કોલ્ડ વેવ સાથે ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે....

**અમદાવાદ, તા.30**

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામી અને હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં વર્ષના અંતે ફરી એકવાર માવઠાની આગાહી કરવામાં આવતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે 31ડિસેમ્બર અને 1 જાન્યુઆરી દરમિયાન કચ્છ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા કમોસમી વરસાદની શક્યતા છે, જેને કારણે શિયાળુ પાક જેવા કે ઘઉં, જીરું અને રાયડાને નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. એક તરફ રાજ્યમાં સવાર-સાંજ ઠંડી અને બપોરે ગરમી એમ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, ત્યારે નલિયા 12.6 ડિગ્રી સાથે સૌથી ઠંડું શહેર નોંધાયું છે. નવા વર્ષની ઉજવણી પૂર્વે જ વરસાદી માહોલ સર્જાવાનાં એંધાણ અને વાતાવરણમાં પલટો આવવાની અને લોકોમાં બીમારીનું પ્રમાણ વધવાની પણ શક્યતા વર્તાઈ રહી છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ફરી એકવાર માવઠાંના વરસાદની આગાહી કરવામાં આવી છે. વર્ષ 2025ની વિદાય અને



2026ની શરૂઆત વરસાદી માહોલ સાથે થવાની પૂરેપૂરી શક્યતા છે. ઉત્તર ભારત પરથી પસાર થઈ રહેલા મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (WD)ની અસર ગુજરાત સુધી લંબાવાની શક્યતા છે. 30 ડિસેમ્બરથી વાતાવરણમાં પલટો આવશે અને આકાશ વાદળછાયું રહેશે. 31 ડિસેમ્બર 2025 અને 1 જાન્યુઆરી 2026 આ બે દિવસ દરમિયાન રાજ્યમાં છૂટાછવાયાં વરસાદી ઝાંપટાં પડી શકે છે.

કચ્છના તમામ વિસ્તારોમાં વરસાદની તીવ્રતા વધુ રહેવાની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા અને જામનગર. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં સામાન્ય ઝાપટાં પડી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં હળવો વરસાદ થઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને અમુક જગ્યાએ સામાન્ય ઝાપટાં પડી શકે છે.

વરસાદી માહોલ બાદ 2 અને 3 જાન્યુઆરીથી રાજ્યમાં ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે. કોલ્ડ વેવ આવવાની અને તીવ્ર ઠંડી પડવાની પણ શક્યતા છે. ક્લાઈમેટ ચેન્જ અને વાતાવરણમાં થતા ફેરફારોને કારણે આ વર્ષે ઠંડીમાં ઘટાડો અને માવઠાંના વરસાદમાં વધારો જોવા મળી રહ્યો છે. ખેડૂતોને આ વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જરૂરી તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

## ટ્રમ્પે કહ્યું- ઈરાન પર ફરી હુમલો કરીશું : ફરીથી ન્યુક્લિયર પ્રોગ્રામ શરૂ ન કરે, હમાસને પણ જલદી હથિયાર છોડવાની ચેતવણી આપી

**વોશિંગ્ટન, તા.30**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જો ઈરાન ફરીથી તેના પરમાણુ હથિયાર કાર્યક્રમ શરૂ કરવાનો પ્રયાસ કરશે, તો અમેરિકા તેના પર વધુ એક મોટો હુમલો કરી શકે છે.

આ સાથે જ ટ્રમ્પે પેલેસ્ટાઈની સંગઠન હમાસને ચેતવણી આપી કે જો તેણે હથિયાર નહીં છોડ્યા, તો તેને ગંભીર પરિણામો ભોગવવા પડશે.

ટ્રમ્પે ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહુ સાથે સોમવાર રાત્રે મુલાકાત દરમિયાન પત્રકારોને આ કહ્યું.

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સોમવારે પોતપોતાના પ્રતિનિધિમંડળો સાથે અમેરિકાના ફ્લોરિડા રાજ્યના પામ બીચ સ્થિત ટ્રમ્પના માર-એ-લાગો ક્લબમાં મુલાકાત કરતા.

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સોમવારે પોતપોતાના પ્રતિનિધિમંડળો સાથે અમેરિકાના ફ્લોરિડા રાજ્યના પામ બીચ સ્થિત ટ્રમ્પના માર-એ-લાગો ક્લબમાં મુલાકાત કરતા.

ટ્રમ્પ બોલ્યા- ઈરાન શું કરી રહ્યું છે, મને પૂરી જાણકારી છે ટ્રમ્પે કહ્યું કે તેમને આશંકા છે કે જૂનમાં કરવામાં આવેલા મોટા અમેરિકી હુમલા પછી ઈરાન પોતાના હથિયાર કાર્યક્રમને ફરીથી ઊભો



કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે મીડિયા રિપોર્ટ્સમાં આવા સંકેતો મળી રહ્યા છે.

ટ્રમ્પે કહ્યું, “હું એવા સમાચાર વાંચી રહ્યો છું કે તેઓ ફરીથી હથિયારો અને અન્ય સૈન્ય ક્ષમતાઓ વિકસાવી રહ્યા છે. જો ખરેખર આવું થઈ રહ્યું છે, તો તેઓ તે ઠેકાણાઓનો ઉપયોગ નથી કરી રહ્યા જેને અમે સંપૂર્ણપણે નષ્ટ કરી દીધા હતા, પરંતુ કોઈ બીજી જગ્યાએથી આ કામ કરી રહ્યા છે.”

તેમણે આગળ કહ્યું, “અમને સંપૂર્ણ જાણકારી છે કે તેઓ ક્યાં જઈ રહ્યા છે અને શું કરી રહ્યા છે. મને આશા છે કે તેઓ આવો રસ્તો નહીં અપનાવે, કારણ કે અમે B-2 બોમ્બર પર ઈંધણ ખર્ચ કરવા માંગતા નથી. આમાં બંને તરફથી મળીને લગભગ 37 કલાકની ઉડાન હોય છે, અને હું આ રીતે ઈંધણનો બગાડ કરવા માંગતો નથી.”

B-2 અમેરિકાનું સૌથી આધુનિક અને શક્તિશાળી સ્ટેલ્થ બોમ્બર છે, જેનો ઉપયોગ ફક્ત અત્યંત ગંભીર અને મોટા સૈન્ય અભિયાનોમાં કરવામાં આવે છે. જૂનમાં ઈરાન પર થયેલા અમેરિકી હુમલામાં પણ તેનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો, તેથી ટ્રમ્પ તે જ કાર્યવાહીની યાદ અપાવી રહ્યા હતા.

B-2 સ્ટેલ્થ બોમ્બરનો ચોક્કસ ઈંધણ વપરાશ સાર્વજનિક કરવામાં આવતો નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે B-2 બોમ્બર સરેરાશ દર કલાકે લગભગ 20 હજારથી 25 હજાર કિલોગ્રામ જેટ ફ્યુઅલ વાપરે છે.

જો 37 કલાકની ઉડાન હોય, તો તેમાં લગભગ 7 લાખ 40 હજારથી 9 લાખ 25 હજાર કિલોગ્રામ સુધી ઈંધણ ખર્ચ થઈ શકે છે. એટલે કે, એક જ મિશનમાં લગભગ 750 થી 900 ટન જેટ ફ્યુઅલ બળી જાય છે.

આટલી માત્રામાં ઈંધણનો વપરાશ હજારો સામાન્ય પેસેન્જર વિમાનોની ઉડાન બરાબર માનવામાં આવે છે અને તેની કિંમત કરોડો ડોલર સુધી પહોંચી જાય છે. આ જ ભારે ખર્ચ તરફ ઈશારો કરતા ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ B-2 બોમ્બર પર ઈંધણ ‘બગાડવા’ માંગતા નથી.

ટ્રમ્પે જણાવ્યું કે નેતન્યાહુ સાથે થયેલી ચર્ચાનું મુખ્ય ધ્યાન ગાઝામાં લાગુ નાજુક શાંતિ કરારને આગળ વધારવા, ઈરાનને લઈને ઈઝરાયેલની સુરક્ષા ચિંતાઓ અને લેબનોનમાં હિઝબુલ્લાહ સંબંધિત મુદ્દાઓ પર રહ્યું.

તેમણે કહ્યું કે ગાઝામાં લાગુ યુદ્ધવિરામ હેઠળ ઈઝરાયેલ પોતાની જવાબદારી નિભાવી રહ્યું છે. ટ્રમ્પે કહ્યું, “અમે હમાસ વિશે વાતચીત કરી અને નિઃશસ્ત્રીકરણ પર પણ ચર્ચા થઈ. હમાસને હથિયારો છોડવા માટે ખૂબ ઓછો સમય આપવામાં આવશે અને પછી જોવામાં આવશે કે પરિસ્થિતિ કઈ દિશામાં જાય છે.”

તેમણે આગળ કહ્યું, “જો હમાસે હથિયારો ન છોડ્યા, તો તેને તેની મોટી કિંમત ચૂકવવી પડશે. અમે આવું નથી ઈચ્છતા, પરંતુ તે સ્પષ્ટ છે કે પરિણામો ગંભીર હશે.” આ નિવેદન પર હમાસ તરફથી હાલ કોઈ પ્રતિક્રિયા આવી નથી.

ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ગાઝામાં તુર્કીના પીસ ફોર્સ તૈનાત કરવાની સંભાવના પર નેતન્યાહુ સાથે વાત કરશે. આ મુદ્દો સંવેદનશીલ છે. ટ્રમ્પ જ્યાં તુર્કીના રાષ્ટ્રપતિ તૈયપ એર્દોઆનની અવારનવાર પ્રશંસા કરે છે, ત્યાં ઈઝરાયેલ અને તુર્કીના સંબંધો એટલા સરળ નથી.

જોકે ગાઝામાં લડાઈ ઓછી થઈ છે, પરંતુ સંપૂર્ણપણે સમાપ્ત થઈ નથી. ઓક્ટોબરમાં યુદ્ધવિરામ લાગુ થયા પછી પણ ઈઝરાયેલી હુમલાઓમાં 400થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે, જેમાં મોટાભાગના સામાન્ય નાગરિકો છે, એવું ગાઝાના આરોગ્ય અધિકારીઓનું કહેવું છે. જ્યારે પેલેસ્ટિનિયન લડવૈયાઓએ ત્રણ ઈઝરાયેલી સૈનિકોને પણ મારી નાખ્યા છે.

નેતન્યાહુએ સોમવારે કહ્યું કે ઈઝરાયેલ સીરિયા સાથે શાંતિપૂર્ણ સરહદ ઈચ્છે છે. ટ્રમ્પે કહ્યું કે તેમને વિશ્વાસ છે કે ઈઝરાયેલ, રાષ્ટ્રપતિ અહેમદ અલ-શરા સાથે તાલમેલ બેસાડી લેશે, જેમણે ગયા વર્ષે લાંબા સમયથી સત્તામાં રહેલા બશર અલ-અસદના હટ્યા પછી સત્તા સંભાળી.

જોકે, ઈઝરાયેલ નવા સીરિયન નેતા પ્રત્યે સાવચેત છે. અલ-શરા એક સમયે અલ-કાયદા સાથે સંકળાયેલા હતા. આ જ શંકાને કારણે ઈઝરાયેલે જુલાઈમાં દમાસ્કસમાં સરકારી ઈમારતો પર બોમ્બમારો પણ કર્યો હતો.

## યુક્રેનનો પુતિનના ઘર પર 91 ડ્રોનથી હુમલો: રશિયાનો દાવો- બધા જ તોડી પાડ્યા......

### ઝેલેન્સ્કીએ કહ્યું- આ ખોટી વાત છે, અમારા પર હુમલો કરવાનું બહાનું

**મોસ્કો/કિવ, તા.30**


રશિયાએ સોમવારે આરોપ લગાવ્યો કે યુક્રેને નોવગોરોડમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સરકારી આવાસ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો.

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવના જણાવ્યા અનુસાર, યુક્રેને 28 અને 29 ડિસેમ્બરની રાત્રે 91 ડ્રોન વડે હુમલો કર્યો હતો, જેને રશિયાની એર ડિફેન્સ સિસ્ટમે નિષ્ફળ બનાવ્યો હતો. લવરોવે ચેતવણી આપી હતી કે હુમલાનો જવાબ આપવામાં આવશે. તેમણે આ હુમલાને આતંકવાદ ગણાવ્યો હતો.

બીજી તરફ, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ આ આરોપને સંપૂર્ણપણે ખોટો અને મનઘડંત ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે રશિયા અમારા પર હુમલો કરવાનું બહાનું શોધી રહ્યું છે. તેનો હેતુ કિવમાં સરકારી ઈમારતો પર હુમલો કરવાનો છે.

જોકે, હુમલા સમયે પુતિન નોવગોરોડ સ્થિત ઘરે હતા કે નહીં તે સ્પષ્ટ થઈ શક્યું નથી. રશિયા દ્વારા હાલમાં હુમલાનો કોઈ વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો નથી.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે પુતિનના ઘર પર હુમલાની વાર્તા ફક્ત કિવ પર હુમલો કરવા અને તેમને યોગ્ય ઠેરવવા માટે બનાવવામાં આવી છે.



ઝેલેન્સકીએ X પર પોસ્ટ કરીને કહ્યું કે રશિયા પોતે યુદ્ધ સમાપ્ત કરવા માટે જરૂરી પગલાં લેવાનો ઈનકાર કરી રહ્યું છે, જ્યારે યુક્રેન હંમેશા રાજદ્વારી માર્ગ પર કાયમ છે. તેમણે કહ્યું,

રશિયન વિદેશ મંત્રી લવરોવે કહ્યું કે પુતિનના સરકારી આવાસ પર હુમલા બાદ રશિયાએ યુક્રેન પર વળતો પ્રહાર કરવા માટે સમય અને લક્ષ્ય નક્કી કરી દીધા છે. તેમણે કહ્યું કે રશિયા પોતાની પ્રતિષ્ઠાનું રક્ષણ કરશે.

રશિયાના વિદેશ નીતિ સલાહકાર યુરી ઉશાકોવના જણાવ્યા અનુસાર, પુતિને યુક્રેન પરના હુમલાની જાણકારી ટ્રમ્પને સોમવારે ફોન પર આપી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પ આ સમાચારથી આઘાતમાં હતા.

હુમલાના સમાચાર ત્યારે આવ્યા છે જ્યારે રવિવારે જ ઝેલેન્સકી અને ટ્રમ્પે ફ્લોરિડામાં યુદ્ધ સમાપ્ત કરવા અંગે 3 કલાક લાંબી બેઠક કરી હતી.

ઝેલેન્સકીએ સોમવારે જણાવ્યું છે કે અમેરિકાએ શાંતિ યોજના હેઠળ યુક્રેનને 15 વર્ષની સુરક્ષા ગેરંટી આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જોકે, ઝેલેન્સકીનું કહેવું છે કે રશિયાને ફરીથી હુમલો કરતા રોકવા માટે અમેરિકાની 50 વર્ષ સુધીની ગેરંટી મજબૂત સંદેશ આપશે.

ઝેલેન્સકીએ જણાવ્યું કે યુક્રેન અને રશિયા શાંતિ કરારની અત્યાર સુધીમાં સૌથી નજીક છે, પરંતુ વાતચીત હજુ પણ ઘણા મહત્વના મુદ્દાઓ પર અટકેલી છે.

યુક્રેનના રાષ્ટ્રપતિના મતે વાટાઘાટોમાં સૌથી મોટી અડચણ એ છે કે કયા વિસ્તારમાંથી કોની સેના પાછી હટશે અને રશિયાના કબજા હેઠળના ઝાપોરિઝ્ઝિયા પરમાણુ પ્લાન્ટનું ભવિષ્ય શું હશે. આ દુનિયાના 10 સૌથી મોટા પરમાણુ પ્લાન્ટ્સમાંથી એક છે.

ઝેલેન્સકીએ કહ્યું, સુરક્ષા ગેરંટી વિના આ યુદ્ધ ખરેખરમાં સમાપ્ત થઈ શકતું નથી. તેમણે જણાવ્યું કે પ્રસ્તાવિત ગેરંટીમાં શાંતિ કરારની દેખરેખ અને ભાગીદાર દેશોની હાજરી જેવી જોગવાઈઓ શામેલ છે.

જોકે રશિયા પહેલાથી જ સ્પષ્ટ કરી ચૂક્યું છે કે તે યુક્રેનમાં નાટો દેશોની સેનાની તૈનાતી સ્વીકારશે નહીં.

## બાંગ્લાદેશમાં 12 દિવસમાં ત્રીજા હિન્દુની હત્યા: કાપડ ફેક્ટરીમાં સિક્યોરિટી ગાર્ડની ડ્યૂટી કરી રહ્યો હતો, સાથી સ્ટાફે ગોળી મારી

**ઢાકા, તા.30**

બાંગ્લાદેશના મેમનસિંહ જિલ્લામાં એક કાપડ ફેક્ટરીની અંદર હિન્દુ કર્મચારીની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી. છેલ્લા 12 દિવસમાં બાંગ્લાદેશમાં હિન્દુની હત્યાની આ ત્રીજી ઘટના છે. આ ઘટના સોમવારે સાંજે આશરે 6:45 વાગ્યે ભાલુકા ઉપજિલ્લાની સુલતાના સ્વેટર્સ લિમિટેડ ફેક્ટરીમાં બની હતી. મૃતકની ઓળખ બજેન્દ્ર બિસ્વાસ (42) તરીકે થઈ છે, જે ફેક્ટરીમાં સિક્યોરિટી ગાર્ડ હતો. આરોપી નોમાન મિયા (29)ની પોલીસે ધરપકડ કરી લીધી છે.

પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, બંને ફેક્ટરીમાં સુરક્ષા ડ્યૂટી પર તહેનાત હતા. વાતચીત દરમિયાન નોમાન મિયાએ બજેન્દ્ર પર સરકારી શૉટગન તાકી દીધી. થોડી જ વારમાં બંદૂક ચાલી ગઈ અને ગોળી બજેન્દ્રની ડાબી જાંઘમાં વાગી, જેના કારણે તેનું મોત નીપજ્યું.

બાંગ્લાદેશમાં 2 અઠવાડિયાંમાં 3 હિન્દુની હત્યા કરી 24 ડિસેમ્બર બુધવારે રાત્રે 11:00 વાગ્યે હિન્દુ યુવકની માર મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના રાજબાડી જિલ્લાના હોસેનડાંગા ગામમાં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકની ઓળખ 29 વર્ષીય અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ તરીકે થઈ હતી. પોલીસે જણાવ્યું



હતું કે અમૃતને ટોળાએ ખંડણીના આરોપમાં મારી નાખ્યો હતો. તે હોસેનડાંગા ગામનો જ રહેવાસી હતો. પોલીસે જણાવ્યું હતું કે અમૃત વિરુદ્ધ પાંગશા પોલીસ સ્ટેશનમાં બે કેસ નોંધાયેલા છે, જેમાં એક હત્યાનો કેસ પણ સામેલ છે.

આ પહેલાં 18 ડિસેમ્બરે ઢાકા નજીક હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની ભીડે હત્યા કરી દીધી હતી. બાદમાં તેને ઝાડ પર લટકાવીને સળગાવી દેવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશમાં 18 ડિસેમ્બરની મોડીરાત્રે હિંસક પ્રદર્શનકારીઓના હુમલામાં માર્યા ગયેલા હિન્દુ યુવકના મામલે મોટો ખુલાસો થયો છે. અગાઉ એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે મૃતક દીપુ ચંદ્ર દાસે ફેસબુક પર ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતી ટિપ્પણી કરી હતી, પરંતુ હવે તપાસમાં આવી કોઈ પણ ટિપ્પણીના પુરાવા મળ્યા નથી.

બાંગ્લાદેશની રેપિડ એક્શન બટાલિયન (RAB)ના કંપની કમાન્ડર મોહમ્મદ શમ્સુજ્ઝમાને બાંગ્લાદેશી અખબાર ’ધ ડેલી સ્ટાર’ને જણાવ્યું હતું કે એવા કોઈ પુરાવા મળ્યા નથી, જેના આધારે કહી શકાય કે દાસે ફેસબુક પર એવું કંઈ લખ્યું હતું જેનાથી ધાર્મિક લાગણીઓ દુભાઈ હોય. દીપુની હત્યાના કેસમાં અત્યારસુધીમાં 12 લોકોની ધરપકડ કરવામાં આવી છે. દીપુ ચંદ્રની હત્યા જે સમયે થઈ એ જ ગાળામાં બાંગ્લાદેશમાં ભયાનક હિંસા ફાટી નીકળી હતી. ’ઈન્કિલાબ મંચ’ના નેતા 32 વર્ષીય શરીફ ઉસ્માન બિન હાદીના મોત બાદ રાજધાની ઢાકા સહિત 4 શહેરોમાં આગજની અને તોડફોડની ઘટનાઓ બની છે.

ઉસ્માન હાદી ઓગસ્ટ 2024માં શેખ હસીના સરકાર વિરુદ્ધ થયેલા વિદ્યાર્થી આંદોલનના મુખ્ય નેતા હતા. તેઓ શેખ હસીના અને ભારતવિરોધી માનવામાં આવતા હતા. 12 ડિસેમ્બરના રોજ ચૂંટણીપ્રચાર દરમિયાન તેમને ગોળી મારવામાં આવી હતી. યુનુસ સરકારે તેમને વધુ સારવાર માટે સિંગાપોર મોકલ્યા હતા, પરંતુ 18 ડિસેમ્બરે હાદીનું અવસાન થયું હતું. હાદીના મોતથી ઉશ્કેરાયેલા ટોળાએ બાંગ્લાદેશનાં બે મોટાં અખબારો ’ધ ડેલી સ્ટાર’ અને ’પ્રોથોમ આલો’ની ઓફિસોમાં આગ લગાવી દીધી હતી. એવો આરોપ છે કે હાદીના સમર્થક ઈલિયાસ હુસૈને ફેસબુક પોસ્ટ દ્વારા લોકોને રાજબાગ વિસ્તારમાં એકઠા થવા કહ્યું હતું, જ્યાં આ બંને અખબારોની ઓફિસો આવેલી છે.

## સાઉદી અરબનો યમનના મુકલ્લા પોર્ટ પર હવાઈ હુમલો: કહ્યું- UAEથી હથિયારોનો જથ્થો આવી રહ્યો હતો, યમને 90 દિવસની ઈમરજન્સી લાગુ કરી

**રિયાધ, તા.30**

ખાડીના બે શક્તિશાળી દેશ સાઉદી અરેબિયા અને UAE વચ્ચે તણાવ વધી ગયો છે. સાઉદી અરેબિયાએ મંગળવારે સવારે યમનમાં મુકાલા બંદર પર બોમ્બમારો કર્યો. સાઉદી અરેબિયાનો દાવો છે કે UAEના ફુજૈરા બંદરથી આવેલા બે જહાજોમાંથી અહીં હથિયારો અને સૈન્ય વાહનો ઉતારવામાં આવી રહ્યા હતા. આ જહાજોની ટ્રેકિંગ સિસ્ટમ બંધ હતી.

સાઉદી અરેબિયાનું કહેવું છે કે આ હથિયારો સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC) નામના અલગતાવાદી જૂથને આપવામાં આવી રહ્યા હતા, જે શાંતિ અને સ્થિરતા માટે ખતરો બની શકે તેમ હતા. તેથી વાયુસેનાએ મર્યાદિત હવાઈ હુમલો કરીને હથિયારો અને સૈન્ય વાહનોને નિશાન બનાવ્યા. હુમલો રાત્રે કરવામાં આવ્યો જેથી સામાન્ય લોકોને નુકસાન ન થાય.

આ હુમલા પર હજુ સુધી UAE તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. સાઉદી અરેબિયા અને UAE છેલ્લા 10 વર્ષથી યમનમાં હુતી વિદ્રોહીઓ સામે લડી રહ્યા છે, પરંતુ તેઓ ત્યાં અલગ-અલગ જૂથોને સમર્થન આપે છે. મુકાલા પર થયેલા હવાઈ હુમલા બાદ યમન સરકારે સંયુક્ત આરબ અમીરાત (UAE) સાથે



થયેલો સંરક્ષણ કરાર રદ કરી દીધો છે. યમનની પ્રેસિડેન્શિયલ લીડરશિપ કાઉન્સિલના પ્રમુખ રશાદ અલ-અલીમીએ જાહેરાત કરી કે દેશમાં હાજર UAEની સેનાઓએ 24 કલાકની અંદર યમન છોડવું પડશે.

આ સાથે જ સરકારે પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવા માટે 72 કલાકની હવાઈ, જમીન અને દરિયાઈ નાકાબંધી લાગુ કરવા અને 90 દિવસ માટે કટોકટી જાહેર કરવાનો નિર્ણય કર્યો છે. જોકે, અલ-અલીમીએ અલગતાવાદી જૂથો સામે કાર્યવાહી કરવા બદલ સાઉદી અરેબિયાના સમર્થનની પ્રશંસા કરી અને કહ્યું કે આ પગલું યમનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક સ્થિરતાના હિતમાં છે.

સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC) એક સશસ્ત્ર અલગતાવાદી સંગઠન છે, જેને UAE નો ટેકો છે. STC નો હેતુ યમનને ઉત્તર અને દક્ષિણ એમ બે અલગ દેશોમાં વિભાજીત કરવાનો છે. ત્યારબાદ તે દક્ષિણ યમનમાં અલગ સરકાર બનાવવા માંગે છે.

યમન 1990 પહેલા ઉત્તરીય અને દક્ષિણી યમન એમ બે ભાગોમાં વહેંચાયેલું હતું. બંનેના એકીકરણ પછી પણ દક્ષિણમાં અલગતાની ભાવના યથાવત છે.

છેલ્લા એક મહિનામાં STC એ યમનમાં મોટા પાયે સૈન્ય અભિયાન ચલાવ્યા હતા. STC ના સૈનિકોએ હદ્રામૌત અને અલ-મહ્રા જેવા તેલ અને ગેસ-સમૃદ્ધ વિસ્તારો પર કબજો કરી લીધો. આ કારણે યમન સરકારના સુરક્ષા દળો અને સ્થાનિક કબીલાઓને પીછેહઠ કરવી પડી. ઘણા વિસ્તારોમાં હિંસા અને મોતના અહેવાલો આવ્યા.

ડિસેમ્બરના મધ્ય સુધીમાં STC એ ઘણા મહત્વપૂર્ણ તેલ અને ગેસ ક્ષેત્રો પર નિયંત્રણનો દાવો કર્યો. દક્ષિણ અબયાન પ્રાંતમાં નવા સૈન્ય અભિયાનની ઘોષણા કરી. 15 ડિસેમ્બરે STC એ અબયાનના પહાડી વિસ્તારોમાં મોટો હુમલો કર્યો.તેના જવાબમાં, સાઉદી અરેબિયાએ હદ્રામૌતના વાદી નહાબ વિસ્તારમાં ચેતવણીરૂપ હવાઈ હુમલા કર્યા. સાઉદીએ સ્પષ્ટ કહ્યું કે જો STC પાછળ નહીં હટે, તો આગળ વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. મુકલ્લા પોર્ટ પરનો હુમલો તે જ ચેતવણીની આગામી કડી માનવામાં આવે છે.

યમન યુદ્ધના શરૂઆતના તબક્કામાં સાઉદી અરેબિયા અને UAE એકસાથે હતા. 2014માં હુતી વિદ્રોહીઓએ રાજધાની સના પર કબજો કરી લીધો હતો. હુતી વિદ્રોહીઓને ભગાડવા માટે 2015માં સાઉદીના નેતૃત્વમાં સૈન્ય ગઠબંધન બન્યું હતું. UAE પણ આ ગઠબંધનનો ભાગ હતો.

નિષ્ણાતોના મતે, થોડા સમય પછી UAEએ યમનમાં સાઉદીથી અલગ પોતાની નીતિ અપનાવવાનું શરૂ કર્યું. નિષ્ણાતોનું માનવું છે કે UAEને યમનના બંદરો, દરિયાઈ માર્ગો અને વ્યૂહાત્મક દરિયાકાંઠાના વિસ્તારોમાં રસ છે. તેના પર નિયંત્રણ મેળવવા માટે લડાઈ ચાલી રહી છે. કતારની હમદ બિન ખલીફા યુનિવર્સિટીના પ્રોફેસર સુલતાન બરકત અનુસાર, ‘UAE બંદરોનો વિકાસ કરવા માંગતું નથી, પરંતુ તે ઈચ્છે છે કે જેબેલ અલી પોર્ટ સમગ્ર ક્ષેત્રનું સૌથી મોટું અને સૌથી મહત્વપૂર્ણ બંદર બની રહે. જેથી આ વિસ્તારમાં UAEનું વર્ચસ્વ જળવાઈ રહે.‘

યમનમાં હુતી વિદ્રોહીઓએ 2014માં સાઉદી સમર્થિત સરકારને હટાવી દીધી હતી. ત્યારબાદ 2015માં સાઉદીના નેતૃત્વ હેઠળના સૈન્ય ગઠબંધને ઈરાન સમર્થિત હુતીઓ વિરુદ્ધ મોરચો ખોલ્યો. આ યુદ્ધમાં સેંકડો લોકોના મોત થયા. ત્યારબાદ યમનની 80% જનતા માનવીય સહાયતા પર નિર્ભર થઈ ગઈ. યમનમાં ગૃહ યુદ્ધનું મુખ્ય કારણ શિયા અને સુન્ની વિવાદ હતો. વાસ્તવમાં, યમનની કુલ વસ્તીમાં 35% હિસ્સો શિયા સમુદાયનો છે જ્યારે 65% સુન્ની સમુદાયના લોકો રહે છે. કાર્નેગી મિડલ ઈસ્ટ સેન્ટરના અહેવાલ મુજબ, બંને સમુદાયો વચ્ચે હંમેશા વિવાદ રહ્યો હતો, જે 2011માં આરબ ક્રાંતિની શરૂઆત થઈ ત્યારે ગૃહ યુદ્ધમાં ફેરવાઈ ગયો.

## સલમાનની ફિલ્મના ટીઝર પર ચીનમાં હોબાળો: કહ્યું- 'બેટલ ઓફ ગલવાન' વાસ્તવિકતાથી અલગ, પહેલા ભારતે બોર્ડર ક્રોસ કર્યાનો આક્ષેપ

**બીજિંગ, તા.30**


સલમાન ખાનની આગામી ફિલ્મ ’બેટલ ઓફ ગલવાન’ને લઈને ચીનમાં ટીકા શરૂ થઈ ગઈ છે. આ ફિલ્મનાં દૃશ્યોને વાસ્તવિકતાથી અલગ ગણાવવામાં આવી રહ્યાં છે. ઘણા લોકો એના ટ્રેલરનાં કેટલાંક દૃશ્યોની સરખામણી હોલિવૂડની ગેમ ઓફ થ્રોન્સનાં દૃશ્યો સાથે કરી રહ્યા છે.

ચીની સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સે આ ફિલ્મને લઈને એક આર્ટિકલ પણ છાપ્યો છે, જેનું ટાઈટલ- ’બેટલ ઓફ ગલવાન’ ફિલ્મ પર વિવાદ, ફિલ્મ ભલે ગમે તેટલી નાટકીય હોય, દેશની સરહદ પર અસર કરી શકતી નથી.

અખબાર એક ચીની નિષ્ણાતના હવાલાથી લખે છે કે જ્યારે ચીન અને ભારતના સંબંધોમાં સુધારો થઈ રહ્યો છે ત્યારે આ ફિલ્મનું રિલીઝ થવું ખોટું છે. આ ફિલ્મ માત્ર ભારતીય દૃષ્ટિકોણ રજૂ કરીને ચીનવિરોધી ભાવના વધારી શકે છે. બેટલ ઓફ ગલવાનનું ટ્રેલર 27 ડિસેમ્બરે સલમાન ખાનના જન્મદિવસ પર રિલીઝ થયું હતું. આ ફિલ્મ 2020માં ગલવાન ઘાટીમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે થયેલી અથડામણ પર આધારિત હોવાનું કહેવાય છે. સલમાન એમાં કર્નલ સંતોષ બાબુનો રોલ ભજવી રહ્યા છે.

ચીની સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સલમાન ખાનના ડ્રેસ અને એની હેર સ્ટાઈલને લઈને પણ ટીકા કરવામાં આવી છે. ચીની નિષ્ણાતોનું કહેવું છે કે બોલિવૂડ ફિલ્મો મનોરંજન માટે હોય છે, પરંતુ એ ઈતિહાસ બદલી શકતી નથી. ચીની અખબાર ગ્લોબલ ટાઈમ્સે મિલિટરી એક્સપર્ટ સોંગ ઝોંગપિંગને ટાંકીને લખ્યું કે ભારતમાં ફિલ્મોનો ઉપયોગ દેશભક્તિની ભાવના વધારવા માટે કરવામાં આવે છે, પરંતુ કોઈપણ ફિલ્મ ગલવાન અથડામણના તથ્યને બદલી શકતી નથી.

સોંગે કહ્યું હતું કે પહેલા ભારતીય સૈનિકોએ સરહદ પાર



કરી હતી, જેના જવાબમાં ચીની સૈનિકોએ ચીની સરહદનું રક્ષણ કર્યું. તેમણે કહ્યું કે ચીની સેના રાષ્ટ્રીય સાર્વભૌમત્વના રક્ષણમાં ક્યારેય પાછળ નહીં હટે.

સોંગે એમ પણ કહ્યું હતું કે ઊંચાઈવાળા વિસ્તારોમાં ચીની સૈનિકો હંમેશાં પોતાની ફરજો નિભાવે છે અને પડકારોનો સામનો કરે છે, જેનાથી જનતાનો વિશ્વાસ વધે છે. ગલવાનની ઘટના ચીની સમાજમાં ખૂબ જ તીવ્રતાથી યાદ કરવામાં આવે છે અને રાષ્ટ્રીય ભાવનાને મજબૂત કરે છે.

ગ્લોબલ ટાઈમ્સે ગલવાન ઘટનાનો દોષ ભારતીય સૈનિકો પર ઢોળ્યો છે. અખબાર લખે છે કે ગલવાન ઘાટી ચીન-ભારત સરહદના પશ્ચિમી ભાગમાં LACના ચીની ભાગમાં છે. હિંસક અથડામણ પહેલાં પણ ઘણાં વર્ષોથી ચીની સૈનિકો અહીં પેટ્રોલિંગ અને ડ્યૂટી કરી રહ્યા હતા.

એપ્રિલ 2020થી ભારતીય સૈનિકોએ LAC પર રસ્તાઓ, પુલ અને અન્ય સુવિધાઓ બનાવવાનું શરૂ કર્યું. ચીને ઘણી વખત વિરોધ નોંધાવ્યો, પરંતુ ભારતે LAC પાર કરી અને ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી. ચીની અખબાર લખે છે કે 6 મે 2020ની સવારે ભારતીય સૈનિકો રાત્રે LAC પાર કરીને ચીનના વિસ્તારમાં ઘૂસ્યા અને ત્યાં કિલ્લેબંધી અને બેરિકેડ્સ બનાવીને ચીની સૈનિકોની પેટ્રોલિંગમાં અવરોધ ઊભો કર્યો. ચીની સૈનિકોને પરિસ્થિતિને સંભાળવા અને સરહદ પર નિયંત્રણ જાળવી રાખવા માટે જરૂરી પગલાં લેવા પડ્યા. ગ્લોબલ ટાઈમ્સ લખે છે કે ચીને 2021માં ગલવાન અથડામણની સંપૂર્ણ વિગતો શેર કરી, જેથી શહીદોનું સન્માન કરી શકાય. એ સમયે સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા રેન ગુઓકિયાંગે કહ્યું હતું કે અથડામણની જવાબદારી ભારતીય સેનાની હતી, કારણ કે તેમણે ગેરકાયદે રીતે LAC પાર કરી અને ચીની સૈનિકો પર હુમલો કર્યો.

ચીન સરકાર મુજબ આ અથડામણમાં 4 ચીની અધિકારીઓ અને સૈનિકો શહીદ થયા અને એક ગંભીર રીતે ઘાયલ થયો, જોકે ચીનના આ દાવા પર દુનિયાભરમાં શંકા વ્યક્ત કરવામાં આવે છે.

ઓસ્ટ્રેલિયાની ન્યૂઝ સાઈટ ’ધ ક્લેક્સન’એ ફેબ્રુઆરી 2022માં તેના એક તપાસ અહેવાલમાં દાવો કર્યો હતો કે ગલવાન અથડામણમાં ચીનને ઘણું નુકસાન થયું હતું. આ રિપોર્ટ સેટેલાઈટ ઈમેજ, ચીની સોશિયલ મીડિયા ડેટા અને સ્વતંત્ર સંશોધન પર આધારિત હતો.

આ રિપોર્ટ મુજબ ગલવાન હિંસક સંઘર્ષમાં ચીનના 4 નહીં, પણ 38 સૈનિકો માર્યા ગયા હતા. રિપોર્ટ મુજબ ઘણા ચીની સૈનિકો ગલવાન નદીમાં ડૂબીને માર્યા ગયા હતા.

## બાંગ્લાદેશે ભારતમાં તેના હાઈ કમિશનરને તાત્કાલિક ઢાકા બોલાવ્યા: મોડી રાત્રે હમીદુલ્લાહ દેશ પાછા ફર્યા


**ઢાકા, તા.30**

બાંગ્લાદેશે ભારતમાં તહેનાત પોતાના હાઈ કમિશનર એમ રિયાઝ હમીદુલ્લાહને તાત્કાલિક ઢાકા બોલાવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિદેશ મંત્રાલયના બોલાવવા પર હમીદુલ્લાહ સોમવારે મોડી રાત્રે ઢાકા પહોંચી ગયા.

બાંગ્લાદેશના મુખ્ય અખબાર પ્રથમ આલોએ વિદેશ મંત્રાલયના સૂત્રોને ટાંકીને જણાવ્યું કે ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધોની વર્તમાન સ્થિતિને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રિપોર્ટ અનુસાર, હમીદુલ્લાહને હાલના ઘટનાક્રમ અને ભારત-બાંગ્લાદેશ સંબંધો પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવ્યા છે. જોકે, સરકાર દ્વારા સત્તાવાર રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે વાતચીતના એજન્ડામાં કયા-કયા મુદ્દાઓ સામેલ હશે.

ભારતે 26 ડિસેમ્બરે આપેલા એક નિવેદનમાં બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા



અત્યાચારો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની નિર્દય હત્યાને અવગણી શકાય નહીં.

જયસ્વાલે કહ્યું, “અમે ઢાકામાં હિન્દુ યુવકની હત્યાની નિંદા કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે ગુનેગારોને વહેલી તકે સજા મળશે.”

ભારતે 23 ડિસેમ્બરે હમીદુલ્લાહને બોલાવ્યા હતા. આ દરમિયાન ભારતે હમીદુલ્લાહ સમક્ષ બાંગ્લાદેશમાં ભારતીય રાજદ્વારીઓ અને મિશનોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સાથે જ લઘુમતીઓ (ખાસ કરીને હિન્દુઓ) પર થયેલા હુમલાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

ભારત દ્વારા હમીદુલ્લાહને એક અઠવાડિયામાં આ બીજી વખત સમન પાઠવવામાં આવ્યું હતું, આ પહેલા તેમને 17 ડિસેમ્બરે પણ બોલાવવામાં આવ્યા હતા.

બીજી તરફ, તે જ દિવસે બાંગ્લાદેશે પણ ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માને બોલાવ્યા હતા. આ દરમિયાન ઢાકાએ ભારતમાં બાંગ્લાદેશી મિશનોની બહાર થયેલા પ્રદર્શનો પર વાંધો ઉઠાવ્યો હતો.

ઢાકાનું પણ આ 10 દિવસમાં ભારતીય હાઈ કમિશનરને બીજી વખત સમન હતું. આ પહેલા 14 નવેમ્બરે ભારતીય હાઈ કમિશનરને બોલાવવામાં આવ્યા હતા.

બાંગ્લાદેશી વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ ભારત વિરોધી પ્રદર્શનો અને પછી મૈમન સિંહ જિલ્લામાં દીપુની મોબ લિંચિંગને કારણે બંને દેશોના સંબંધો ઘણા બગડી ગયા છે.

# તંત્રી લેખ

## અમેરિકામાં હાહાકાર : 717 કંપનીઓએ દેવાળું ફૂંક્યું, ટેરિફ દાવ ઊંધો પડતાં ટ્રમ્પ 83 લાખ મજૂરોને કાઢી મૂકશે

તમારા રસોડામાં પડેલો ટપરવેરનો ડબ્બો હોય કે આકાશમાં ઊડતું સ્પિરિટ એરલાઈન્સનું વિમાન...આ માત્ર લોગો કે બ્રાન્ડ્સ નથી, આ અમેરિકના મધ્યમ વર્ગની શાન હતી, અમેરિકાના સક્સેસનું પ્રતીક હતી. પણ આજે? આજે આ શાન હરાજીની સૂડીએ ચડી છે. છેલ્લા 15 વર્ષમાં અમેરિકાએ જે નથી જોયું, તે 2025માં જોઈ રહ્યું છે. 717 દિગ્ગજ કંપનીઓએ નાદારી નોંધાવી છે. આ આંકડો 2008ની વૈશ્વિક મહામંદી પછીનો સૌથી મોટો આંકડો છે. જ્યારે દુનિયા અમેરિકા તરફ આશાભરી નજરે જોઈ રહી છે, ત્યારે અમેરિકા પોતે જ પોતાના ઘરમાં આર્થિક આત્મદાહની તૈયારી કરી રહ્યું છે. દુનિયાનાં સૌથી શક્તિશાળી અર્થતંત્રને ટ્રંપની પોલિસી ઉધઈને જેમ ખાઈ રહી છે. જેની અસર અમેરિકન્સ અને ભારત પર કેવી પડશે આજે તેની વાત કરીએ, થયું કંઈક એવું છે કે અમેરિકામાં આજે કોર્પોરેટ નાદારીનો જુવાળ આવ્યો છે. સામાન્ય રીતે મંદી કુદરતી રીતે આવતી હોય છે, પણ આ વખતે અમેરિકન મંદીના વિલન ટ્રમ્પ પોતે છે. ડોનાલ્ડ ટ્રમ્પની બે નીતિઓ એટલે કે ટેરિફ એગ્રેશન અને ઝીરો ઈમિગ્રેશન પોલિસી જે ઉપરથી રાષ્ટ્રવાદી લાગે છે, પણ અંદરથી તે અમેરિકાના આર્થિક પાયાને હચમચાવી રહી છે. S&P ગ્લોબલના ડેટા મુજબ, 2024-25ના વર્ષમાં 717 કંપનીઓએ દેવાળું ફૂંક્યું છે. કારણ? ટ્રમ્પના બે નિર્ણયો.

## 31st ડિસેમ્બરને લઈ ઘાવડીયા ચેક પોસ્ટ પર ઝાલોદ પોલીસનું કડક નાકાબંધી અભિયાન





**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 30**

31st ડિસેમ્બરના તહેવારને ધ્યાનમાં રાખીને ઝાલોદ તાલુકાની ધાવડીયા ચેક પોસ્ટ પર કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ દ્વારા સરહદી વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઝાલોદ તાલુકો મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદ પર આવેલો હોવાથી બુટલેગરો દ્વારા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ગુજરાતમાં ઘૂસાડવાની શક્યતાઓ વધતી હોય છે. તેને ધ્યાનમાં રાખી ધાવડીયા, ચાકલીયા સહિતની મહત્ત્વની ચેકપોસ્ટ પર PI, PSI સહિતનો પોલીસ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. છેલ્લા એક મહિનાની અંદર જ મહત્વની ચેકપોસ્ટ પરથી પોલીસે એક કરોડ રૂપિયાથી વધુના વિદેશી દારૂની જપ્તી કરી બુટલેગરોને મોટો ઝટકો આપ્યો છે. બુટલેગરો દ્વારા અંતરિયાળ વિસ્તારોના કાચા અને વિકલ્પ માર્ગોનો ઉપયોગ કરી દારૂ ઘૂસાડવાના પ્રયાસો થતી માહિતીના આધારે પોલીસ દ્વારા તેવા તમામ માર્ગો પર પણ કડક ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાંથી ગુજરાતમાં પ્રવેશતા દરેક વાહનને બારીકીથી તપાસ્યા બાદ જ રાજ્યમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. સાથે સાથે બોર્ડર વિસ્તારમાં હાઈટેક CCTV કેમેરા દ્વારા 24 કલાક કડક નજર રાખવામાં આવી રહી છે, જેથી કોઈ પણ શંકાસ્પદ હલચલ તરત પકડાઈ શકે. ઝાલોદ ડી.વાય.એસ.પી શ્રી ડી. આર. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ પી.આઈ શ્રી રવિ ગામીત દ્વારા પોલીસ સ્ટાફ સાથે સતત મેદાનમાં રહી કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. પોલીસની આ સતર્ક અને પ્રશંસનીય કામગીરીના કારણે જિલ્લામાં કાયદો-વ્યવસ્થા મજબૂત બની છે અને અસામાજિક તત્ત્વોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. બુટલેગરો દ્વારા અંતરિયાળ વિસ્તારોના કાચા અને વિકલ્પ માર્ગોનો ઉપયોગ કરી દારૂ ઘૂસાડવાના પ્રયાસો થતી માહિતીના આધારે પોલીસ દ્વારા તેવા તમામ માર્ગો પર પણ કડક ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાંથી ગુજરાતમાં પ્રવેશતા દરેક વાહનને બારીકીથી તપાસ્યા બાદ જ રાજ્યમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. સાથે સાથે બોર્ડર વિસ્તારમાં હાઈટેક CCTV કેમેરા દ્વારા 24 કલાક કડક નજર રાખવામાં આવી રહી છે, જેથી કોઈ પણ શંકાસ્પદ હલચલ તરત પકડાઈ શકે. ઝાલોદ ડી.વાય.એસ.પી શ્રી ડી. આર. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ પી.આઈ શ્રી રવિ ગામીત દ્વારા પોલીસ સ્ટાફ સાથે સતત મેદાનમાં રહી કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. પોલીસની આ સતર્ક અને પ્રશંસનીય કામગીરીના કારણે જિલ્લામાં કાયદો-વ્યવસ્થા મજબૂત બની છે અને અસામાજિક તત્ત્વોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

## 2 જાન્યુઆરી 2026 સુધી સાબરમતી અને ખોડિયાર વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર 240 (ત્રાગડ રોડ ફાટક) બંધ રહેશે

**અમદાવાદ, તા. 30**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન પર સાબરમતી અને ખોડિયાર સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર 240, કિમી 773/4-6 (ત્રાગડ રોડ ફાટક) 2 જાન્યુઆરી 2026 સુધી સમારકામ કાર્ય (AMC રોડ એપ્રોચિંગ અને હાઈટ ગેજ વર્ક) માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ લેવલ ક્રોસિંગ નંબર 241 અંડરપાસ ગોદરેજ ગાર્ડન સિટી અને એસ.જી. હાઈવે થઈને મુસાફરી કરી શકશે.

# 31/12ની ન્યુ યર પાર્ટી માંથી માધવીને કોણે આબાદ બચાવી લીધી? અને શું કામ?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

અત્યારે પૂરાં વિશ્વમાં 2026નાં સ્વાગતની ધમાકેદાર તૈયારીઓ થઈ રહી છે, પશ્ચિમની વાત તો હજી સમજાય, પણ ભારત અને એમાં ગુજરાત પણ મોખરે છે. ખાસ કરીને યુવાનો ડિસેમ્બર આવતા જ 31/12 ની પાર્ટીનાં આયોજનમાં વ્યસ્ત થઈ જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે આવી પાર્ટીઓમાં યુવક યુવતી બહેકી જાય, એવી ખાણીપીણી અને અશ્લીલ સંગીતનું મનોરંજન પીરસવામાં આવે છે, અને ન થવાનું ઘણીવાર થઈ જાય છે! હવે એ યુગ તો રહ્યો નથી, કે આપણે યુવક યુવતીના મળવા પર પ્રતિબંધ મુકી શકીએ! પણ યુવાનીના નશામાં જ્યારે બીજો નશો ભળે અને જે ભૂલ થાય છે ! એની તરફ આંગળી ચીંધવાનો એક હેતુ ખરો! ટૂંકમાં આંધળું અનુકરણ ક્યારેક બહુ ખતરનાક ભૂલ કરાવે છે, અને એને સમયસર રોકી શકાય તો કેટલીય યુવતીઓનાં જીવન બરબાદ થતા બચી જાય! અને હા આ એક વાત આજના સમયમાં પણ એટલી જ જરુરી છે! કારણકે આવા કોઈ સંજોગોમાં યુવક યુવતીથી જો કોઈ ભૂલ થાય તો ભોગવવું તો યુવતીએ જ પડે છે, ભલેને એકવીસમી સદી કેમ ન ચાલતી હોય! આજે પણ 31/12 છે અને આવી કેટલીય પાર્ટી નું આયોજન આપણી આસપાસ થયું, એવું સાંભળવા મળશે. કેટલીય પ્રકારના એક્સિડન્ટ થશે! બરોબર એકાદ બે વીક પછી કે મહિના પછી કોઈ ખાનદાન ઘરની દિકરીની આત્મહત્યાના સમાચાર મળશે, અથવા છાનાંછપના એબોર્શન કરાવ્યાંની સમાજમાં ગુસપુસ થશે! ઘણીવાર તો યુવાનીનો નશો જાત પાત, વ્યવસાય, આવક, કે ઉંમર પણ જોતી નથી! તો આવો જ પણ કંઈક જુદી રીતે જાગૃત કરતો એક કિસ્સો. માધવી એક સામાન્ય આવક ધરાવતા માબાપની દિકરી હતી, અને સદ્ધર આર્થિક ભવિષ્યના કંઈ કેટલાય અરમાનો સાથે એ શહેરમાં ભણવા આવી હતી! દિકરા દિકરીનાં પક્ષપાતી વલણ વાળા જૂની રુઢિ ધરાવતા ગામમાંથી શહેરમાં આવી હોવાથી, પહેલાં જીંદગીને થોડી માણી લેવી, પછી ભણવા પર ધ્યાન દઈશ એમ વિચાર્યું, પણ ઉછેર સાવ સામાન્ય હોવાથી અજાણ્યા

સાથે વાતચીત કરતાં ડર પણ લાગતો હતો! એનું ખિલખિલાતુ સૌંદર્ય, અકબંધ કૌમાર્ય, હિરણી જેવી ચંચળતા અને ગભરુંતા કેટલાંયને મદહોશ કરતી હતી, અને ફૂલ પર ભમરા મંડરાય એમ આજુબાજુ ફરતા હતાં. સાઈન્સ કોલેજમાં એક પ્રોફેસર મૌલિક મંડેલા પણ હતો! એનો ડોળો પણ માધવી પર મંડરાતો હતો. 35 આસપાસના પ્રોફેસરએ પહેલાં અક્ષરની પ્રશંસા કરી, પછી ક્લાસ વચ્ચે બહુ હોંશિયાર છો, એવી જાહેરાત કરી! વધુ ઉજ્જવળ પરિણામ માટે પોતાની ટિપ્સ ચબરખીમાં આપવાની શરૂઆત કરી, અને પછી નાની મોટી ભેટ, ચા, કોફી, સિનેમા, રેસ્ટોરન્ટ અને નજદીકી વધારવા આમ ઘર સુધીનો માર્ગ બનાવી લીધો. ડિસેમ્બર એન્ડ ની આવી જ એક સંધ્યાએ પ્રોફેસર મૌલિક એ શહેરની પ્રતિષ્ઠિત



ક્લબમાં 31/12ની ન્યુ યર પાર્ટીની બે ટિકિટ લીધી છે, એવી વાત કરી. માધવીએ શહેરની આવી પાર્ટી વિષે સાંભળ્યું હતું, એટલે એ ન્યુ યર પાર્ટી માટે બહુ જ એક્સઈટેડ હતી. પ્રોફેસર માધવી માટે એકદમ વેસ્ટન આઉટફીટ લઈ આવ્યા! એ પહેરીને બહાર આવી ત્યારે પ્રોફેસર તો ઠીક માધવી પણ ખુદ પર મોહિત થઈ ગઈ! એકદમ અપ્સરા જેવી લાગતી હતી! બંને જણા ક્લબમાં પ્રવેશ્યા! પ્રોફેસર મૌલિક મંડેલા આજે ઘરેથી કંઈક નક્કી કરીને આવ્યાં હતાં, અને એને આજે કોઈ પણ કાળે માધવીને ભોગવવી હતી. મોનિકા માય ડાર્લિંગ... રંભા હો હો.. મેં નાચું તું નાચે.. જીગરમાં આગ લાગી.. મુન્ની બદનામ હુઈ તેરે લીયે..અને આવા એકપછી એક આઈટમ સોંગ પર યુવાની થિરકતી હતી, સોફ્ટ ડ્રીંક ને નામે દારુ પીરસાતો હતો, તો ક્યાંક ડ્રગ્સ લઈને આવેલા યુવાનો બહેકીને પોતાની સાથી મિત્ર સાથે અશ્લીલ હરકતો કરતા હતા, અને આ બધાંજ દ્રશ્યો સામે બેઠેલ એક વ્યક્તિ જોતો હતો, અને એ હતાં ક્રાઈમ બ્રાન્ચના બાહોશ ઈન્સ્પેક્ટર રઘુવીર ચૌધરી, એની નજર માધવી અને પ્રોફેસર મૌલિક પર હતી! એની અનુભવી નજરે જાણી લીધું હતું કે આજે આ પ્રોફેસરે ગભરું યુવતી પર બરોબરની જાળ બિછાવી છે. પ્રોફેસર સાથે ડાન્સ કરતી માધવીના ગ્લાસમાં સોફ્ટ ડ્રીંક ભરતાં પ્રોફેસરે કહ્યું કે આપણે આ ન્યુ યરને યાદગાર બનાવીશું, તું આ પીલે પછી મારી સાથે ચાલ.. શરાબ અને શબાબ બંનેનાં નશામાં ધૂત માધવી આંખો નચાવતી નચાવતી એની સાથે ચાલવા લાગી, અને બંને ક્લબના એક રુમમાં પ્રવેશ્યા. સંગેમરમરની મૂર્તિ ને તરાશતા હોય એમ પ્રોફેસર મૌલિકનો હાથ માધવીના રુપાળા શરીર પર ફરતો હતો! માધવી એ સુંવાળા સ્પર્શનો અંજામ જાણતી નહોતી, એટલે એ પણ પુરુષનાં પ્રથમ સ્પર્શને માણીને ધીરેધીરે ઉત્તેજીત થઈ રહી હતી, એટલે પ્રોફેસરને કોઈ જબરજસ્તી કરવી પડે એમ નહોતું! પોતાનો દાવ જીતી ગયા જેવી લાગણી સાથે એ માધવીના હોઠો પર ચુંબન કરવા ઝૂક્યા, ત્યાં જ રૂમ સર્વિસ એમ બેલ વાગી! એણે ના પાડી, છતાં બેલ વાગવાનું ચાલું રહ્યું! ખોલીને એકવાર ના કહી દઉં! એમ વિચારીને રૂમનું બારણું ખોલ્યું અને ઈન્સ્પેક્ટર રઘુવીર ચૌધરી સિવિલ વેશમાં અંદર ઘુસી ગયા! અને પોતાનું કાર્ડ બતાવી પ્રોફેસરને એરેસ્ટ કરવા આગળ વધ્યા! પ્રોફેસર મૌલિક એ કહ્યું ઈન્સ્પેક્ટર આ યુવતી બાકિક નથી, અને એ પોતાની મરજીથી મારી સાથે આવી છે! ઈન્સ્પેક્ટર રઘુવીર ચૌધરીએ એક તીખી નજર માધવી પર નાખી! અને હવે એનો બધો જ નશો ઉતરી ગયો હતો! એને ખ્યાલ આવી ગયો કે પોતે આ લંપટ અને લાલચુ વરુ જેવા પ્રોફેસરની ગંદી જાળમાં ફસાતાં આબાદ બચી ગઈ છે. એ ત્વરાથી ઉભી થઇ ગઈ અને એણે કહ્યું ઈન્સ્પેક્ટર મારી જાણ બહાર મને આલ્કોહોલ પીવડાવવામાં આવ્યો અને એટલે હું તેની સાથે... એમણે એનાં માથે હાથ મુક્યો અને કહ્યું બહેન હમણાં તહેકીકાત થશે, હું નથી ઈચ્છતો કે તારી બદનામી થાય માટે વહેલામાં વહેલી તકે અહીંથી નીકળી જા, અને હવે ક્યારેય આવી ભૂલ કરતી નહીં! કારણકે દર વખતે આ ભાઈ તને બચાવવા આવી શકશે નહીં! માધવી એનાં પગે પડીને થેંક્યું મોટા ભાઈ. પાછળની લોબીમાં મારી એક વિશ્વાસુ વ્યક્તિ છે એ તને તારા ગામના ઘર સુધી મુકી જશે, અને હાં એક મહિના સુધી પાછી આવતી નહીં. પ્રોફેસરને પોલીસ કસ્ટડીમાં એની પરનો આરોપ સાબિત થાય તો સાત વર્ષની જેલ થશે! એવી બીક બતાવીને હવે પછી ક્યારેય આવું લફરું ન કરવાનું કહી છોડી મુક્યા! માધવી જેવી જ પોતાની બહેન રાખી પણ આવાં જ સેન્ડલનો શિકાર બની હતી, અને પોતે આરોપીને સજા કરાવવાનો આગ્રહ રાખ્યો એમાં બદનામ થઈ ગઈ અને આત્મહત્યા કરી લીધી,બસ ત્યારથી એ સમાજની બેન દિકરીઓને આ રીતે બચાવી લેતાં હતાં. કેટલાંય દિવસે કેબીસીના સ્પેશલ વીકમા કુમાર મંગલમ વાળો એપિસોડ જોયો! એમાં એમણે કહ્યું કે ભારતના વિકાસને શબ્દોમાં કે આંકડામાં વર્ણવી શકાય નહીં,દેશ એવી તેજ ગતિએ વિકાસ કરી રહ્યો છે, અને પોતે એના સાક્ષી છે! ભારત પાસે સૌથી વધુ યુવાધન છે! અને આ યુવાનો માટે કેટલી બધી જોબ ઓપર્ચ્યુનિટી પણ છે! પરંતુ સફળતા માટે ક્યારેય કોઈ શોર્ટકટ નથી હોતો ! એવું એણે પોતાના સંતાનોને કહ્યું છે! એ વાત આજના યુવાનો એ ખાસ યાદ રાખવાં જેવી છે! યુવક હોય કે યુવતી, સમયે બધાંજ અનુભવો એને કરવાનાં જ છે! દરેકની જીંદગી એને શોર્ટકટનાં મોકા આપતી હોય છે, પણ એને ઓવર ટેક કરીને સીધા માર્ગે જવું જ હિતાવહ છે. આવી પાર્ટીઓ આપણી સંસ્કૃતિ નથી, કે છે! એમાં આપણે જવું નથી! પણ જીંદગીથી હાથ ધોઈ નાખવા પડે! એવું આંધળુંકીયુ ન કરાય! ઉપરાંત માતાપિતાની ઈજ્જત આબરુનું પણ વિચારવું જોઈએ. 'સમજદાર કો ઈશારા કાફી હૈં'. જય હિન્દ.

# કર્મોની બીક ક્યાંકને ક્યાંક તો છે,બાકી શાને ગંગા પર આટલી ભીડ છે.પાપ શરીર નથી કરતું વિચારો કરે છે,અને ગંગા વિચારોને નહીં,શરીરને ધોવે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

આજે થર્ટી ફર્સ્ટનો આનંદ ગુજરાતીઓમાં બહુ જોવા મળે હો એમાં કોઇ અતિશ્યોક્તિ નથી પણ સાચી વાસ્તવિકતા છે,મિત્રો ખુશીથી જીવન જીવતા શીખો, કારણ કે ફક્ત સૂર્ય દરરોજ સાંજે જ આથમે છે તેવું નથી,પણ આપણું જીવન પણ છે. દુઃખના ઘણા કારણો હોઈ શકે છે, પરંતુ જો આપણે નજીકથી જોઈએ તો આપણને ખબર પડશે કે ખુશીના આધાર તરીકે ઉપયોગ કરી શકાય તેવા ઘણા કારણો પણ છે. દરેક વ્યક્તિને પોતાના જીવન વિશે ઘણી ફરિયાદો હોઈ શકે છે, પરંતુ વિચાર કરવાથી તમને ખબર પડશે કે ખુશીના ઘણા કારણો પણ છે.

લીમડો ચોક્કસ કડવો છે,પરંતુ તે ઔષધીય ગુણધર્મોથી પણ ભરેલો છે.તેવી જ રીતે,જીવનમાં કેટલીક વસ્તુઓ કડવી હોઈ શકે છે,પરંતુ તે આપણા માટે ફાયદા કારક પણ છે.તળાવના કાદવને તમારા માટે દુઃખ ન થવા દો,પરંતુ તેમાં ખીલેલા કમળને તમારી ખુશીનો આધાર બનાવો.કાંટાને તમારા માટે દુઃખ ન થવા દો,પરંતુ ગુલાબ જોઈને ખુશ થાઓ. જીવનમાં ખુશી આપણા હાથમાં નથી,પરંતુ તે આપણા આંતરિક સ્વનું ઉત્પાદન છે.


એક ઋષિ હતા જે ગંગા ઘાટના કિનારે બેસીને દરરોજ બૂમપાડતા 'તને જે જોઈએ તે મળશે!'ઘણા લોકો ત્યાંથી પસાર થતા,પણ કોઈએ તેમની તરફ ધ્યાન આપ્યું નહીં,અને બધા તેને ગાંડો માનતા. એક દિવસ,એક યુવાન ત્યાંથી પસાર થયો અને ઋષિનો અવાજ સાંભળ્યો,'તને જે જોઈએ તે મળશે!'તેતરત જ તેની પાસેગયો તેણે ઋષિને પૂછ્યું,'બાપજી,તમે કહેતા હતા,'તમને જે જોઈએ તે મળશે,'તો શું તમે મને જે જોઈએ તે આપી શકો છો?'

ઋષિએ તેની વાત સાંભળીને કહ્યું 'હા,દીકરા,હું તમને જે જોઈએ તે ચોક્કસ આપીશ.તમારે ફક્ત મારી વાતનું પાલન કરવું પડશે. પણ પહેલા મને કહો કે તમે ખરે ખર શું ઈચ્છો છો.'

યુવાને કહ્યું,'મારી એક જ ઈચ્છા છે:હું એક મહાન વેપારી બનવા માંગુ છું.'

ઋષિએ કહ્યું,'કોઈ વાંધો નહીં.હું તને એક હીરો અને એક મોતી આપીશ.તેની મદદથી,તું ઈચ્છે તેટલા હીરા અને મોતી બનાવી શકિશ!'અને આટલું કહીને,ઋષિ એ તે યુવાનની હથેળી પર હાથ મૂક્યો અને કહ્યું,'બેટા,હું તને દુનિયાનો સૌથીકિંમતી હીરાઆપી રહ્યો છું.લોકો તેને 'સમય'કહે છે. તેને તારી મુઠ્ઠીમાં મજબૂતીથી પકડી રાખ અને તેને ક્યારેય ગુમાવીશ નહીં.તું તેમાંથી ગમે તેટલા હીરા બનાવી શકે છે.'

યુવાન હજુ વિચારી રહ્યો હતો ત્યારે ઋષિએ તેની બીજી હથેળી લીધી અને કહ્યું,'બેટા,આનેપકડી રાખ.આ દુનિયાનું સૌથી કિંમતી મોતી છે.લોકો તેને'ધીરજ'કહે છે. જ્યારે પણ સમય આપવા છતાં પરિણામ ન મળે,ત્યારે આકિંમતી મોતીને પકડી રાખ.યાદ રાખો, જેની પાસે આ મોતી છે તે દુનિયા માં કંઈપણ પ્રાપ્ત કરી શકે છે. 'યુવકે ઋષિના શબ્દો પર ગંભીરતાથી વિચાર કર્યો અને સંકલ્પ કર્યોકે આજથી તે ક્યારેય પોતાનો સમય બગાડશે નહીં અને હંમેશા ધીરજથી કામ કરશે.આ વિચારને ધ્યાનમાં રાખી ને,તેણે એક મોટા હીરાના વેપારી પાસે કામ કરવાનું શરૂ કર્યું અને તેની મહેનત અને પ્રામાણિકતા દ્વારા, એક દિવસ પોતે મોટો હીરાનો વેપારી બન્યો. ભરતે સીતાજીને પ્રણામ કર્યાં. સીતાજીએ આશીર્વાદ આપ્યા. ભરતને ખાતરી થઈ કે,મારા અપરાધની ક્ષમા કરી છે.વસિષ્ઠ દંડવત્ પ્રણામ કરી રામચંદ્રજી પ્રથમ



ભેટે છે કૈકેયીને. કૈકેયી દુઃખી થાય છે. તે મન મૂકીને રડે છે રામજી કૈકેયી ને સમજાવે છે કે,તમે બિલકુલ દુઃખ ન કરો.આમાં તમારો દોષ નથી.આ વિધિ ની લીલા છે. પછી રઘુવીર બધી માતાઓને ભેટી સમજાવે છે કે, કોઇનો દોષ નથી. સાસુજીને જોતાં વ્યાકુળ થયાં અને સીતાનો તપસ્વી વેશ જોતાં કૌશલ્યાનું હ્રદય ભરાયું.કૌશલ્યા એ દશરથના પ્રાણ ત્યાગની કથા સંભળાવી.રામજી વિલાપ કરવા લાગ્યા. ભીલ લોકો અયોધ્યાની પ્રજાનું સ્વાગત કરે છે.લોકો રાજીખુશી થી તેમને ભેટ આપે છે.તે પણ એ લોકો લેતા નથી. રામજીનાં દર્શન કર્યા પછી તેમની વૃત્તિ બદલાઈ ગઈ હતી,પાપ છૂટી ગયું હતું. ચોરી,લૂંટ,હિંસાની એમની આદત છૂટી ગઈ હતી. રામનાં દર્શનથી ચિત્રકૂટના ભીલોનું જીવન સુધરે છે અને આપણું ન સુધરે,તો તેના જેવું પાપ બીજું કયું?અરે,દર્શન થી તો શું પણ રામજીનું નામ લેતાં પણસ્વભાવ સુધરેછે.ભરત કહેછે રામજી,તમે અયોધ્યા પધારો. ચૌદ વર્ષ તો શું,આખી જિંદગી હું વનમાં રહેવા તૈયાર છું.કૌશલ્યા એ આ સાંભળ્યું.મનમાં કહે, આમાં ફેર શું?મારો ભરત,મારો રામ બંને મારા માટે સરખાં છે. છેવટે વસિષ્ઠજી બોલ્યા,લોકો મને બ્રહ્મનિષ્ઠ કહે છે,પણ આ ભરતને જોયા પછી મને થાય છે કે,આ ભરત મારા કરતાં ડાહ્યો છે રામ,તે સુખી થાય તેવો ઉપાયકરો. રામજીએ કહ્યું કે,ભરત કહે તે પ્રમાણે કરવા હું તૈયાર છું.ભરતને નારાજ નહીં કરું.ભરતજી રામને કહે છે,હું આપનો સેવક છું. આપ આજ્ઞા કરો તે પ્રમાણે કરવા હું તૈયાર છું.રાજ્યાભિષેકની તૈયારી કરીને અમે આવ્યા છીએ. અયોધ્યા પધારી આપ સર્વને સનાથ કરો.રામ,લક્ષ્મણઅયોધ્યા જાવ.હું અને શત્રુઘ્ન વનવાસ ભોગવીશું અથવા લક્ષ્મણ શત્રુઘ્ન ને અયોધ્યા મોકલો અને મને આપની સેવાનો લાભ આપો અથવા અમે ત્રણે ભાઈઓ વનમાં રહીએ અને આપસીતાજી સહિત અયોધ્યા જાઓ.એવામાં જનક રાજા ત્યાં પધાર્યા.સીતાનો તપસ્વિનીનો વેશ જોતાં જનકનું હ્રદય ભરાઈઆવ્યું કૌશલ્યાએ જનકને કહ્યું,આ ભરતને સમજાવો.એ ચૌદ વર્ષ કેવી રીતે જીવશે?રામ વિરહ તે સહન કરી શકશે નહીં.ભરતને સંતોષ થાય તેવું કરો!બસ આજે આપણે અહીં અટકી અસ્તુ. યુવાન હજુ વિચારી રહ્યો હતો ત્યારે ઋષિએ તેની બીજી હથેળી લીધી અને કહ્યું,'બેટા,આનેપકડી રાખ.આ દુનિયાનું સૌથી કિંમતી મોતી છે.લોકો તેને'ધીરજ'કહે છે. જ્યારે પણ સમય આપવા છતાં પરિણામ ન મળે,ત્યારે આકિંમતી મોતીને પકડી રાખ.યાદ રાખો, જેની પાસે આ મોતી છે તે દુનિયા માં કંઈપણ પ્રાપ્ત કરી શકે છે. 'યુવકે ઋષિના શબ્દો પર ગંભીરતાથી વિચાર કર્યો અને સંકલ્પ કર્યોકે આજથી તે ક્યારેય પોતાનો સમય બગાડશે નહીં અને હંમેશા ધીરજથી કામ કરશે.આ વિચારને ધ્યાનમાં રાખી ને,તેણે એક મોટા હીરાના વેપારી પાસે કામ કરવાનું શરૂ કર્યું અને તેની મહેનત અને પ્રામાણિકતા દ્વારા, એક દિવસ પોતે મોટો હીરાનો વેપારી બન્યો.ભરતે સીતાજીને પ્રણામ કર્યાં.સીતાજીએ આશીર્વાદ આપ્યા.ભરતને ખાતરી થઈ કે,મારા અપરાધની ક્ષમા કરી છે.વસિષ્ઠ દંડવત્ પ્રણામ કરી રામચંદ્રજી પ્રથમ ભેટે છે કૈકેયીને. કૈકેયી દુઃખી થાય છે. તે મન મૂકીને રડે છે રામજી કૈકેયી ને સમજાવે છે કે,તમે બિલકુલ દુઃખ ન કરો.આમાં તમારો દોષ નથી.આ વિધિ ની લીલા છે. પછી રઘુવીર બધી માતાઓને ભેટી સમજાવે છે કે, કોઇનો દોષ નથી. સાસુજીને જોતાં વ્યાકુળ થયાં અને સીતાનો તપસ્વી વેશ જોતાં કૌશલ્યાનું હ્રદય ભરાયું.કૌશલ્યા એ દશરથના પ્રાણ ત્યાગની કથા સંભળાવી.રામજી વિલાપ કરવા લાગ્યા.ભીલ લોકો અયોધ્યાની પ્રજાનું સ્વાગત કરે છે.લોકો રાજીખુશી થી તેમને ભેટ આપે છે.તે પણ એ લોકો લેતા નથી. રામજીનાં દર્શન કર્યા પછી તેમની વૃત્તિ બદલાઈ ગઈ હતી,પાપ છૂટી ગયું હતું. ચોરી,લૂંટ,હિંસાની એમની આદત છૂટી ગઈ હતી. રામનાં દર્શનથી ચિત્રકૂટના ભીલોનું જીવન સુધરે છે અને આપણું ન સુધરે,તો તેના જેવું પાપ બીજું કયું?અરે,દર્શન થી તો શું પણ રામજીનું નામ લેતાં પણસ્વભાવ સુધરેછે.ભરત કહેછે રામજી,તમે અયોધ્યા પધારો. ચૌદ વર્ષ તો શું,આખી જિંદગી હું વનમાં રહેવા તૈયાર છું.કૌશલ્યા એ આ સાંભળ્યું.મનમાં કહે, આમાં ફેર શું?મારો ભરત,મારો રામ બંને મારા માટે સરખાં છે. છેવટે વસિષ્ઠજી બોલ્યા,લોકો મને બ્રહ્મનિષ્ઠ કહે છે,પણ આ ભરતને જોયા પછી મને થાય છે કે,આ ભરત મારા કરતાં ડાહ્યો છે રામ,તે સુખી થાય તેવો ઉપાયકરો, રામજીએ કહ્યું કે,ભરત કહે તે પ્રમાણે કરવા હું તૈયાર છું.ભરતને નારાજ નહીં કરું.ભરતજી રામને કહે છે,હું આપનો સેવક છું. આપ આજ્ઞા કરો તે પ્રમાણે કરવા હું તૈયાર છું.રાજ્યાભિષેકની તૈયારી કરીને અમે આવ્યા છીએ. અયોધ્યા પધારી આપ સર્વને સનાથ કરો. રામ,લક્ષ્મણઅયોધ્યા જાવ.હું અને શત્રુઘ્ન વનવાસ ભોગવીશું અથવા લક્ષ્મણ શત્રુઘ્ન ને અયોધ્યા મોકલો અને મને આપની સેવાનો લાભ આપો અથવા અમે ત્રણે ભાઈઓ વનમાં રહીએ અને આપસીતાજી સહિત અયોધ્યા જાઓ.એવામાં જનક રાજા ત્યાં પધાર્યા.સીતાનો તપસ્વિનીનો વેશ જોતાં જનકનું હ્રદય ભરાઈઆવ્યું કૌશલ્યાએ જનકને કહ્યું,આ ભરતને સમજાવો.એ ચૌદ વર્ષ કેવી રીતે જીવશે?રામ વિરહ તે સહન કરી શકશે નહીં.ભરતને સંતોષ થાય તેવું કરો!બસ આજે આપણે અહીં અટકી અસ્તુ.

# અમદાવાદના માંડલ ખાતે બાલિકા પંચાયતના હોદ્દેદારો માટે વિશેષ તાલીમ અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

## આરોગ્યની તપાસ સાથે દીકરીઓએ નેતૃત્વના પાઠ અને કરિયર ગાઈડન્સ મેળવ્યું

**અમદાવાદ, તા. 30**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના માર્ગદર્શન હેઠળ માંડલ બાળ વિકાસ યોજના અધિકારીની કચેરી દ્વારા માંડલ ખાતે બાલિકા પંચાયતના સરપંચ અને ઉપસરપંચ માટે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામીણ સ્તરે કિશોરીઓનું સશક્તિકરણ કરવાનો અને તેમને વહીવટી પ્રક્રિયાઓથી માહિતગાર કરવાનો રહ્યો હતો. તાલીમ દરમિયાન ઉપસ્થિત બાલિકા પંચાયતના સરપંચ અને ઉપસરપંચને લોકશાહી પ્રક્રિયા, નેતૃત્વના ગુણો અને તેમના હક્કો તેમજ જવાબદારીઓ અંગે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. ગામના વિકાસકાર્યોમાં બાલિકા પંચાયત કઈ રીતે સક્રિય ભૂમિકા ભજવી શકે તે અંગે પણ વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. દીકરીઓમાં આત્મવિશ્વાસ વધે અને તેઓ સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે વિવિધ પ્રવૃત્તિઓ અને ગ્રુપ ચર્ચાઓ પણ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમ માત્ર વહીવટી તાલીમ પૂરતો મર્યાદિત ન રહેતા, બાલિકાઓના સર્વાંગી ઉત્કર્ષ પર ભાર મૂકવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે કાર્યક્રમમાં હાજર તમામ દીકરીઓનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તબીબી નિષ્ણાતો દ્વારા તેમને સ્વાસ્થ્ય જાળવણી અંગે જરૂરી સલાહ આપવામાં આવી હતી. વધુમાં, માંડલ આઈ.ટી.આઈ.ની ટીમ દ્વારા દીકરીઓને ટેક્નિકલ ક્ષેત્રે આગળ વધવા માટે વિવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા અને ભવિષ્યમાં ઉપલબ્ધ રોજગારીની તકો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમથી બાલિકાઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વાવલંબન પ્રત્યે નવી જાગૃતિ આવશે તેવો આશાવાદ અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. આગામી સમયમાં આ દીકરીઓ પોતાના ગામના સામાજિક અને માળખાગત વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે તેવી





આશા વ્યક્ત કરવામાં આવી હતી. ગામના વિકાસકાર્યોમાં બાલિકા પંચાયત કઈ રીતે સક્રિય ભૂમિકા ભજવી શકે તે અંગે પણ વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. દીકરીઓમાં આત્મવિશ્વાસ વધે અને તેઓ સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે વિવિધ પ્રવૃત્તિઓ અને ગ્રુપ ચર્ચાઓ પણ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમ માત્ર વહીવટી તાલીમ પૂરતો મર્યાદિત ન રહેતા, બાલિકાઓના સર્વાંગી ઉત્કર્ષ પર ભાર મૂકવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે કાર્યક્રમમાં હાજર તમામ દીકરીઓનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તબીબી નિષ્ણાતો દ્વારા તેમને સ્વાસ્થ્ય જાળવણી અંગે જરૂરી સલાહ આપવામાં આવી હતી. વધુમાં, માંડલ આઈ.ટી. આઈ.ની ટીમ દ્વારા દીકરીઓને ટેક્નિકલ ક્ષેત્રે આગળ વધવા માટે વિવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા અને ભવિષ્યમાં ઉપલબ્ધ રોજગારીની તકો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમથી બાલિકાઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વાવલંબન પ્રત્યે નવી જાગૃતિ આવશે તેવો આશાવાદ અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. આગામી સમયમાં આ દીકરીઓ પોતાના ગામના સામાજિક અને માળખાગત વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# એપીએમસી-વિજાપુરમાં માલ પરિવહન માટે રેલવે સુવિધાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા બેઠકનું આયોજન

**અમદાવાદ, તા. 30**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર તારીખ 29/12/2025ના રોજ વિજાપુર એપીએમસી ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય હેતુ નવી ગેજ પરિવર્તિત આદરજ મોતી-વિજાપુર રેલખંડ મારફતે સ્થાનિક કૃષિ તથા વ્યાવસાયિક માલના પરિવહન માટે રેલવે સુવિધાઓનો મહત્તમ ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો હતો. બેઠકની અધ્યક્ષતા મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ દ્વારા કરવામાં આવી હતી. સહ-અધ્યક્ષ તરીકે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, અમદાવાદ શ્રી અનુ ત્યાગી તથા ડીડીઓ મહેસાણા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કપાસ ઉદ્યોગ, એરંડા બીજ ઉદ્યોગ, ખેડૂત પ્રતિનિધિઓ, તમાકુ સંઘ, વેપારી સંગઠનો, કૃષિ સંઘો, માનનીય ધારાસભ્ય-વિજાપુર, તેમજ એપીએમસી વિજાપુરના



અધ્યક્ષ અને નિર્દેશક સહિત અનેક ગણમાન્ય પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠક દરમિયાન તમાકુ, એરંડા બીજ, કપાસ, ઘઉં, બટાકા તથા ખાદ્ય તેલ જેવી મુખ્ય ચીજવસ્તુઓના રેલ પરિવહનને પ્રોત્સાહન આપવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી। અમદાવાદ મંડળના અધિકારીઓ દ્વારા રેલ પરિવહનની સમગ્ર પ્રક્રિયાને સરળ અને સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી, જેમાં ઈન્ડેન્ટ દાખલ કરવું, સ્ટેકિંગ, રેકની આપૂર્તિ, લોડિંગ તથા ડિલિવરી પ્રક્રિયા સામેલ હતી.

પશ્ચિમ રેલવે દ્વારા ઉપલબ્ધ મિની રેક, બે-બિંદુ/બહુ-બિંદુ રેક વિકલ્પ, પાર્સલ તથા વીપિયુ (વ્હીકલ પાર્સલ યુનિટ) સેવાઓ, તેમજ માનક તોલ પ્રક્રિયા અંગે પણ જાણકારી આપવામાં આવી. ઉપરાંત, રેલ તથા માર્ગ પરિવહનની ખર્ચ તુલનાત્મક રજૂઆત દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું કે મોટા પાયે માલ પરિવહનમાં રેલ પરિવહન વધુ ખર્ચ અસરકારક, સુરક્ષિત અને પર્યાવરણ અનુકૂળ છે. બેઠકમાં ઉપસ્થિત તમામ ભાગીદારોએ રેલવે દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓની પ્રશંસા કરી અને વેપારીઓ તથા ઉદ્યોગ પ્રતિનિધિઓએ ભવિષ્યમાં માલ પરિવહન માટે રેલ સેવાઓ અપનાવવાની સંમતિ વ્યક્ત કરી. આ બેઠક અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવેની એક મહત્વપૂર્ણ પહેલ તરીકે સફળ રહી, જેના પરિણામે વિજાપુર વિસ્તારમાં લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા, પરિવહન ખર્ચ ઘટાડવા તથા કૃષિ અને વેપાર ક્ષેત્રના સર્વાંગી વિકાસને નવી દિશા મળવાની અપેક્ષા છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનચરિત્ર પર આધારિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શૉ 'નમોત્સવ'ને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નિહાળ્યો

**અમદાવાદ, તા. 30**

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી શ્રી રામમોહન નાયડુ, કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના અગ્રણીઓની પ્રોત્સાહક ઉપસ્થિતિ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, વિચાર, કાર્યસંસ્કૃતિ અને રાષ્ટ્ર પ્રત્યેના અડગ સંકલ્પને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે આયોજિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શૉ 'નમોત્સવ'ને આજે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નિહાળ્યો હતો. અમદાવાદના ઘુમા સ્થિત સંસ્કારધામ ખાતે આયોજિત આ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના બાળપણથી લઈને રાષ્ટ્રનિર્માણની યાત્રા સુધીના વિવિધ પડાવોને સંગીત, નૃત્ય, નાટ્ય અને આધુનિક મલ્ટિમીડિયા માધ્યમ દ્વારા અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જાણીતા કલાકાર શ્રી સાઈરામ દવે સહિત કુલ ૧૫૦ કલાકારોએ પોતાની કલાત્મક રજૂઆત દ્વારા ઉપસ્થિત સૌને ભાવવિભોર કરી દીધા હતા. કાર્યક્રમ દરમિયાન દેશભક્તિ, સેવા, સંકલ્પ, સંસ્કાર અને વિકાસના મૂલ્યોને કલાત્મક રીતે ઉજાગર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી શ્રી રામમોહન નાયડુ, કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, ભાજપા પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા, ભાજપા સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, શહેર ભાજપા પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ સહિત વરિષ્ઠ સચિવશ્રીઓ, કલેકટર શ્રી સુજીત કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, સંસ્કારધામના ચેરમેન શ્રી ડૉ. આર. કે. શાહ, વાઈસ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ તેમજ સંતો-મહંતો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત મહાનુભાવોએ રસપૂર્વક નિહાળ્યો હતો. 'નમોત્સવ' કાર્યક્રમ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રહિતમાં કાર્ય કરવાની ભાવનાને મજબૂત બનાવવાનો સંદેશ અસરકારક રીતે રજૂ થયો હતો.

# માતર તાલુકાના દેથલી ગામે વાડીકુવા ફળિયા ખાતે ખેડૂતશ્રી ઈશ્વરભાઈ સોલંકીના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લેતા રાજ્યપાલશ્રી

**નડિયાદ, તા. 30**

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડા જિલ્લાના માતર તાલુકાના દેથલી ગામે રાત્રિ રોકાણ બાદ વહેલી સવારે દેથલી ગામના વાડીકુવા ફળિયા ખાતે પ્રગતિશીલ ખેડૂતશ્રી ઈશ્વરભાઈ દેવાભાઈ સોલંકીના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી. વહેલી સવારે રાજ્યપાલશ્રીએ દેથલીના ખેડૂતો, પશુપાલકો તેમજ ફાર્મર માસ્ટર ટ્રેનરો સાથે પ્રાકૃતિક કૃષિના ફેલાવા અને પ્રચાર પ્રસાર અંગે સંવાદ કર્યો હતો. તેમજ સરકાર દ્વારા આપવામાં આવતી તાલીમ અંગે માહિતી મેળવી હતી. તેમણે ખેડૂતોને જણાવ્યું હતું કે, "પ્રાકૃતિક ખેતીની શરૂઆત અડધા વીઘાથી કરો અને ઈમાનદારીથી પ્રાકૃતિક ખેતીના પાંચે આયામો અને મિશ્ર પાક ખેતી દ્વારા શ્રેષ્ઠ ઉત્પાદન મેળવીને ઉદાહરણ પૂરું પાડો. જેથી કરીને અન્ય લોકોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરણા મળે. આ માટે માતર તાલુકાના પ્રત્યેક ગામમાં પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમનું આયોજન કરવા જણાવ્યું. તાલીમ બાદ તાલુકાના ૪૯ ગામોમાં પ્રત્યેક ખેડૂતો પોતાના અડધા વીઘામાં પણ પ્રાકૃતિક ખેતી અપનાવે તેવો અનુરોધ પણ કર્યો હતો. ખેડૂતશ્રી ઈશ્વરભાઈ દેવાભાઈ સોલંકીના અડધા વીઘા ફાર્મમાં પ્રાકૃતિક ખેતીના મિશ્ર પાક થકી ઉગાવવામાં આવેલ ફ્લાવર, કોબીજ, મૂળા, હળદર, મરચા, ટામેટી, ડુંગળી, શેરડી, સરગવો, પપૈયા અંગે જાણકારી મેળવી હતી.

# બાવળાના ધનવાડા ક્લસ્ટર ખાતે યોજાયેલી રવિ કૃષિ તાલીમ અને પ્રેરણા પ્રવાસનો 90 ખેડૂતોએ લાભ લીધો

**બાવળા, તા. 30**

બાવળા તાલુકાના ધનવાડા ક્લસ્ટર ખાતે 'રવિ કૃષિ તાલીમ' અંતર્ગત ખેડૂતો માટે એક વિશેષ પ્રેરણા પ્રવાસ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. નોન મિશન ક્લસ્ટર હેઠળ જિલ્લા અંદર યોજાયેલા આ કાર્યક્રમમાં આધુનિક ખેતી પદ્ધતિઓ અને રવિ પાકના વ્યવસ્થાપન અંગે ખેડૂતોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ તાલીમમાં ધનવાડા અને આસપાસના વિસ્તારના કુલ 90 જેટલા ઉત્સાહી ખેડૂતોએ હાજર રહીને ખેતીલક્ષી અદ્યતન જાણકારી મેળવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ટી.પી.એમ. સુશ્રી ઝરણા ચાવડા અને એગ્રી આસિસ્ટન્ટ સુશ્રી સેજલ ચૌહાણ દ્વારા ખેડૂતોને રવિ સીઝન દરમિયાન લેવામાં આવતા પાકોની માવજત, ખાતર વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણ અંગે ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધિકારીઓએ ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરી ઓછી મહેનતે વધુ ઉત્પાદન કેવી રીતે મેળવવું તે વિશે સમજણ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન સી.આર.પી. શ્રી દશરથભાઈ તથા કે.એસ. સુશ્રી ગુલાબબહેન દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રેરણા પ્રવાસના ભાગરૂપે યોજાયેલી આ તાલીમમાં ખેડૂતોએ પોતપોતાના ખેતી વિષયક પ્રશ્નો અને મૂંઝવણો રજૂ કરી હતી, જેનું નિષ્ણાતો દ્વારા સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત ખેડૂતોએ ખેતીના આ નવા અભિગમથી પ્રેરિત થઈને ખેતીમાં ગુણવત્તાયુક્ત ફેરફારો લાવવાની ખાતરી આપી હતી. પ્રેરણા પ્રવાસના ભાગરૂપે યોજાયેલી આ તાલીમમાં ખેડૂતોએ પોતપોતાના ખેતી વિષયક પ્રશ્નો અને મૂંઝવણો રજૂ કરી હતી, જેનું નિષ્ણાતો દ્વારા સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત ખેડૂતોએ ખેતીના આ નવા અભિગમથી પ્રેરિત થઈને ખેતીમાં ગુણવત્તાયુક્ત ફેરફારો લાવવાની ખાતરી આપી હતી.

# કચ્છના જળ યોદ્ધા તરીકે પ્રખ્યાત 'દામજીભાઈ એન્કરવાલા' પર ડાક વિભાગ દ્વારા ડાક ટિકિટ જારી કરી

## ડાક ટિકિટો સંદેશાવ્યવહાર સાથે- સાથે રાષ્ટ્રીય ગૌરવ અને વારસાને પ્રોત્સાહન આપે છે – મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ ગણેશ વી. સાવલેશ્વરકર

**અમદાવાદ, તા. 30**

ભારતીય ડાક વિભાગ દ્વારા કચ્છના જળ યોધ્ધા તરીકે પ્રખ્યાત 'દામજીભાઈ એન્કરવાલા' પર એક કસ્ટમાઈઝ્ડ ડાક ટિકિટ જારી કરવામાં આવી. સર્કલ ઓફિસ, અમદાવાદ ખાતે આયોજિત એક સમારોહમાં ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવલેશ્વરકર તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે 29 ડિસેમ્બર, 2025ના રોજ ઉપરોક્ત ડાક ટિકિટ (માય સ્ટેમ્પ) જારી કરી. આ અવસરે નિદેશક ડાક સેવા શ્રી સુરેખ રેઘુનાથેન, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હાર્દિક મામાનિયા, ટ્રસ્ટી શ્રી સંજયભાઈ ડી. શાહ અને શ્રી અતુલ ડી. શાહ, કચ્છમિત્રના સંપાદક શ્રી દીપક માંકડ તેમજ કચ્છમિત્રના જનરલ મેનેજર શ્રી મુકેશ ધોળકિયાની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી. આ અવસરે મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવલેશ્વરકરે જણાવ્યું કે ડાક ટિકિટો દેશની સંસ્કૃતિ, ઈતિહાસ, વિજ્ઞાન અને સિદ્ધિઓને પ્રતિબિંબિત કરે છે, સંદેશાવ્યવહાર તેમજ રાષ્ટ્રીય ગૌરવ અને વારસાને પ્રોત્સાહન આપે છે. દામજીભાઈ એન્કરવાલાનું જીવન કચ્છ અને સામાજિક ઉત્થાન માટે સમર્પિત હતું અને તેમની જેમ યુવાનોને પણ માતૃભૂમિ પ્રત્યે પોતાની નિષ્ઠા અને જવાબદારી હંમેશા યાદ રાખવી જોઈએ. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે દામજીભાઈ એન્કરવાલાએ કચ્છના જળ વ્યવસ્થાપનમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. એક ઉદ્યોગપતિ હોવા સાથે- સાથે તેઓ પ્રખ્યાત સામાજિક કાર્યકર પણ હતા. કચ્છના જળ યોધ્ધા તરીકે બહાર પાડવામાં આવેલ આ ડાક ટિકિટ દામજીભાઈના વ્યક્તિત્વ, સંઘર્ષ અને સમાજ પ્રત્યેના તેમના યોગદાનને દેશ-વિદેશમાં આવનારી પેઢીઓ સુધી પહોંચાડવાનું માધ્યમ બનશે. શ્રી યાદવે જણાવ્યું કે ડાક ટિકિટ વાસ્તવમાં એક નાનકડો રાજદૂત છે, જે વિવિધ દેશોમાં પ્રવાસ કરે છે અને તેમને પોતાની સંસ્કૃતિ, સંસ્કાર અને વારસાની ઓળખ કરાવે છે. દરેક ડાક ટિકિટ પાછળ એક વાર્તા છુપાયેલી હોય છે અને આ વાર્તા સાથે આજની યુવા પેઢીને જોડવાની જરૂર છે.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અતુલ ડી. શાહે આ સ્ટેમ્પ માટે ઈન્ડિયા પોસ્ટનો આભાર માન્યો અને તેમના પિતા દામજીભાઈ લાલજીભાઈ શાહ - એન્કરવાલા (1937-2023)ના જીવન પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે કચ્છમાં જન્મેલા શ્રી દામજીભાઈનું સ્વપ્ન ડૉક્ટર બનવાનું હતું, પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચાલી રહેલી પાણીની સમસ્યાએ તેમને સમાજસેવા અને રાષ્ટ્રનિર્માણની દિશામાં પ્રેરિત કર્યા. કચ્છમાં વ્યાપક જળ સંકટને તેમણે પોતાની વ્યક્તિગત જવાબદારી માની અને તેના ઉકેલ માટે સતત પ્રયત્નો કર્યા. તેમના અવિરત પ્રયાસો અને દુરદર્શિતાના પરિણામે દુષ્કાળગ્રસ્ત કચ્છ જિલ્લામાં નર્મદાનું પાણી પહોંચાડી શકાયું. આ ઐતિહાસિક પહેલથી કચ્છના લાખો લોકોના જીવનમાં કાયમી પરિવર્તન આવ્યું અને પ્રદેશના વિકાસને નવી દિશા મળી. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હાર્દિક મામાનિયાએ જણાવ્યું કે દામજીભાઈ એન્કરવાલાનું જીવન યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. ટ્રસ્ટી શ્રી સંજયભાઈ ડી. શાહ, કચ્છમિત્રના સંપાદક શ્રી દીપક માંકડ તથા કચ્છમિત્રના જનરલ મેનેજર શ્રી મુકેશ ધોળકિયાએ પણ દામજીભાઈ એન્કરવાલાના વ્યક્તિત્વ અને કાર્યના વિવિધ પાસાઓનો પરિચય કરાવ્યો. આ અવસરે સિનિયર પોસ્ટમાસ્ટર, અમદાવાદ જીપીઓ શ્રી અલ્પેશ આર. શાહ, સહાયક નિદેશક શ્રી એન. એન. રાવલ, સુશ્રી કિંજલ શાહ, શ્રી મિરલ ખમાર, સહાયક અધિક્ષક સુશ્રી વિજયાલક્ષ્મી, શ્રી જલદીપ ગોહેલ, શ્રી ધવલ બાવીસી, શ્રી બિરંગ શાહ, શ્રી ભાવિન પ્રજાપતિ, શ્રી રમેશ જી પટેલ, શ્રી દિક્ષિત રામી, સુશ્રી ધારા કાપડિયા સહિત અનેક લોકોહાજર રહ્યા. કાર્યક્રમનું સંચાલન સહાયક અધિક્ષક શ્રી હાર્દિક ગઢવીએ કર્યું. કચ્છના જળ યોધ્ધા તરીકે બહાર પાડવામાં આવેલ આ ડાક ટિકિટ દામજીભાઈના વ્યક્તિત્વ, સંઘર્ષ અને સમાજ પ્રત્યેના તેમના યોગદાનને દેશ-વિદેશમાં આવનારી પેઢીઓ સુધી પહોંચાડવાનું માધ્યમ બનશે. શ્રી યાદવે જણાવ્યું કે ડાક ટિકિટ વાસ્તવમાં એક નાનકડો રાજદૂત છે, જે વિવિધ દેશોમાં પ્રવાસ કરે છે અને તેમને પોતાની સંસ્કૃતિ, સંસ્કાર અને વારસાની ઓળખ કરાવે છે. દરેક ડાક ટિકિટ પાછળ એક વાર્તા છુપાયેલી હોય છે અને આ વાર્તા સાથે આજની યુવા પેઢીને જોડવાની જરૂર છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અતુલ ડી. શાહે આ સ્ટેમ્પ માટે ઈન્ડિયા પોસ્ટનો આભાર માન્યો અને તેમના પિતા દામજીભાઈ લાલજીભાઈ શાહ - એન્કરવાલા (1937-2023)ના જીવન પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે કચ્છમાં જન્મેલા શ્રી દામજીભાઈનું સ્વપ્ન ડૉક્ટર બનવાનું હતું, પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચાલી રહેલી પાણીની સમસ્યાએ તેમને સમાજસેવા અને રાષ્ટ્રનિર્માણની દિશામાં પ્રેરિત કર્યા. કચ્છમાં વ્યાપક જળ સંકટને તેમણે પોતાની વ્યક્તિગત જવાબદારી માની અને તેના ઉકેલ માટે સતત પ્રયત્નો કર્યા. તેમના અવિરત પ્રયાસો અને દુરદર્શિતાના પરિણામે દુષ્કાળગ્રસ્ત કચ્છ જિલ્લામાં નર્મદાનું પાણી પહોંચાડી શકાયું. આ ઐતિહાસિક પહેલથી કચ્છના લાખો લોકોના જીવનમાં કાયમી પરિવર્તન આવ્યું અને પ્રદેશના વિકાસને નવી દિશા મળી. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હાર્દિક મામાનિયાએ જણાવ્યું કે દામજીભાઈ એન્કરવાલાનું જીવન યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. ટ્રસ્ટી શ્રી સંજયભાઈ ડી. શાહ, કચ્છમિત્રના સંપાદક શ્રી દીપક માંકડ તથા કચ્છમિત્રના જનરલ મેનેજર શ્રી મુકેશ ધોળકિયાએ પણ દામજીભાઈ એન્કરવાલાના વ્યક્તિત્વ અને કાર્યના વિવિધ પાસાઓનો પરિચય કરાવ્યો. આ અવસરે સિનિયર પોસ્ટમાસ્ટર, અમદાવાદ જીપીઓ શ્રી અલ્પેશ આર. શાહ, સહાયક નિદેશક શ્રી એન. એન. રાવલ, સુશ્રી કિંજલ શાહ, શ્રી મિરલ ખમાર, સહાયક અધિક્ષક સુશ્રી વિજયાલક્ષ્મી, શ્રી જલદીપ ગોહેલ, શ્રી ધવલ બાવીસી, શ્રી બિરંગ શાહ, શ્રી ભાવિન પ્રજાપતિ, શ્રી રમેશ જી પટેલ, શ્રી દિક્ષિત રામી, સુશ્રી ધારા કાપડિયા સહિત અનેક લોકોહાજર રહ્યા. કાર્યક્રમનું સંચાલન સહાયક અધિક્ષક શ્રી હાર્દિક ગઢવીએ કર્યું.

# T20 વર્લ્ડકપ માટે ઇંગ્લેન્ડની પ્રોવિઝનલ ટીમની જાહેરાત : ફાસ્ટ બોલર જોશ ટંગને તક મળી ; શ્રીલંકા પ્રવાસ માટે પણ ટીમ જાહેર

## ભારતીય ટીમે પ્રથમ ત્રણ ટી20 મેચ જીતીને સિરીઝમાં 3-0ની અજેય લીડ મેળવી છે

**ઇંગ્લેન્ડ, તા. 30**

ઇંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB)એ ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026 માટે ઇંગ્લેન્ડની પ્રોવિઝનલ ટીમ જાહેર કરી દીધી છે. શ્રીલંકા સામેની વન-ડે અને T20 સિરીઝ માટે પણ ટીમ જાહેર કરી છે. આ પ્રવાસ વર્લ્ડ કપ પહેલા ટીમની તૈયારીની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. T20 વર્લ્ડ કપ ટીમની આગેવાની હેરી બ્રુકને સોંપવામાં આવી છે. 15 ખેલાડીઓની આ ટીમમાં જોશ ટંગને પણ સ્થાન મળ્યું છે. ટંગે હજુ સુધી ઇન્ટરનેશનલ લિમિટેડ ઓવર ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું નથી. આર્ચર વર્લ્ડ કપ ટીમમાં સામેલ ટીમમાં જોસ બટલર, સેમ કરન, ફિલ સોલ્ટ અને આદિલ રાશિદ જેવા સિનિયર ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરને વર્લ્ડ કપ ટીમમાં સામેલ કર્યો છે, જોકે તે શ્રીલંકા પ્રવાસે નહીં જાય. T20 વર્લ્ડ કપ માટે ઇંગ્લેન્ડની સંભવિત ટીમ હેરી બ્રૂક (કેપ્ટન), રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ટોમ બેન્ટન, જેકબ બેથેલ, જોસ બટલર, સેમ કરન, લિયમ ડોસન, બેન ડકેટ, વિલ જેક્સ, જેમી ઓવરટન, આદિલ રાશિદ, ફિલ સોલ્ટ, જોશ ટંગ, લ્યુક વુડ. 22 જાન્યુઆરીથી શ્રીલંકાનો પ્રવાસ શરૂ થશે



શ્રીલંકાના પ્રવાસ પર ઇંગ્લેન્ડને ત્રણ વન-ડે અને ત્રણ T20 મેચ રમવાની છે. આ પ્રવાસ 22 જાન્યુઆરીથી શરૂ થશે. વન-ડે ટીમમાં જો રૂટની વાપસી થઈ છે, 15 ખેલાડીઓની આ ટીમમાં જોશ ટંગને પણ સ્થાન મળ્યું છે. ટંગે હજુ સુધી ઇન્ટરનેશનલ લિમિટેડ ઓવર ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું નથી. આર્ચર વર્લ્ડ કપ ટીમમાં સામેલ ટીમમાં જોસ બટલર, સેમ કરન, ફિલ સોલ્ટ અને આદિલ રાશિદ જેવા સિનિયર ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરને વર્લ્ડ કપ ટીમમાં સામેલ કર્યો છે, જોકે તે શ્રીલંકા પ્રવાસે નહીં જાય. T20 વર્લ્ડ કપ માટે ઇંગ્લેન્ડની સંભવિત ટીમ હેરી બ્રૂક (કેપ્ટન), રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ટોમ બેન્ટન, જેકબ બેથેલ, જોસ બટલર, સેમ કરન, લિયમ ડોસન, બેન ડકેટ, વિલ જેક્સ, જેમી ઓવરટન, આદિલ રાશિદ, ફિલ સોલ્ટ, જોશ ટંગ, લ્યુક વુડ. 22 જાન્યુઆરીથી શ્રીલંકાનો પ્રવાસ શરૂ થશે શ્રીલંકાના પ્રવાસ પર ઇંગ્લેન્ડને ત્રણ વન-ડે અને ત્રણ T20 મેચ રમવાની છે. આ પ્રવાસ 22 જાન્યુઆરીથી શરૂ થશે. વન-ડે ટીમમાં જો રૂટની વાપસી થઈ છે, જેનાથી બેટિંગને મજબૂતી મળશે. ECB અનુસાર, આ સિરીઝ ખેલાડીઓને વર્લ્ડ કપ પહેલાં પરિસ્થિતિઓમાં ઢળવા અને યોગ્ય સંયોજન નક્કી કરવાની સારી તક આપશે. શ્રીલંકા સામેની T20 ટીમ હેરી બ્રૂક (કેપ્ટન), રેહાન અહેમદ, ટોમ બેન્ટન, જેકબ બેથેલ, જોસ બટલર, બ્રાયડન કાર્સ, સેમ કરન, લિયમ ડોસન, બેન ડકેટ, વિલ જેક્સ, જેમી ઓવરટન, આદિલ રાશિદ, ફિલ સોલ્ટ, જોશ ટંગ, લ્યુક વુડ. શ્રીલંકા સામે વન-ડે ટીમ હેરી બ્રુક (કેપ્ટન), રેહાન અહેમદ, ટોમ બેન્ટન, જેકબ બેથેલ, જોસ બટલર, બ્રાયડન કાર્સ, જેક ક્રોલી, સેમ કરન, લિયમ ડોસન, બેન ડકેટ, વિલ જેક્સ, જેમી ઓવરટન, આદિલ રાશિદ, જો રૂટ, લ્યુક વુડ.

## શાન મસૂદે સેહવાગનો 19 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો : પાકિસ્તાનમાં સૌથી ઝડપી ફર્સ્ટ-ક્લાસ બેવડી સદી ફટકારી

**મુંબઈ તા. 30**

પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન શાન મસૂદે ડોમેસ્ટિક ક્રિકેટમાં એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેણે પાકિસ્તાનની ધરતી પર ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટની સૌથી ઝડપી બેવડી સદી ફટકારીને ભારતના પૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગનો 19 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો. આ સિદ્ધિ શાન મસૂદે સોમવારે કરાચીમાં રમાઈ રહેલી પ્રેસિડેન્ટ્સ ટ્રોફી ગ્રેડ-I 2025/26ની મેચમાં હાંસલ કરી. આ મેચ સુઈ નોર્ધન ગેસ પાઈપલાઈન્સ લિમિટેડ (SNGPL) અને સાહિર એસોસિએટ્સ વચ્ચે રમાઈ રહી છે.



## MIએ ક્રિસ્ટન બીમ્સને કોચિંગ સ્ટાફમાં સામેલ કરી : પૂર્વ ઓસ્ટ્રેલિયન લેગ સ્પિનરને સ્પિન બોલિંગ કોચની જવાબદારી સોંપાઈ



**મુંબઈ તા. 30**

ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ (MI)એ વુમન્સ પ્રીમિયર લીગ (WPL) 2026 માટે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન લેગ સ્પિનર ક્રિસ્ટન બીમ્સને સ્પિન બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરી છે. 41 વર્ષીય બીમ્સ ઓસ્ટ્રેલિયા માટે ત્રણેય ફોર્મેટમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચૂકી છે. ક્રિસ્ટન બીમ્સ આ પહેલા વુમન્સ બિગ બેશ લીગ (WBBL), ધ હન્ડ્રેડ અને ઓસ્ટ્રેલિયાની અંડર-19 મહિલા ટીમમાં કોચિંગની ભૂમિકા ભજવી ચૂકી છે. ખેલાડી તરીકે તેણે ઓસ્ટ્રેલિયા માટે 1 ટેસ્ટ, 30 વન-ડે અને 18 T20 મેચ રમી હતી. મુંબઈ ઈન્ડિયન્સના કોચિંગ સ્ટાફમાં હવે હેડ કોચ લિસા કીટલી (MI સાથે તેમની પ્રથમ સીઝન, આ પહેલા દિલ્હી કેપિટલ્સના કોચ), બોલિંગ કોચ અને મેન્ટર ઝુલન ગોસ્વામી, બેટિંગ કોચ દેવિકા પલશિકર અને ફિલ્ડિંગ કોચ નિકોલ બોલ્ટન સાથે ક્રિસ્ટન બીમ્સ પણ સામેલ થઈ ગઈ છે. બીમ્સે કહ્યું- ઝૂલન ગોસ્વામી સાથે કામ કરવું ગર્વની વાત MIના ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં ક્રિસ્ટન બીમ્સે કહ્યું, 'આ મારા માટે એક શાનદાર અવસર છે. ઝૂલન ગોસ્વામી જેવી દિગ્ગજ ખેલાડી સાથે કામ કરવું ખૂબ જ ખાસ છે. હું તેની વિરુદ્ધ રમી છે અને હવે તેની સાથે કામ કરવું મારા માટે ગર્વની વાત છે. મુંબઈ ઈન્ડિયન્સે એક મજબૂત જીતવાની સંસ્કૃતિ બનાવી છે અને આ ટીમ એક પરિવાર જેવી છે.' MIએ બે વાર WPL ખિતાબ જીત્યો મુંબઈ ઈન્ડિયન્સે અત્યાર સુધી રમાયેલી ત્રણ WPL સીઝનમાંથી બેમાં ખિતાબ જીત્યો છે. WPL 2026ની શરૂઆત 9 જાન્યુઆરીથી થશે.

## 2025ના કડવા અનુભવો બાદ 2026 માં દેખાશે ત્રિધાનો 'દબંગ' અંદાજ; આલિયાના ગુરુ પાસેથી શીખશે માર્શલ આર્ટ્સ



## 'આશ્રમ'ની બબીતા હવે બનશે, ફાઇટર

**મુંબઈ તા. 30**

વેબ સિરીઝ આશ્રમથી દર્શકોમાં ખાસ ઓળખ બનાવનાર એક્ટ્રેસ ત્રિધા ચૌધરી તેના નિર્ભિક અંદાજ, મજબૂત પાત્રો અને સતત કામ કરવાની વિચારસરણી માટે જાણીતી છે. 2025 તેના કરિયર માટે અનેક રીતે યાદગાર રહ્યું, જ્યાં તેણે OTT થી લઈને ફિલ્મો સુધીના અલગ-અલગ પ્રોજેક્ટ્સમાં પોતાની હાજરી નોંધાવી. આ એક્સક્લુઝિવ વાતચીતમાં ત્રિધા ચૌધરીએ તેના ગત વર્ષની સિદ્ધિઓ, અંગત શીખ, આવનારા પ્લાન્સ અને નવા વર્ષ પ્રત્યેના તેના દૃષ્ટિકોણ વિશે ખૂલીને વાત કરી. જો તમે વર્ષ 2025 ને પ્રોફેશનલ અને પર્સનલ બંને રીતે જુઓ, તો આ વર્ષ તમારા માટે કેવું રહ્યું? વર્ષ 2025 મારા માટે ઘણી રીતે ખૂબ સારું વર્ષ રહ્યું છે. આશ્રમ રિલીઝ થઈ, જેને દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો. ત્યારબાદ 'દિલ દોસ્તી ડોગ્સ' નામની એક ફિલ્મ આવી, જે OTT પર રિલીઝ થઈ. આમાં મેં નીના ગુપ્તા સાથે કામ કર્યું છે. ત્યારબાદ મને ફિલ્મ 'કિસ કિસકો પ્યાર કરું પાર્ટ 2' માં કામ કરવાનો મોકો મળ્યો, જે આ જ વર્ષે રિલીઝ થઈ. આખરે, એક એક્ટરને બીજું શું જોઈએ? સારી ફિલ્મો મળે અને સતત કામ મળતું રહે. દરેક નવું વર્ષ નવી આશાઓ સાથે આવે છે. શું ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તમે તમારા માટે કોઈ ખાસ સંકલ્પ લીધો છે, જેને તમે અનુસરવા માંગશો? મારો સંકલ્પ એ જ છે કે હું મારી જાતને વધુ સારી બનાવું.

## ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં 9 વર્ષની સફર યાદ કરી રશ્મિકા ભાવુક



**મુંબઈ, તા. 30**

હિન્દી અને સાઉથ સિનેમામાં પોતાના અભિનય અને સુંદરતાથી દર્શકોને ઘેલું લગાડનાર રશ્મિકા મંદાનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આજે નવ વર્ષ પૂરાં કર્યાં છે. સાઉથ સિનેમાથી કરિયરની શરૂઆત કરનારી રશ્મિકાએ બોલિવૂડ ફિલ્મોમાં પણ પોતાની અલગ ઓળખ બનાવી છે. અભિનય ઉપરાંત તે અવારનવાર સાઉથ સ્ટાર વિજય દેવરકોંડા સાથેના રિલેશનને લઈને ચર્ચામાં રહે છે. બંને 26 ફેબ્રુઆરી 2026માં રાજસ્થાનના ઉદયપુરમાં લગ્ન કરવાના છે. ત્યારે હાલમાં તેમના લગ્નની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. તે વચ્ચે રશ્મિકા તેના મિત્રો સાથે યુરોપના રોમમાં ફરી રહી છે. રશ્મિકા મંદાનાએ 2016માં કન્નડ ફિલ્મ 'કિરીક પાર્ટી'થી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કર્યું હતું. આજે 9 વર્ષ બાદ તે સાઉથ અને હિન્દી સિનેમાની લોકપ્રિય એક્ટ્રેસિસમાંની એક બની ગઈ છે.



## 'આ તો દારૂ પીને આવી છે':'બિગ બોસ 19' ફેમ ફરહાના પાપારાઝીની કમેન્ટ પર ભડકી, કહ્યું- 'મજાકની પણ એક સીમા હોય છે'

**મુંબઈ તા. 30**

'બિગ બોસ 19'ની રનર અપ રહેલી ફરહાના ભટ્ટ તાજેતરમાં પાપારાઝી પર ભડકી ગઈ. રેસ્ટોરન્ટની બહાર નીકળતા જ પાપારાઝીએ કહ્યું કે, 'આ તો દારૂ પીને આવી છે'. જે સાંભળીને ફરહાના ભડકી ગઈ હતી. વાસ્તવમાં ફરહાના ભટ્ટ સોમવારે એક રેસ્ટોરન્ટની બહાર જોવા મળી હતી. જેવી ફરહાના રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળી, તેવી જ તેની તસવીરો ક્લિક કરવા માટે પાપારાઝીની ભીડ એકઠી થઈ ગઈ. આ દરમિયાન કોઈ ફોટોગ્રાફરે કહ્યું કે, 'ફરહાનાએ દારૂ પીધો છે.' આ સાંભળતા જ એક્ટ્રેસ ભડકી ગઈ. ફરહાનાએ ફોટોગ્રાફરને પૂછ્યું, 'હમણાં શું બોલી રહ્યા હતા કે કંઈ પીધું છે? મારી સામે આ બધું ફરીથી ન કરતા. હું મસ્તી-મજાકમાં પ્રેમ કરું છું, ઈજ્જત આપશો, તો ઈજ્જત મળશે.' ફરહાનાનો ઠપકો સાંભળતા જ તે ફોટોગ્રાફર સાથે ઉભેલા શખ્સે સફાઈમાં કહ્યું કે, તેણે મજાકમાં આ વાત કહી હતી. આના પર એક્ટ્રેસે કહ્યું, 'કેટલીક વસ્તુઓ મજાકમાં પણ સારી નથી લાગતી.' આ દરમિયાન ફોટોગ્રાફર વારંવાર સફાઈ આપતો રહ્યો કે, તેણે ફરહાનાને નહીં પણ પોતાના મિત્રને મજાકમાં કહ્યું હતું. આ ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ ફરહાનાના ઘણા ફેન્સ તેના સમર્થનમાં ઉતર્યા છે. ઘણા ફેન્સે પાપારાઝીની ટિપ્પણીની ટીકા કરી. એક યુઝરે લખ્યું, 'મને લાગે છે કે તે સાચું કહી રહી છે. મીડિયા ઘણીવાર હદ વટાવી દે છે. તેણે શાલીનતાથી તેને હેન્ડલ કર્યું.' જ્યારે અન્ય યુઝર્સ પાપારાઝીની ક્લાસ લગાવવા બદલ ફરહાનાની પ્રશંસા કરી રહ્યા છે. નોંધનીય છે કે, ફરહાના ભટ્ટને ટેલિવિઝનના લોકપ્રિય શો 'બિગ બોસ 19'થી લોકપ્રિયતા મળી છે. શોમાં ફરહાના રનર-અપ રહી હતી, જ્યારે ટીવી એક્ટર ગૌરવ ખન્ના સીઝન જીત્યો હતો. ફરહાના ટીવી શોમાં ઝઘડાઓને કારણે ઘણી ચર્ચામાં રહી હતી. ઘણી વખત સલમાન ખાને પણ તેને ઠપકો આપ્યો હતો.

ઘણા ફેન્સે પાપારાઝીની ટિપ્પણીની ટીકા કરી. એક યુઝરે લખ્યું, 'મને લાગે છે કે તે સાચું કહી રહી છે. મીડિયા ઘણીવાર હદ વટાવી દે છે. તેણે શાલીનતાથી તેને હેન્ડલ કર્યું.' જ્યારે અન્ય યુઝર્સ પાપારાઝીની ક્લાસ લગાવવા બદલ ફરહાનાની પ્રશંસા કરી રહ્યા છે. નોંધનીય છે કે, ફરહાના ભટ્ટને ટેલિવિઝનના લોકપ્રિય શો 'બિગ બોસ 19'થી લોકપ્રિયતા મળી છે. શોમાં ફરહાના રનર-અપ રહી હતી, જ્યારે ટીવી એક્ટર ગૌરવ ખન્ના સીઝન જીત્યો હતો. ફરહાના ટીવી શોમાં ઝઘડાઓને કારણે ઘણી ચર્ચામાં રહી હતી. ઘણી વખત સલમાન ખાને પણ તેને ઠપકો આપ્યો હતો.

# ITR ફાઈલ કરવાનો આજે છેલ્લો દિવસ: 70 લાખથી વધુ લોકોનું રિટર્ન પેન્ડિંગ, ડેડલાઈન ચૂકી જશો તો 70% સુધી વધુ ટેક્સ ભરવો પડશે......

મુંબઈ, તા.30

આજે 2025-26 માટે રિવાઈઝ અથવા વિલંબિત રિટર્ન ભરવાનો છેલ્લો દિવસ છે. આ પછી તમે તમારી જાતે રિટર્નમાં કોઈ ફેરફાર કરી શકશો નહીં. હાલમાં દેશમાં 70 લાખથી વધુ કરદાતાઓ એવા છે જેમનું રિટર્ન હજુ સુધી પ્રોસેસ થયું નથી. તેમાં મોટી સંખ્યા એવા લોકોની છે જેમનું રિફંડ અટવાયેલું છે. વિભાગ દ્વારા ઘણા કરદાતાઓને ફોર્મ-16 અને ITR માં તફાવત હોવા અંગેના એલર્ટ પણ મોકલવામાં આવ્યા છે. નિયમ મુજબ, 31 ડિસેમ્બરની ડેડલાઈન પૂરી થતા જ કરદાતા પાસેથી સ્વૈચ્છિક સુધારાનો વિકલ્પ સમાપ્ત થઈ જશે. આ પછી તમે તમારી મરજીથી કોઈ કપાત કે છૂટનો દાવો કરી શકશો નહીં. જો વિભાગને કોઈ ગડબડ મળશે, તો તે સીધો નોટિસ અથવા ડિમાન્ડ જાહેર કરશે. ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સની ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન સીએ વિરાજ મહેતાના મતે, જો તમે 31 ડિસેમ્બર સુધી રિટર્ન રિવાઈઝ નહીં કરો, તો પછીથી તમારી પાસે ફક્ત 'અપડેટેડ રિટર્ન' (u/s 139(8A)) નો વિકલ્પ રહેશે.




આ સુવિધા 4 વર્ષ સુધી મળે છે, પરંતુ તેમાં તમારે ભારે પેનલ્ટી ચૂકવવી પડશે. પહેલા વર્ષમાં 25%, બીજામાં 50% અને ચોથા વર્ષ સુધી આ પેનલ્ટી 70% સુધી જઈ શકે છે. આ ઉપરાંત વ્યાજ અલગથી ચૂકવવું પડશે.

ડિપાર્ટમેન્ટના લેટેસ્ટ ડેટા મુજબ, 28 ડિસેમ્બર સુધીમાં લગભગ 8.5 કરોડ ITR ફાઈલ અને વેરિફાય કરવામાં આવ્યા છે. તેમાંથી લગભગ 7.8 કરોડ રિટર્ન પ્રોસેસ થઈ ચૂક્યા છે, પરંતુ 70 લાખથી વધુ રિટર્ન હજુ પણ સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટર (CPC) માં પેન્ડિંગ છે.

આ વર્ષે અત્યાર સુધીમાં 21 લાખથી વધુ રિવાઈઝ્ડ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે જે લોકોના રિફંડ અટવાયેલા છે, તેમાંથી મોટાભાગના કિસ્સાઓમાં વિભાગે ડેટામાં ગડબડી અથવા પોલિટિકલ ડોનેશન જેવા દાવાઓ પર સવાલો ઉઠાવ્યા છે.

ના, રિફંડ ક્યાંય જતું નથી. 31 ડિસેમ્બરની તારીખ ફક્ત રિટર્ન સુધારવા માટે છે, રિફંડ મેળવવા માટે નથી. જો તમારું રિટર્ન સાચું છે અને વિભાગના કારણે પ્રોસેસિંગમાં વિલંબ થઈ રહ્યો છે, તો વિભાગ તમને રિફંડ સાથે વ્યાજ પણ આપશે.

પરંતુ જો રિટર્નમાં કોઈ ગડબડ જોવા મળી અને તમે તેને 31 ડિસેમ્બર સુધીમાં સુધાર્યું નથી, તો રિફંડ ત્યાં સુધી ફ્રીઝ રહેશે જ્યાં સુધી વિભાગનો ઉકેલ ન આવે.

સિંઘાનિયા એન્ડ કંપનીના મેનેજિંગ પાર્ટનર રોહિત જૈન અનુસાર, જો વિભાગે તમને મિસમેચનું એલર્ટ મોકલ્યું છે અને તમે તેને અવગણ્યું છે, તો 31 ડિસેમ્બર પછી તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. વિભાગ તેને આવક છુપાવવાનો મામલો માની શકે છે. આવી સ્થિતિમાં, કલમ 270A હેઠળ ટેક્સ ચોરીની રકમના 50% થી લઈને 200% સુધીનો દંડ લગાવી શકાય છે.

ટેક્સ નિષ્ણાત ગોપાલ બોહરાના મતે, CPC પાસે રિટર્ન ફાઈલ કરવાના વર્ષના અંત પછી 9 મહિનાનો સમય હોય છે. ઉદાહરણ તરીકે, જો તમે જુલાઈ 2025માં રિટર્ન ભર્યું હોય, તો વિભાગ પાસે તેને પ્રોસેસ કરવા માટે 31 માર્ચ 2026 સુધીનો સમય છે. જોકે, રિફંડ જાહેર કરવાની કોઈ નિશ્ચિત સમય મર્યાદા નથી, પરંતુ સામાન્ય રીતે પ્રોસેસિંગના એક અઠવાડિયાની અંદર પૈસા ખાતામાં આવી જાય છે.

આવકવેરા કાયદા મુજબ, જો રિફંડમાં વિલંબ થાય છે તો વિભાગ કરદાતાને દર મહિને 0.5% ના દરે સામાન્ય વ્યાજ આપે છે. આ વાર્ષિક 6% થાય છે. આ વ્યાજ ત્યારે મળે છે જ્યારે વિલંબ વિભાગની ભૂલને કારણે થયો હોય, ન કે કરદાતા દ્વારા ખોટી માહિતી આપવાને કારણે.

# શેરબજારમાં ફ્લેટ કારોબાર: સેન્સેક્સ 20 પોઈન્ટ ઘટીને 84,675 પર આવ્યો, ઓટો, મેટલ સેક્ટરમાં ખરીદી.....

મુંબઈ, તા.30

અઠવાડિયાના બીજા કારોબારી દિવસે આજે એટલે કે 30 ડિસેમ્બરે શેરબજારમાં ફ્લેટ કારોબાર રહ્યો. સેન્સેક્સ 20 પોઈન્ટ ઘટીને 84,675 પર બંધ થયો છે. નિફ્ટીમાં 3 પોઈન્ટનો નજીવો ઘટાડો રહ્યો, તે 25,938 પર બંધ થયો છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી 17માં ઘટાડો રહ્યો. નિફ્ટીના 50માંથી 28 શેરો નીચે બંધ થયા છે. NSEના ઓટો, મેટલ અને બેન્કિંગ સેક્ટોરલ ઈન્ડેક્સમાં તેજી રહી. જ્યારે મીડિયા, રિયલ્ટી સેક્ટરમાં વેચવાલી જોવા મળી છે. એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી ફ્લેટ 4,220 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.19% નીચે 50,430 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.26% ઉપર 25,701 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.027% ઘટીને 3,964 પર કારોબાર કરી રહ્યો છે.

29 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.51% ઘટીને 48,462 પર બંધ થયો હતો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.50% અને S&P 500માં 0.35%નો ઘટાડો રહ્યો.




29 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ 2,759.89 કરોડના શેર વેચ્યા અને સ્થાનિક રોકાણકારો (DIIs) એ 2,643.85 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

ડિસેમ્બરમાં 29 તારીખ સુધી FIIs એ કુલ 26,908.22 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 66,700.46 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે આજે એટલે કે સોમવાર, 29 ડિસેમ્બરે સેન્સેક્સ 345 પોઈન્ટ ઘટીને 84,695 પર બંધ થયો છે. નિફ્ટીમાં 100 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 25,942 પર બંધ થયો છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી 18માં ઘટાડો જોવા મળ્યો. નિફ્ટીના 50 શેરોમાંથી 33 શેર ઘટાડામાં રહ્યા. ઓટો, IT, ફાર્મા અને રિયલ્ટી શેરોમાં ઘટાડો રહ્યો, જ્યારે એકલા મીડિયા સેક્ટરમાં તેજી જોવા મળી છે.

# નાની બચત યોજનાઓના વ્યાજ દરોમાં ઘટાડો શકે છે: સરકાર 31 ડિસેમ્બર સુધીમાં નિર્ણય લેશે, PPF-સુકન્યા પર વ્યાજ ઘટી શકે છે

નવી દિલ્હી, તા.30

દેશના કરોડો રોકાણકારો માટે વર્ષ 2026 ની શરૂઆત કેટલાક ફેરફારો સાથે થઈ શકે છે. કેન્દ્ર સરકાર જાન્યુઆરી-માર્ચ 2026 ક્વાર્ટર માટે નાની બચત યોજનાઓના વ્યાજ દરોની સમીક્ષા કરવાની છે.

જાણકારોનું માનવું છે કે આ વખતે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF), સુકન્યા સમૃદ્ધિ યોજના (SSY) અને સિનિયર સિટીઝન સેવિંગ્સ સ્કીમ (SCSS) જેવી યોજનાઓના વ્યાજ દરોમાં ઘટાડો થઈ શકે છે. નાણા મંત્રાલય આ સંબંધમાં 31 ડિસેમ્બર 2025 સુધીમાં સત્તાવાર જાહેરાત કરી શકે છે. નાની બચત યોજનાઓના વ્યાજ દરો નક્કી કરવા માટે સરકાર 'શ્યામલા ગોપીનાથ કમિટી'ના ફોર્મ્યુલાનો ઉપયોગ કરે છે. આ અંતર્ગત આ યોજનાઓના દરો સરકારી બોન્ડ (G-Sec) ના યીલ્ડ પર આધારિત હોય છે. છેલ્લા કેટલાક મહિનામાં 10 વર્ષના સરકારી બોન્ડના યીલ્ડમાં ઘટાડો જોવા મળ્યો છે.

સપ્ટેમ્બરથી ડિસેમ્બર 2025 વચ્ચે તે સરેરાશ 6.54%ની આસપાસ રહી છે. ફોર્મ્યુલા મુજબ, તેમાં 0.25%નો સ્પ્રેડ ઉમેરતા PPFનો દર લગભગ 6.80% હોવો જોઈએ, જ્યારે હાલમાં તે 7.1%



મળી રહ્યો છે. આ જ તફાવત ઘટાડાની શક્યતા વધારી રહ્યો છે.

2025 દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ રેપો રેટમાં લગભગ 1.25% સુધીનો ઘટાડો કર્યો છે. આ પછી બેંકોએ પણ પોતાની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) દરો ઘટાડવાનું શરૂ કરી દીધું છે. રિટેલ મોંઘવારી દરમાં આવેલો ઘટાડો પણ સરકારને વ્યાજ દરો ઘટાડવા માટે પ્રોત્સાહિત કરી રહ્યો છે. સામાન્ય રીતે જ્યારે બજારમાં વ્યાજ દરો ઘટે છે, ત્યારે સરકાર પણ પોસ્ટ ઓફિસની યોજનાઓ પરનો બોજ ઘટાડવા માટે દરોમાં સુધારો કરે છે.

દેશમાં મોટી સંખ્યામાં લોકો સુરક્ષિત રોકાણ માટે પોસ્ટ ઓફિસની યોજનાઓ પર નિર્ભર છે. ખાસ કરીને સિનિયર સિટીઝન પોતાની નિયમિત આવક માટે SCSS (હાલમાં 8.2% વ્યાજ) નો સહારો લે છે.

જ્યારે, દીકરીઓના ભવિષ્ય માટે સુકન્યા સમૃદ્ધિ યોજના (8.2%) સૌથી લોકપ્રિય છે. જો સરકાર વ્યાજ દરોમાં ઘટાડો કરે છે, તો મધ્યમ વર્ગના પરિવારો અને પેન્શનધારકોની માસિક કમાણી પર સીધી અસર પડશે.

હાલમાં સરકાર PPF પર 7.1%, સુકન્યા સમૃદ્ધિ ખાતા પર 8.2% અને સિનિયર સિટીઝન સેવિંગ્સ સ્કીમ પર 8.2% વ્યાજ આપી રહી છે. નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC) પર 7.7% અને કિસાન વિકાસ પત્ર (KVP) પર 7.5% વ્યાજ મળી રહ્યું છે.

પોસ્ટ ઓફિસની 5 વર્ષની FD પર 7.5% અને મંથલી ઈનકમ સ્કીમ (MIS) પર 7.4% વ્યાજ આપવામાં આવી રહ્યું છે. સરકારે છેલ્લે એપ્રિલ 2024માં દરોમાં કેટલાક ફેરફારો કર્યા હતા, ત્યારથી તે સ્થિર રહ્યા છે.

ફાઈનાન્સિયલ નિષ્ણાતોનું કહેવું છે કે ભલે ફોર્મ્યુલા દરો ઘટાડવા તરફ ઈશારો કરી રહ્યું હોય, પરંતુ સરકાર તેને ટાળી પણ શકે છે.

નાણા મંત્રાલય ઘણીવાર નાના રોકાણકારોના હિતો અને સામાજિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફોર્મ્યુલાથી હટીને નિર્ણયો લે છે.

છેલ્લા ઘણા પ્રસંગોએ બોન્ડ યીલ્ડ ઘટવા છતાં દરો બદલવામાં આવ્યા ન હતા જેથી સામાન્ય જનતાને બચત પર નુકસાન ન થાય.

# ઈન્ડિગો પાઈલટ્સનું ભથ્થું 50% સુધી વધ્યું: 1 જાન્યુઆરીથી નવા નિયમો લાગુ પડશે, રોસ્ટર વિવાદ અને ફ્લાઈટ રદ થયા પછી મનોબળ વધારવાનો પ્રયાસ....

મુંબઈ, તા.30

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ તેના પાઈલટોના ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આનાથી એરલાઈનના લગભગ 5,000 પાઈલટોને સીધો ફાયદો થશે. નવા નિયમો 1 જાન્યુઆરીથી લાગુ પડશે.

પીટીઆઈના રિપોર્ટ અનુસાર, લેઓવર માટે કેપ્ટનને હવે 2,000 રૂપિયાને બદલે 3,000 રૂપિયા મળશે. જ્યારે ફર્સ્ટ ઓફિસર્સ માટે તેને 1,000 થી વધારીને 1,500 રૂપિયા કરવામાં આવ્યું છે.

'ડેડહેડિંગ ટ્રિપ્સ' માટે કેપ્ટનનું ભથ્થું 3,000 થી વધારીને 4,000 રૂપિયા અને ફર્સ્ટ ઓફિસરનું 1,500 થી વધારીને 2,000 રૂપિયા કરવામાં આવ્યું છે. ડેડહેડિંગનો અર્થ છે કે જ્યારે ક્રૂ ડ્યુટી માટે પેસેન્જર તરીકે મુસાફરી કરે છે.

આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે તાજેતરમાં રોસ્ટર સંબંધિત સમસ્યાઓના કારણે એરલાઈનને 4,500 થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. પાઈલટોની નારાજગી દૂર કરવા અને તેમનો મનોબળ વધારવા માટે એરલાઈન મેનેજમેન્ટે અનેક રાઉન્ડની મીટિંગ્સ પછી આ નિર્ણય લીધો છે.



ઈન્ડિગો હાલમાં બેવડા પડકારનો સામનો કરી રહી છે. એક તરફ ઘરેલું ઓપરેશન્સમાં મુશ્કેલીઓ આવી છે, તો બીજી તરફ વિદેશી એરલાઈન્સ ભારતીય પાઈલટ્સને વધુ સારો પગાર અને લાઈફસ્ટાઈલ પેકેજ ઓફર કરી રહી છે. પાઈલટ્સના રાજીનામા અને અન્ય કંપનીઓમાં જવાની હોડને રોકવા માટે ઈન્ડિગોએ તેના બેનિફિટ્સ સ્ટ્રક્ચરમાં સુધારો કર્યો છે. ભારત સરકાર પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પાઈલટ્સની ભરતી માટે એક 'કોડ ઓફ કન્ડક્ટ' બનાવવાની દિશામાં કામ કરી રહી છે. નવેમ્બર અને ડિસેમ્બરની શરૂઆતમાં ઈન્ડિગોને મોટા પાયે ઓપરેશન્સ સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ખરેખરમાં, DGCA એ પાયલોટના આરામ માટે નવા 'ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટ' (FDTL) નિયમો લાગુ કર્યા હતા.

એરલાઈન આ નિયમો મુજબ તેના ક્રૂ અને રોસ્ટરને સમયસર મેનેજ કરી શકી ન હતી. પરિણામે, નવેમ્બરના અંત અને ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં ઈન્ડિગોની લગભગ 5,000 ફ્લાઈટ્સ રદ થઈ અથવા મોડી ઉડી.

હજારો મુસાફરો ફસાયા અને ભારે હોબાળા બાદ DGCAએ કડક વલણ અપનાવ્યું. રેગ્યુલેટરે ઈન્ડિગોને તેના વિન્ટર શેડ્યૂલમાં 10%નો ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો, જેથી ઓપરેશન્સને ફરીથી પાટા પર લાવી શકાય.

આ ઉપરાંત, એક તપાસ સમિતિએ પણ પોતાનો ગુપ્ત અહેવાલ મંત્રાલયને સુપરત કર્યો છે, જેમાં ઈન્ડિગોના આયોજનમાં ખામીઓ અને મેનેજમેન્ટની બેદરકારીનો ઉલ્લેખ હોવાની સંભાવના છે.

ભલે એરલાઈન્સ પડકારોનો સામનો કરી રહી હોય, પરંતુ દેશમાં હવાઈ મુસાફરી કરનારાઓની સંખ્યા સતત વધી રહી છે. નવેમ્બરમાં કુલ 1.53 કરોડ મુસાફરોએ ઘરેલું ઉડાનોમાં મુસાફરી કરી, જે ગયા વર્ષની સરખામણીમાં લગભગ 7% વધુ છે. જાન્યુઆરીથી નવેમ્બર 2025 વચ્ચે કુલ 1,526 લાખ લોકોએ ઉડાન ભરી, જે વાર્ષિક ધોરણે 4.26% ની વૃદ્ધિ દર્શાવે છે.

નવેમ્બર મહિનામાં એરલાઈન્સને લઈને મુસાફરોની ફરિયાદોમાં પણ વધારો થયો છે. કુલ 1,196 ફરિયાદો નોંધવામાં આવી, જેમાંથી 50% થી વધુ ફરિયાદો ફ્લાઈટમાં વિલંબ અથવા મુશ્કેલીઓ સાથે સંબંધિત હતી.

તે પછી 17.9% ફરિયાદો બેગેજ (સામાન) અને 12.5% રિફંડ સાથે સંબંધિત રહી. ઈન્ડિગોનો કેન્સલેશન રેટ અન્ય એરલાઈન્સની સરખામણીમાં આ સમયગાળા દરમિયાન વધુ રહ્યો છે.

રેટિંગ એજન્સી મૂડીઝે ચેતવણી આપી છે કે ફ્લાઈટ્સ રદ થવાથી ઈન્ડિગોને મોટું નાણાકીય નુકસાન થઈ શકે છે. આવકમાં ઘટાડાની સાથે-સાથે મુસાફરોને રિફંડ આપવા અને સરકાર તરફથી સંભવિત પેનલ્ટી એરલાઈનના નફા પર અસર કરી શકે છે.

માર્કેટ શેરની દ્રષ્ટિએ ઈન્ડિગો હજુ પણ 63% હિસ્સેદારી સાથે ભારતની સૌથી મોટી એરલાઈન છે, પરંતુ સર્વિસ અને સ્ટાફ મેનેજમેન્ટને કારણે ઘણા સવાલો ઉભા થયા છે.

ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લેવા માટે છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઈન્ડિગોના ટોચના એક્ઝિક્યુટિવ્સે અલગ-અલગ બેઝ પર જઈને પાઈલોટ્સ સાથે મીટિંગ કરી હતી. પાઈલોટ્સે પોતાની થાક અને રોસ્ટરની સમસ્યાઓ રજૂ કરી હતી. એરલાઈનને ડર હતો કે જો પાઈલોટ્સની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો આવનારા સમયમાં ઓપરેશન્સ પર વધુ ખરાબ અસર પડી શકે છે.

## દેશમાં હવે 2.51 લાખ ATM: એક વર્ષમાં 2,360 ATM બંધ થયા, પ્રાઈવેટ બેંકોએ સૌથી વધુ બંધ કર્યા

નવી દિલ્હી, તા.30

ડિજિટલ પેમેન્ટની વધતી લોકપ્રિયતાને કારણે હવે એટીએમ (ATM)નો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે. તેની સીધી અસર દેશભરમાં લાગેલા ઓટોમેટેડ ટેલર મશીનોની સંખ્યા પર પડી છે. ભારતીય રિઝર્વ બેંક (RBI)ના 'ટ્રેન્ડ એન્ડ પ્રોગ્રેસ ઓફ બેંકિંગ ઈન ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ 2025માં દેશમાં કુલ ATMની સંખ્યા 2,360 યુનિટ સુધી ઘટી ગઈ છે. 31 માર્ચ 2025 સુધીમાં દેશમાં કુલ ATMની સંખ્યા 2,51,057 રહી ગઈ, જ્યારે ગયા વર્ષે (નાણાકીય વર્ષ 2024) આ આંકડો 2,53,417 હતો. RBIએ જણાવ્યું કે ગ્રાહકો રોજિંદા વ્યવહારો માટે રોકડ ઉપાડવાને બદલે ડિજિટલ ચેનલોનો વધુ ઉપયોગ કરી રહ્યા છે, જેનાથી ATMની જરૂરિયાત ઓછી થઈ ગઈ છે.

ATM બંધ કરવામાં પ્રાઈવેટ સેક્ટરની બેંકો સૌથી આગળ રહી. તેમના ATMની સંખ્યા 79,884 થી ઘટીને 77,117 થઈ ગઈ, જે સૌથી ઝડપી ઘટાડો છે. જ્યારે પબ્લિક સેક્ટર બેંકોનું નેટવર્ક હજુ પણ સૌથી મોટું છે, પરંતુ તેમની સંખ્યા પણ ઓછી થઈ છે. તે 1,34,694 થી ઘટીને 1,33,544 થઈ ગઈ. આરબીઆઈએ જણાવ્યું કે પબ્લિક અને પ્રાઈવેટ બંને બેંકોએ શહેરોમાં સ્થિત પોતાના ઓફ-સાઈટ એટીએમ (જે બેંક શાખાથી દૂર લાગેલા હોય છે) બંધ કર્યા છે. જ્યાં બેંક-ઓન્ડ એટીએમની સંખ્યા ઓછી થઈ, ત્યાં ઈન્ડિપેન્ડન્ટ એટલે કે સ્વતંત્ર રીતે સંચાલિત થતા વ્હાઈટ-લેબલ એટીએમની સંખ્યામાં વધારો થયો છે. આ 34,602 થી વધીને 36,216 થઈ ગઈ છે. ATM ઓછા થવા છતાં બેંકોની કુલ શાખાઓ વધી છે. 31 માર્ચ 2025 સુધીમાં દેશમાં કુલ શાખાઓની સંખ્યા 1.64 લાખ થઈ ગઈ, જે ગયા વર્ષની સરખામણીમાં 2.8% વધુ છે. જાહેર ક્ષેત્રની બેંકો આ વિસ્તરણમાં મોખરે રહી. નવી શાખાઓ ખોલવામાં જાહેર ક્ષેત્રની બેંકોનો હિસ્સો વધ્યો, જ્યારે ખાનગી બેંકોનો હિસ્સો ગયા વર્ષના 67.3% થી ઘટીને 51.8% રહ્યો.

# સોના-ચાંદીમાં પાંચ દિવસની તેજી પર બ્રેક લાગી: ચાંદીના ભાવ 4,000 તૂટી ₹2.31 લાખ થયા.....

## સોનામાં 2,119 રૂપિયાનો ઘટાડો, 10 ગ્રામના ભાવ ₹1.34 લાખ

નવી દિલ્હી, તા.30

એટલે કે મંગળવાર, 30 ડિસેમ્બરના રોજ સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,119 રૂપિયા ઘટીને 1,34,362 રૂપિયા પર આવી ગયો છે. ગઈકાલે તે 1,36,481 રૂપિયા/10g પર હતો. સતત 5 દિવસ સુધી વધ્યા પછી ચાંદીની કિંમત 3,973 રૂપિયા ઘટી ગઈ છે. આજે તે 2,31,467 રૂપિયા પ્રતિ કિલોગ્રામ વેચાઈ રહી છે. ગઈકાલે ચાંદીના ભાવમાં મોટો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. શરૂઆતી કારોબારમાં તે 2,43,483 કિલો પર પહોંચી ગઈ હતી. જોકે, બાદમાં તેમાં ઘટાડો આવ્યો અને તે 7,333 રૂપિયા નીચે 2,35,440 રૂપિયા પર બંધ થઈ. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 58,200 રૂપિયા (76%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,34,362 રૂપિયા થઈ ગયું છે. ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,45,450



રૂપિયા (169%) વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,31,467 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું. તેથી શહેરોના ભાવ તેનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે. ડોલર નબળો- અમેરિકા દ્વારા વ્યાજદરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા. ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ- રશિયા-યુક્રેન યુદ્ધ અને વિશ્વમાં તણાવ વધવાને કારણે રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે. રિઝર્વ બેંક- ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ વધી રહ્યા છે. ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે. ટ્રમ્પનો ટેરિફનો ડર- અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધા- ઉત્પાદન અટકી જવાની ભીતિથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે. કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું કે ચાંદીની માગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચાંદી આગામી 1 વર્ષમાં 2.75 લાખ સુધી પહોંચી શકે છે. સોનાની વાત કરીએ તો એની માગમાં પણ તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આવતા વર્ષ સુધીમાં એ 10 ગ્રામદીઠ 1.50 લાખ રૂપિયાને પાર કરી શકે છે. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

## PM સૂર્ય ઘર યોજનામાં 25 લાખ કનેક્શન થયા

# મહિને 300 યુનિટ મફત વીજળીની સાથે વર્ષે 15000 રૂપિયાની કમાણી, જાણો શું છે આ યોજના

નવી દિલ્હી, તા.30

PM સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ અત્યાર સુધીમાં 25 લાખ ઘરોમાં રૂફટોપ સોલર સિસ્ટમ લગાવવામાં આવી છે. આ યોજના 13 ફેબ્રુઆરી 2024 ના રોજ શરૂ થઈ હતી. તે અંતર્ગત 300-300 યુનિટ મફત વીજળી મળે છે.

આ યોજના હેઠળ રૂફ ટોપ સોલર પેનલ લગાવનાર પરિવારોને વાર્ષિક 15 હજાર રૂપિયાની આવક પણ થાય છે. સરકાર 1 કરોડ ઘરોને આ યોજના સાથે જોડવા માંગે છે.

આ યોજનામાં દરેક પરિવાર માટે 2 KW સુધીના સોલર પ્લાન્ટના ખર્ચના 60% પૈસા સબસિડી તરીકે ખાતામાં આવશે. જ્યારે જો કોઈ 3 KW નો પ્લાન્ટ લગાવવા માંગે છે, તો વધારાના 1 KW ના પ્લાન્ટ પર 40% સબસિડી મળશે.

3 KW નો પ્લાન્ટ લગાવવામાં આશરે 1.50 લાખ રૂપિયાનો ખર્ચ આવશે. તેમાંથી 90,000 હજાર રૂપિયાની સબસિડી સરકાર આપશે. બાકીના રૂપિયા માટે સરકારે સસ્તી બેંક લોનની વ્યવસ્થા કરી છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**સંયુક્ત ટેલિકોમ કાર્ય**

**આમંત્રણ ટેન્ડર નંબર DRM-SnT-ADI- 25-26 ના ટેલિ08**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્ય કરતા DRM/S અને T ટેન્ડર નં.DRM-SnT-ADI-Tele08 ના 25-26 ના અંતિમ તારીખ 23.01.2026, 15:00 વાગ્યે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ / સુધારેલી બિડ સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે.

1. **કાર્યનું નામ:** માલસામાનના જોડાણમાં સંયુક્ત ટેલિકોમ કાર્ય અમદાવાદ વિભાગના મહેસાણા વિભાગમાં વિવિધ સ્થળોએ શેડ ડેવલપમેન્ટ, ROB ના બાંધકામ દ્વારા લેવલ ક્રોસિંગ ગેટનું નાબૂદી, લિફ્ટ ઈન્સ્ટોલેશન, ટ્રેક અને ઓફિસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો
2. **કામનો અંદાજિત ખર્ચ:** ૨,૦૮,૩૩,૪૨૫.૩૬/- (બે કરોડ આઠ લાખ) તેત્રીસ હજાર ચારસો પચીસ રૂપિયા છત્રીસ પૈસા)
3. **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** રૂ. ૨,૫૪,૨૦૦.૦૦/- (બે લાખ ચોપ્પન હજાર બસ્સો રૂપિયા)
4. **બંધ થવાની તારીખ અને સમય:** ૨૩.૦૧.૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક પછી નહીં.
5. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૩.૦૧.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ વાગ્યે ખુલશે.
6. **ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ:** www.ireps.gov.in

ADI 243

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# સુરતમાં દેશી દારૂના અડ્ડા પર કોંગ્રેસની જનતા રેડ

## કોઈ ગ્લાસમાં દારૂ પીતાં ભાગ્યાં તો કોઈ બૂટ-ચંપલ પહેર્યા વગર બાઈક લઈને ભાગ્યાં, બુટલેગરને જાહેરમાં ખખડાવ્યો



**સુરત, તા.30**

સુરતના પોશ વિસ્તાર ઉગત રોડ પર ચાલતા દેશી દારૂના અડ્ડા પર કોંગ્રેસ કાર્યકરોએ 'જનતા રેડ' મારીને ચકચાર મચાવી દીધી છે. મીની વીરપુર સોસાયટી પાસે મોડી સાંજે કાર્યકરો અચાનક ત્રાટકતાં દારૂ પીવા આવેલા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી અને મોટાભાગના દારૂડિયા બૂટ-ચંપલ છોડીને ભાગી છૂટ્યા હતા. આ રેડ દરમિયાન એક 'શોખીન' વ્યક્તિ દારૂનો ગ્લાસ હાથમાં લઈને પીતા-પીતા નીકળી ગયો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કાર્યકરોએ દારૂની પોટલીઓ જપ્ત કરી બુટલેગરને ખખડાવ્યો હતો અને પોલીસની મિલીભગતના આક્ષેપો કર્યા હતા.

સુરત શહેર કોંગ્રેસના કાર્યકરોએ 'જનતા રેડ' અંતર્ગત ઉગત રોડ પર આવેલી મીની વીરપુર સોસાયટી પાસે ચાલી રહેલા એક દેશી દારૂના અડ્ડા પર ઓચિંતો છાપો માર્યો હતો. સ્થાનિક રહીશોની ફરિયાદો છતાં પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતી હોવાનો આક્ષેપ કરીને કોંગ્રેસના કાર્યકરોએ જાતે જ મોરચો સંભાળ્યો હતો. કાર્યકરોએ પોતાના મોબાઈલ ફોન ઓન કરીને વીડિયો શૂટિંગ શરૂ કર્યું અને અડ્ડા પર ત્રાટક્યા. ગળામાં કોંગ્રેસના ખેસ પહેરીને જ્યારે કાર્યકરો અચાનક પહોંચ્યા ત્યારે ત્યાં દારૂ પીવા આવેલા લોકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. કોંગ્રેસના કાર્યકરો 'દારૂબંધીના નામે ધતિંગ બંધ કરો' ના નારા લગાવતા અંદર ઘૂસ્યા કે તરત જ ત્યાં બેઠેલા તત્વો પોતાના બાઈક લઈને ભાગવા લાગ્યા હતા. કેટલાક તો બૂટ-ચંપલ પહેર્યા વગર જ દોડી ગયા હતા.

આ આખી રેડ દરમિયાન એક એવું દ્રશ્ય મોબાઈલ કેમેરામાં કેદ થયું હતું જે જોઈને ત્યાં હાજર કાર્યકરો પણ હસી પડ્યા હતા. જ્યારે લોકો જીવ બચાવીને ભાગી રહ્યા હતા, ત્યારે એક 'શોખીન' વ્યક્તિ દારૂનો ગ્લાસ હાથમાં લઈને બહાર આવ્યો હતો. નવાઈની વાત એ હતી કે, સામે કોંગ્રેસના કાર્યકરો રેડ કરી રહ્યા હતા અને બીજી બાજુ પોલીસને ફોન કરવામાં આવી રહ્યો હતો, છતાં આ વ્યક્તિને દારૂ ફેંકી દેવો મંજૂર નહોતો. તે વ્યક્તિ ગ્લાસમાં ભરેલો દારૂ પીતા-પીતા, ચાલતા-ચાલતા ત્યાંથી નીકળી ગયો હતો. સોશિયલ મીડિયા પર આ શખ્સનો વીડિયો હવે આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

રેડ દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ અડ્ડા પરથી દેશી દારૂની પોટલીઓ જપ્ત કરી હતી. કાર્યકરોએ ત્યાં હાજર બુટલેગરને જાહેરમાં ખખડાવ્યો હતો. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે, 'પોલીસની મીલીભગત વગર આટલી મોટી સોસાયટીની સામે અડ્ડો ચાલવો અશક્ય છે.' કાર્યકરો દ્વારા 112 નંબર પર પોલીસને જાણ કરવામાં આવી હતી, ત્યારબાદ PCR પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં મોટાભાગના દારૂડિયા ભાગી ગયા હતા અને એક બુટેલગરની અટકાયત કરાઈ હતી.

**માથાભારે રાણા દેવાની પહેલાં મારામારી અને હવે જાહેરમાં હાથ જોડ્યા**

# વરાછામાં યુવકને લાત અને મુક્કા માર્યાના, હાથકડી પહેરાવીને પોલીસે ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરાવ્યું

**સુરત, તા.30**

આરોપી વરાછાના અભયનગર વિસ્તારમાં નિર્દોષ લોકો પર દાદાગીરી કરી મારામારી કરી રોફ જમાવતો હતો.

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા અને અસામાજિક તત્વોમાં પોલીસનો ખોફ પેદા કરવાના હેતુથી વરાછા પોલીસે એક પ્રશંસનીય કામગીરી કરી છે. વરાછાના અભયનગર વિસ્તારમાં નિર્દોષ લોકો પર દાદાગીરી કરી મારામારી કરી રોફ જમાવતા માથાભારે શખ્સ રાણા દેવા સાટીયાને પોલીસે ઝડપી પાડી, તેને ઘટના સ્થળે લઈ જઈને કાયદાનું ભાન કરાવ્યું હતું.



થોડા દિવસો પહેલા સોશિયલ મીડિયા પર એક સીસીટીવી વીડિયો વાયરલ થયો હતો, જેમાં રાણા દેવા સાટીયા નામનો શખ્સ એક નિર્દોષ યુવકને જાહેર રસ્તા પર ઢોર માર મારતો જોવા મળ્યો હતો. આ શખ્સ પોતાની દાદાગીરીનો રુઆબ છાંટવા માટે અવારનવાર સામાન્ય નાગરિકો સાથે મારામારી કરતો હતો. વાયરલ સીસીટીવી વીડિયોની ગંભીરતાને ધ્યાને લઈ વરાછા પોલીસ તુરંત એક્શનમાં આવી હતી અને આરોપીની ધરપકડ કરી હતી. લોકોમાં ફેલાયેલો ભય દૂર કરવા માટે વરાછા પોલીસે આજે આરોપી રાણા દેવા સાટીયાને તે જ વિસ્તારમાં લઈ જઈ પહોંચી હતું. જે શખ્સ થોડા સમય પહેલા જાહેર રસ્તા પર લોકો પર હાથ ઉપાડતો હતો, તે પોલીસના સકંજામાં આવતા જ 'બિલાડો' બની ગયો હતો. પોલીસે આરોપી પાસે જાહેરમાં બંને હાથ જોડાવી કરગરાવ્યો હતો અને સ્થાનિક લોકોની સામે જ તેની શાન ઠેકાણે લાવી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે રાણા દેવા સાટીયા રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ પણ વરાછા સહિતના પોલીસ સ્ટેશનોમાં 3થી 4 જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. તે અવારનવાર મારપીટ કરી વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરતો હતો. આ કાર્યવાહીથી અભયનગર અને આસપાસના વિસ્તારના લોકોમાં રાહતની લાગણી જોવા મળી છે અને પોલીસની આ કામગીરીના વખાણ થઈ રહ્યા છે.

# હિટ એન્ડ રનમાં બે યુવકોના ઘટનાસ્થળે જ મોત : વડોદરાના ડેસરમાં અજાણ્યા વાહને ટક્કર મારતા એક્ટિવાના ફૂરચા નીકળી ગયા....

**વડોદરા, તા.30**

વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના અમરેશ્વર ગામના પાટિલાય પાસે અજાણ્યા વાહને એક્ટિવાને અડફેટે લેતા બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે, રસ્તા પર લોહીના ખાબોચિયા ભરાયા હતા. અજાણ્યા વાહનનો ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ જતા પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.



અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવાનોની ઓળખ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના હઠીસિંહની મુવાડી ગામના રહેવાસી તરીકે થઈ છે. આ અકસ્માતમાં મેહુલકુમાર સંજયસિંહ ચાવડા અને વિશ્વરાજસિંહ લાલસિંહ ચાવડા નામના યુવકનું અકસ્માતમાં ગંભીર ઈજાઓને લઈ સ્થળ પરજ કરુણ મોત નીપજતા પરિવાર પર આભ ફાટી છે. પરિવારજનો મોતના સમાચાર સાંભળી ભારે આક્રંદ સાથે ગમગીની ફેલાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બંને યુવાનો બપોરે પોતાની એક્ટિવા લઈને ઘરેથી નીકળ્યા હતા અને ડેસરની વાલાવાવ ચોકડી ખાતે નવા કપડાં ખરીદવા આવ્યા હતા. કપડાં ખરીદીને સાંજે ઘરે પરત ફરતી વેળાએ ભૈયાપુરા-અમરેશ્વર વચ્ચે પેટ્રોલ પંપ નજીક પાછળથી આવતા અજાણ્યા વાહને તેમની એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરથી બંનેને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થઈ હતી અને ઘટનાસ્થળે જ તેમનાં મોત નીપજ્યાં હતાં.

અકસ્માતની જાણ થતાં અજાણ્યા વ્યક્તિએ 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો. અકસ્માત સ્થળે 108ની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ કરતાં બંનેનાં મોત થયેલાં જણાયાં હતાં. અકસ્માતની જાણ ડેસર પોલીસ સ્ટેશનને થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ડેસર સીએચસી ખાતે ખસેડ્યા હતા. પોલીસે અજાણ્યા વાહનચાલકની શોધ માટે પેટ્રોલ પંપ સહિત આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ તપાસવાની કાર્યવાહી શરૂ કરી છે.

બનાવની જાણ પરિવારજનોને થતાં હઠીસિંહની મુવાડી તેમજ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે તેમજ ડેસર સીએચસી ખાતે ઉમટી પડ્યા હતા. મૃતકોના માતા-પિતા અને પરિવારજનોના આક્રંદથી વાતાવરણ અત્યંત ગમગીન બની ગયું હતું.

ઉલ્લેખનીય છે કે, મેહુલકુમાર ચાવડા વેજપુરની વૈજનાથ વિદ્યાલયમાં ધોરણ-૯માં અભ્યાસ કરતો હતો અને ભણવામાં હોશિયાર વિદ્યાર્થી તરીકે જાણીતો હતો. જ્યારે વિશ્વરાજસિંહ ચાવડા થોડા સમય પહેલાં જ એક કંપનીમાં નોકરીએ જોડાયો હતો. આ દુર્ઘટનાને લઈ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરીવળ્યું છે. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# 31stની રાત્રે આખું સુરત પોલીસ છાવણીમાં ફેરવાશે: 7000 જવાન, AI કેમેરા-ડ્રોન સર્વેલન્સ, ટ્રાફિક અને એન્ટ્રી-એક્ઝિટ પ્લાન તૈયાર....

**સુરત, તા.30**

વર્ષ 2025ના અંતિમ દિવસોમાં જ્યારે આખું શહેર નવા વર્ષની ઉજવણીના થનગનાટમાં છે, ત્યારે સુરત પોલીસ વિભાગે સુરતીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે એક સુરક્ષા ચક્ર તૈયાર કર્યું છે. સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સ્પષ્ટ કર્યું છે કે, 'ઉજવણીનો આનંદ લો, પણ કાયદાની મર્યાદામાં રહીને.' પોલીસ આ વખતે અત્યાધુનિક ટેકનોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સના સમન્વયથી સુરતને સુરક્ષિત રાખવા માટે સજ્જ થઈ છે.



સુરત પોલીસ કમિશનરના જણાવ્યા અનુસાર, 31મી ડિસેમ્બરની રાત્રે આખું શહેર પોલીસની નજર હેઠળ રહેશે. અંદાજે 7000 જેટલા પોલીસ જવાનો જેમાં હોમગાર્ડ, જીઆરડી અને ખાસ કરીને એસઆરપી (SRP) ની ટુકડીઓનો સમાવેશ થાય છે, તેમને રસ્તા પર ઉતારવામાં આવશે. શહેરના દરેક સંવેદનશીલ વિસ્તાર, ફાર્મ હાઉસ અને દરિયાકિનારાના વિસ્તારોમાં પોલીસની હાજરી વર્તાશે.

આ વર્ષે સુરત પોલીસ 'ડિજિટલ વોચ' પર વધુ ભાર મૂકી રહી છે. શહેરમાં 50થી વધુ (AI) સજ્જ કેમેરા લગાવવામાં આવ્યા છે. આ કેમેરા શંકાસ્પદ વ્યક્તિઓ, ઓવર સ્પીડ વાહનો અને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને ઓટોમેટિક ટ્રેક કરશે. 20 જેટલા હાઈ-ડેફિનેશન ડ્રોન કેમેરા આકાશમાંથી પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસ પર નજર રાખશે. ખાસ કરીને જ્યાં માનવ પહોંચ મુશ્કેલ છે, ત્યાં ડ્રોન દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે. જે વિસ્તારોમાં કાયમી સીસીટીવી નથી, ત્યાં ખાસ સોલાર બેઝ વાયરલેસ કેમેરા ગોઠવવામાં આવ્યા છે.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે નશો કરીને વાહન ચલાવનારાઓ માટે આકરી ચેતવણી આપી છે. પોલીસ પાસે 382 જેટલા બ્રેથ એનાલાઈઝર છે, જેમાંથી 190 જેટલા અત્યાધુનિક 'લાઈટ બેઝ' એનાલાઈઝર છે જે દૂરથી જ દારૂ પીધેલા વ્યક્તિને પકડી શકે છે. માત્ર દારૂ જ નહીં, પણ અન્ય કેફી દ્રવ્યોના સેવનને રોકવા માટે એન્ટી-નાર્કોટિક્સ કીટનો ઉપયોગ થશે. શંકાસ્પદ જણાતા વ્યક્તિનો સ્થળ પર જ યુરિન ટેસ્ટ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

સુરત પોલીસે માત્ર 31st ની રાતની જ રાહ નથી જોઈ પણ છેલ્લા એક અઠવાડિયાથી 'પ્રી-એક્શન' શરૂ કરી દીધું છે. સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ (DCB), SOG અને PCB ની ટીમોએ છેલ્લા 7 દિવસમાં 1100 થી વધુ પ્રોહિબિશનના કેસો કર્યા છે. શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા 55 રીઢા ગુનેગારોને પાસા (PASA) હેઠળ જેલભેગા કરાયા છે અને 14 અસામાજિક તત્વોને શહેરની હદ પાર કરવામાં આવ્યા છે. શહેરના તમામ પ્રવેશદ્વારો પર પોલીસની કડક ચોકી ગોઠવવામાં આવી છે. શહેરના મુખ્ય પ્રવેશ અને નિકાસ પોઈન્ટ્સ પર 12 જગ્યાએ સઘન ચેકિંગ પોઈન્ટ્સ બનાવવામાં આવ્યા છે. 45 એવા સ્થળોની ઓળખ કરવામાં આવી છે જ્યાં લોકોની ભીડ વધુ રહે છે. અહીં ઓવરસ્પીડ અને સ્ટંટબાજી રોકવા માટે ખાસ બંદોબસ્ત રહેશે. ટ્રાફિક જામની સમસ્યા નિવારવા માટે અનેક સ્થળોએ રોડ ડાયવર્ઝન અને રિસ્ટ્રિક્શનના જાહેરનામા પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

નવા વર્ષની ઉજવણીમાં મહિલાઓની છેડતી કે પજવણી ન થાય તે માટે 'શી ટીમ' સાદા કપડામાં ભીડ વચ્ચે હાજર રહેશે. કમિશનરે સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે છેડતી કરનારા તત્વોને કોઈ પણ સંજોગોમાં માફ કરવામાં આવશે નહીં. યુવાનોમાં ફેમસ થવાના હેતુથી જાહેરમાં તલવાર વડે કેક કાપવાની પ્રવૃત્તિ પર પોલીસે પૂર્ણ વિરામ મૂકવાની જાહેરાત કરી છે. તલવાર સાથે કેક કાપનાર કે રસ્તા પર સ્ટંટબાજી કરનાર વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ અને જનતા વચ્ચેના વ્યવહારમાં પારદર્શિતા રહે તે માટે 900 જેટલા પોલીસકર્મીઓ બોડી વોર્ન કેમેરા પહેરીને ડ્યુટી પર રહેશે.

# ગ્રાહકે નકલી સોનું પધરાવીને ઠગાઈ કરી : વડોદરામાં સેન્ટ્રલ બેન્કમાંથી નકલી સોના સામે 6.82 લાખની લોન લઈને છેતરપિંડી આચરી....

**વડોદરા, તા.30**

વડોદરાની વાઘોડિયા રોડ સ્થિત સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાની શાખામાંથી સોનાના નકલી ઘરેણા રજૂ કરીને 6.82 લાખ રૂપિયાની ગોલ્ડ લોન લઈને ગ્રાહકે છેતરપીંડી આચરી છે. વ્યાજ સાથે આ રકમ 7.38 લાખ રૂપિયા રકમ થાય છે. આ મામલે બેન્ક બ્રાન્ચ મેનેજર અજીત હરિહર પ્રસાદ વિક્રમે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં ગ્રાહક આશીફ અશરફભાઈ મલેક અને તત્કાલીન વેલ્યુઅર દિલીપકુમાર નટવરભાઈ સોની પર છેતરપિંડીના આરોપ મૂકવામાં આવ્યા છે. પાણીગેટ પોલીસે આ કેસમાં તપાસ શરૂ કરી છે. મૂળ બિહારના અને વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં દર્શનમ સેન્ટ્રલ પાર્કમાં રહેતા 36 વર્ષીય અજીત વિક્રમ છેલ્લા ચાર મહિનાથી વાઘોડિયા રોડ બ્રાન્ચના મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમના પહેલાંના મેનેજર અમિતાબ સબુઈના કાર્યકાળ દરમિયાન દિલીપકુમાર સોનીને બેન્કના વેલ્યુઅર તરીકે નિમણૂક આપવામાં આવી હતી. બેન્ક ગ્રાહકોને તેમની જરૂરિયાતો



અનુસાર ગોલ્ડ લોન આપે છે, જેમાં સોનાના ઘરેણાંની શુદ્ધતા, વજન અને મૂલ્યની તપાસ વેલ્યુઅર દ્વારા કરવામાં આવે છે. આરોપી આશીફ મલેક (રહે. કુંપાડ રોડ, જલારામ તલાવડી, મંજુસર, વડોદરા) એ 2019માં બેન્કમાં ખાતું ખોલાવ્યું હતું. તા. 7 ઓક્ટોબર, 2019ના રોજ તેણે બપોરે લગભગ 12 વાગ્યે તત્કાલીન મેનેજર અમિતાભ સબુઈનો સંપર્ક કરીને 2.66 લાખની ગોલ્ડ લોનની માંગ કરી હતી. તેની સામે તેણે સોનાના ઘરેણાં રજૂ કર્યા હતા. જેમાં બે સોનાના કંગન પાટલા (વજન: 47.100 ગ્રામ, વેલ્યુ: 1.57 લાખ), એક સોનાની લક્કી (વજન: 53.300 ગ્રામ, વેલ્યુ: 1.77 લાખ) અને એક સોનાની વીંટી (વજન: 16.200 ગ્રામ, વેલ્યુ: 0.54 લાખ)નો સમાવેશ થતો હતો. વેલ્યુઅર દિલીપકુમાર સોનીએ આ ઘરેણાંનું કુલ મૂલ્ય 3.89 લાખ રૂપિયા ગણાવીને પ્રમાણપત્ર આપ્યું હતું. આ આધારે 2.66 લાખની લોન 10.50% વ્યાજે 12 મહિના માટે મંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ તા. 11 નવેમ્બર 2019ના રોજ બપોરે લગભગ 3 વાગ્યે આશીફે ફરીથી 4.16 લાખ રૂપિયાની લોનની માંગ કરી હતી.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**

